# જોગીગીતા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# જોગીગીતા ભાગ - 3

## પરાવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

એવમ્

## શ્રી જોગીસ્વામી સપાદ શતાબ્દી જન્મ જયંતી મહોત્સવના

ઉપક્રમે

## શ્રી જોગીસ્વામી શતાબ્દી દીક્ષા પર્વે


પ્રકાશક

**શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ**

ફરેણી (સ્વામિનારાયણ)

## જોગીગીતા ભાગ - ૩

| | |
|---|---|
| **પ્રકાશક :** | શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ,<br>ફરેણી (સ્વામિનારાયણ) ૩૬૦ ૩૭૦ |
| © | સર્વ હક પ્રકાશકને સ્વાધીન |
| **આવૃત્તિ પ્રથમ :** | ૫૦૦૦ |
| **પ્રકાશન :** | સંવત્ ૨૦૬૯ ભાદરવા સુદી - ૧૧,<br>તા. ૧૬-૦૯-૨૦૧૩ સોમવાર<br>સદ્. જોગીસ્વામી પ્રાગટય દિન એવમ્<br>દીક્ષા શતાબ્દી પર્વ |
| **ટાઈપ સેટીંગ :** | પ.ભ. શ્રી મનિષ ત્રિવેદી - રાજકોટ |
| **પ્રાપ્તિ સ્થાન :** | મહામંત્રપીઠ, ફરેણી (સ્વામિનારાયણ)<br>ફોનઃ(૦૨૮૨૪)૨૮૩૩૮૩/૨૮૩૧૦૮<br>E-mail: farenidham@gmail.com<br>www.farenidham.org |
| **મુદ્રક :** | હરિકૃષ્ણ ગ્રાફીક્સ, અમદાવાદ<br>ફોનઃ૦૭૯-૨૬૪૨ ૧૦૦૮, મો.૯૮૨૫૮ ૫૦૫૫૯ |
| **વ્યવસ્થાપન :** | પાર્ષદ રમેશભગત - ફરેણી |

# નિવેદન

ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને અનેક જીવાત્માઓના આત્યંતિક શ્રેય માટે મનુષ્યતનું ધારણ કર્યું. **યાવતચંદ્ર દિવાકરૌ** જીવાત્માઓનું શ્રેય થતું રહે એવા શુભ હેતુથી મંદિરો, મૂર્તિઓ અને શાસ્ત્રોની દિવ્ય પરંપરા સાથે આચાર્ય, સંત અને સત્સંગીઓની સ્થાપના કરી. તેમાંથી છ મંદિરો પૈકી જૂનાગઢ મંદિરના મહંતપદે **સદ્. ગુણાતીતાનંદસ્વામી**ને સ્થાપ્યા. પોતાના કલ્યાણકારી ગુણોની પણ **સદ્. ગુણાતીતાનંદસ્વામી**માં પ્રતિષ્ઠા કરી. અનેકવિધ સત્સંગ પ્રવૃત્તિઓ કરતા થકા પણ સ્વામી પ્રવૃત્તિઓથી અલિપ્ત રહ્યા અને અખંડ કથાવાર્તા દ્વારા સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને સત્સંગીઓને પણ પ્રવૃત્તિથી અલિપ્ત રાખ્યા. શ્રીહરિની સ્વાભાવિક પ્રકૃત્તિ જણાવતા પ્રેમાનંદસ્વામીએ લખ્યું છે કે,

**"જમતા હરે બોલાય"**

એટલે કે શ્રીજી મહારાજ થાળ જમતા હોય ત્યારે કથા યાદ આવી જાય ને મહારાજને એમ થાય કે હું સભામાં છું અને કથા બંધ થઈ ગઈ છે. એટલે કથા શરૂ કરાવવા માટે **"હરે"** શબ્દનું ઉચ્ચારણ થાળ જમતા જમતા કરતા, એવો કથાનો સ્વાભાવિક ગુણ શ્રીહરિમાં સુખપૂર્વક રહ્યો હતો. એવી જ રીતે **સદ્. ગુણાતીતાનંદસ્વામી**એ પણ કથાવાર્તાનો સોપો પડવા દીધો નથી. એમના શિષ્ય **સદ્. બાળમુકુંદદાસજી સ્વામી**ની સાથે ત્રણ વર્ષ સુધી રહીને **પ.પૂ. સદ્. જોગીસ્વામી શ્રી ધર્મપ્રસાદદાસજીસ્વામી**એ સેવા સમાગમ કર્યો હતો. પ.પૂ. સ્વામીશ્રીમાં અનેક કલ્યાણકારી ગુણની જેમ કથાવાર્તાનો ગુણ સ્વાભાવિક હતો તેથી પૂ. સ્વામીશ્રીએ કરેલી અનેકવિધ વાતો છે. સભામાં તો કથાવાર્તા થતી જ હોય પરંતુ શ્રીહરિની દર્શન સમયની વાતો, ઠાકોરજી જમાડવા વખતની વાતો, સીમની પધરામણીની વાતો, ઘર પધરામણીની વાતો,

રસ્તાની વાતો, અરે ! સવારમાં દંતધાવન કે સ્નાન વખતની વાતો પણ સ્વામીશ્રીના જીવનમાંથી પ્રાપ્ત થાય છે.

આ વાતો પણ પૂ. સ્વામીશ્રીની સાથે વર્ષો સુધી રહેલા સંત હરિભક્તો પાસેથી પ્રાપ્ત થયેલી છે. કોઈએ લેખિત વાતોને જાળવી રાખેલ છે. તો કોઈએ સ્મૃતિપટ પર યાદ રાખેલ છે. પૂ. સ્વામીશ્રી સાથે રહેનારા પ.પૂ. સદ્. શાસ્ત્રી બાલકૃષ્ણદાસજીસ્વામી, પ.પૂ. સદ્. વાસુદેવપ્રસાદદાસજીસ્વામી, પ.પૂ. સદ્. મોહનપ્રસાદદાસજીસ્વામી, પ.પૂ. સદ્. દેવપ્રસાદદાસજી સ્વામી, આદિક સંતો પાસેથી પૂ. સ્વામીશ્રીની લેખિત અને મૌખિક વાતો પ્રાપ્ત થયેલ છે.

એ પ્રમાણે પ.પૂ.સ્વામીશ્રીના કૃપાપાત્ર ગૃહસ્થ સત્સંગીઓમાં જેઠાબાપા, કરશનબાપા, સવજીબાપા, ત્રિકમભગત, જાદવ ભગવાનજીબાપા, નાદપરા જીવરાજબાપા, નાદપરા જીવનભાઈ,

જાદવ રામજીભાઈ, ટાંક વલ્લભભાઈ, ત્રિવેદી શાંતિભાઈ, ભોજાણી છગનભાઈ, સોલંકી નૌતમભાઈ, રાઠોડ ચંદુભાઈ, આદિક હરિભક્તો પાસેથી પૂ. સ્વામીશ્રીની લેખિત અને મૌખિક વાતો પ્રાપ્ત થયેલ છે. જે વાતો પ્રમાણભૂત અને અનુભવ સિદ્ધ છે.

પૂ. સ્વામીશ્રીની હયાતીમાં સ્વામીશ્રીની વાતો પ્રકાશિત કરવાનો નિર્ણય થયો. ત્યારે સર્વે સંતો હરિભક્તોએ પોતે લખેલી વાતો લઈ એકઠા થયા. ત્યારે પૂ. સ્વામીશ્રીએ કહ્યું કે, આપણે તો શાસ્ત્રીએ લખેલી વાતો જ **"સાક્ષાત્ સવિતા"** તરીકે છપાવવી છે અને એ પણ શાસ્ત્રી પોતે જ છપાવવા માટે તૈયાર કરે, પ્રુફ વગેરેનું કાર્ય પણ એ જ સંભાળે.

આવી રીતે પ.પૂ. સ્વામીશ્રીની હયાતીમાં અને સાનિધ્યમાં **"સાક્ષાત્ સવિતા"** ગ્રંથનું પ્રકાશન અને વિમોચન સંવત્ ૨૦૩૩ના કારતક સુદિ-૧૧, તા. ૦૨-૧૧-૧૯૭૬ મંગળવારના શુભ દિવસે

પ.પૂ. સ્વામીશ્રીના કરકમળો દ્વારા થયું. તે વખતે **"સાક્ષાત્ સવિતા"** ખરીદનારા ભક્તો પ.પૂ. સ્વામીશ્રીની સહિ કરાવવા માટે આવતા ત્યારે સ્વામીશ્રી કહેતા કે દરરોજ એક પાનું વાંચશો તો પણ શાંતિ થશે. એમ પ.પૂ. સ્વામીશ્રી આશીર્વાદ આપતા અને અખંડ પાસે જ રહેતા પૂ. શાસ્ત્રીસ્વામી પ.પૂ. સ્વામીશ્રીના બોલેલા દિવ્ય શબ્દો લખી આપતા પછી પૂ. સ્વામીશ્રી પોતાના દિવ્ય હસ્તાક્ષરો આશીર્વાદ રૂપે લખી આપતા. તેથી જ **"સાક્ષાત્ સવિતા"**ના ઉદ્‌ગાતા પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય હસ્તાક્ષર ઘણા ભક્તોને પ્રસાદીરૂપે પ્રાપ્ત થયા છે.

**"સાક્ષાત્ સવિતા"**ની પારાયણ કરવાનો સંકલ્પ પૂજ્ય સ્વામીબાપાએ કરેલ અને એના વક્તાપદે પ.પૂ. સદ્. શાસ્ત્રી બાલકૃષ્ણદાસજીસ્વામી રહે એવા આશીર્વાદ આપ્યા. આથી **"સાક્ષાત્ સવિતા"**ની સપ્તાહ પારાયણ સંવત્ ૨૦૩૩ના ફાગણ સુદિ-૨,

તા. ૨૦-૦૨-૧૯૭૭થી ફાગણ સુદિ-૮, તા. ૨૬-૦૨-૧૯૭૭ સુધી યોજાયેલ હતી. આ પારાયણની પૂર્ણાહૂતિ નિમિત્તે તેની સ્મૃતિમાં અનેક ભક્તોએ પૂ. સ્વામીબાપા પાસે નાના મોટા આજીવન નિયમો લીધા. પૂ. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. જે નિયમ ભક્તો અદ્યાપિ પર્યંત પાળે છે.

આ અરસામાં સંતો, પાર્ષદો અને હરિભક્તો **"સાક્ષાત્ સવિતા"**નું વાંચન અવિરત કર્યા કરતા. અત્યારે પણ **"સાક્ષાત્ સવિતા"**ની પારાયણો અવિરત થયા કરે છે. કેટલાક ભક્તો તો **"સાક્ષાત્ સવિતા"**ના કિરણો કંઠસ્થ પણ કરે છે. પ.પૂ. સ્વામીશ્રીએ ઘણા ભક્તોને કિરણ ૨૧૭મું કંઠસ્થ કરવાની અપ્રેરીત આજ્ઞા કરેલી તેથી ઘણા ભક્તો કંઠસ્થ કરેલા કિરણો પ.પૂ. સ્વામીશ્રીની સાનિધ્યમાં બેસીને બોલતા અને પ્રકાશિત થયેલ **"સાક્ષાત્ સવિતા"**નું વાંચન પણ સ્વામીશ્રીના સાનિધ્યમાં ક્રમશ થયા જ કરતું તેના ઉપર સ્વામીશ્રીએ

અતિશય તલસ્પર્શી વિવેચન કરેલું છે. મહામંત્રપીઠ-ફરેણી ધામ દ્વારા પ્રકાશિત થયેલ **"સાક્ષાત્ સવિતા"**ના ત્રણેય ભાગ અને સ્વામિનારાયણ મંદિર - પીપલાણા દ્વારા પ્રકાશિત થયેલ ભાગ ૧ થી ૬ સુધી તલસ્પર્શી વાંચન અને અભ્યાસ કરીને ઘણા ભક્તો **"સાક્ષાત્ સવિતા"**ના વ્યસની બન્યા છે. છતાંય **"સાક્ષાત્ સવિતા"**નો અભ્યાસ કરનારાના જીવનમાં શ્રીહરિની પરાવાણી વચનામૃત લેશમાત્ર ગૌણ થયેલ નથી એજ **"સાક્ષાત્ સવિતા"**નો અધિકાતિશય મહિમા છે.

**"સાક્ષાત્ સવિતા"**નું શાંતિપૂર્વક પઠન કરનારા સંતો, પાર્ષદો અને સત્સંગીઓએ નિદિધ્યાસ કરીને કેટલાક રહસ્યમય સૂત્રો અને મુદ્દાઓનું સંશોધન કર્યું છે. જેને પ્રકાશિત કરવા માટે પ.પૂ. શાસ્ત્રીસ્વામીએ ''જોગીગીતા'' નામથી પ્રકાશિત કરવાનો સંકલ્પ કર્યો છે. આ રહસ્યમય સૂત્રો પ.પૂ. શાસ્ત્રીસ્વામી સમક્ષ રજૂ કર્યા. જોગીગીતાનું નિવેદન લખનાર

હું (સાધુ જ્ઞાનસ્વરૂપદાસ) તથા પાર્ષદ રમેશભગત તથા પાર્ષદ ભાર્ગવભગત દ્વારા આ રહસ્યમય સૂત્રો પ્રાપ્ત થયા છે. મહામંત્રપીઠ-ફરેણીધામ દ્વારા પ્રકાશિત થયેલ **"સાક્ષાત્ સવિતા"** ભાગ ૩ માંથી આ **"જોગીગીતા"** સંપન્ન કરવામાં આવી છે.

આ **"જોગીગીતા"**નો પાઠ કરનાર ભક્તોને **વચનામૃત, શિક્ષાપત્રી, ગુણાતીતાનંદસ્વામીની વાતો, ગોપાળાનંદસ્વામીની વાતો, નિષ્કુળાનંદ કાવ્ય** આદિક સચ્છાસ્ત્રોનું સંપૂર્ણ રહસ્ય સમજાય એ જ અભિલાષા છે. અન્ય અભિલાષાથી અમો પર થઈએ અને શ્રીહરિ તેમજ સાક્ષાત્ સવિતાના ઉદ્‌ગાતા પ.પૂ. સ્વામીશ્રી અમારા મંડળ ઉપર તેમજ જોગીગીતાના વાંચકો ઉપર સદાય પ્રસન્ન રહે એવી મહામંત્રપીઠાધિપતિ સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદમાં પ્રાર્થના.

**સાધુ - જ્ઞાનસ્વરૂપદાસ**ના
જયશ્રી સ્વામિનારાયણ

"શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્"

# જોગીગીતા

## ભાગ - ૩

- વિમુખનો પક્ષ રાખતો હશે ને ઈ(તે) સત્સંગી કહેવાતો હોય તો પણ એને વિમુખ જાણવો. કિરણ ૩૬૩
- જો પક્ષ રાખે તો ગુંદાળી ગામના બે કાઠી ભક્ત જેવા થઈ ગયા. દાદાખાચર હાર્યે લખ્યા, મુકુંદબ્રહ્મચારીની હાર્યે લખ્યા, મુક્તાનંદસ્વામીની હાર્યે લખ્યા, કઠલાલની ડોસીની હાર્યે(સાથે) લખ્યા, રજપુત ગલુજીની હાર્યે લખ્યા, કુશળકુંવરબાની હાર્યે લખ્યા. કિરણ ૩૬૩

- પક્ષ રાખવામાં જેટલા ગુણ હોય એ જ આડા ફરે, જેટલા ધર્મવાળા હોય તેટલા જ આડા ફરે, જેટલા ભક્તિવાળા હોય એટલા જ આડા ફરે. કિરણ ૩૬૩
- આ કલેવરમાં એટલી બધી આત્મબુદ્ધિ છે કે, આનું જ ભરણ પોષણ કરવાનું સૂઝે છે. કિરણ ૩૬૩
- નિષ્કુળાનંદસ્વામી, ઉનાવાળા રણછોડજી અને સચ્ચિદાનંદસ્વામી તેને ભગવાનમાં સ્ત્રીના જેવું હેત.કિરણ ૩૬૩
- જેને એક સ્થિતિ રહે એને પંચવિષયે કરીને હેત કરવું. પણ જેની સ્થિતિ ફરી જતી હોય તેને પંચવિષયે કરીને હેત કરવું ઈ વ્યાજબી વાત નથી.કિરણ ૩૬૩
- આત્મા કેવો છે ? તો બળે નહિ, સડે નહિ, જાય નહિ, આવે નહિ એવો નિર્વાસનિક છે. કિરણ ૩૬૩

- સહેજે હેત થતું હોય એનું નામ માયા. સમજીને હેત થાય એનું નામ ભગવાનનું હેત. કિરણ ૩૬૩
- એક પૃથ્વી ઉપર છે ને એક આકાશમાં છે. ઓલી સમાધિ થાય પછી કોઈ રીતે સમાધિમાંથી પાછું અવાતું નથી પણ પાછા આવવાના ત્રણ ઉપાય છે. પોતે સમર્થ હોય ને કાં બીજો લાવે ને વાસના હોય તો આવે. કિરણ ૩૬૩
- શુભવાસના રાખતા રાખતા અશુભ વાસના રહી ગઈ તો માથા ભર નરકના ખાડામાં પડ્યા તેમ સમજવું. કિરણ ૩૬૩
- આપણે તો ભગવાનની ઈચ્છા ઈ જ પ્રારબ્ધ. એની ઈચ્છા હોય તો હાથીએ બેસાડે ને એની ઈચ્છા હોય તો ગધેડે બેસાડે. કુંતાજીએ દુઃખ માંગી લીધું એ જ ભક્તનું લક્ષણ છે. કિરણ ૩૬૪
- ભગવાનની ઈચ્છા થાય તો ગમે એટલો રોગ

કીડીથી પણ મટી જાય.કિરણ ૩૬૪

- કહેનારા ઉપર સાંભળનારને હેત હોય તો સ્વાભાવિક પ્રકૃતિ ન ટળે એવી છે તો પણ ટળી જાય. કિરણ ૩૬૪
- સ્વભાવને ટાળવો એટલે ઉત્પત્તિકાળથી બારો છે. પ્રકૃતિવાળો ઉત્પત્તિકાળમાં છે. આ અમારી વાતુમાં કયાંય ટીખળ નથી પણ વૃત્તિ પાછી વાળવાની વાત છે. સંકલ્પ બંધ કરવાની વાત છે.કિરણ ૩૬૪
- પોતાનો દેહ તથા દેહના સંબંધી ને દેહનો વૈભવ એની નિંદા કરે ત્યારે સાંભળનારને એમ થાય કે આને એમાં હેત નથી એટલે સાંભળનાર જુદો પડી ગયો. કિરણ ૩૬૪
- મોટપ મળી એમ થાય તો પાપનો પહાડ મળ્યો જાણે, કાળ સમાન સત્કારને જાણે.કિરણ ૩૬૪
- મિત્ર થઈને મારે એવું શત્રુ ન મારી શકે. કિરણ ૩૬૪

- ગુણને સંતાડવો બહુ કઠણ છે. ઈ વાત સમજવામાં આવશે તો કામક્રોધાદિક જીતવામાં પ્રયાસ નહિ પડે.કિરણ ૩૬૫
- ત્રણ વરસની જૂની ડાંગર ખાવામાં આવે પણ વાવે તો ઊગે નહીં. ઈ વાત ન સમજાય ત્યાં સુધી વિષય રાખના પડીકા ન થાય.કિરણ ૩૬૫
- આ લોકનું સુખ તો ‘ પીપળ પાન ખરંતા હસતી કુપળિયા’ એવું છે. કિરણ ૩૬૫
- પીતાબંરબાપાના દર્શન કરો તો મોક્ષ થાય ને એની સાથે વે’વાર કરો તો જીવ જાય. આ લોક તો શઠ છે, એમાં તો આપણે શઠ જ થાવું પડે. આમ વે’વાર શીખવો. કિરણ ૩૬૫
- વિવેકે સહિત જાણપણામાં રહીને નમ્યો તે સહુને ગમ્યો. કિરણ ૩૬૬
- ભગવાનને સમજવા ઈ પણ એક વર્તમાન છે. કિરણ ૩૬૬

- ભગવાનનો મહિમા સમજવો તે રૂપી તપ, તેણે કરીને પણ ભગવાનને રાજી કરવા. ભગવાનને સંભારતા હોઈએ ત્યારે ભગવાન સાંભરે, કથા કરીએ ત્યારે ભગવાન સાંભરે, પણ કથાવાર્તા કર્યા વિના ભગવાન સાંભરે તો સ્વાભાવિક પ્રકૃતિ કહેવાય. કિરણ ૩૬૬
- રાગ મોટો કે વિતરાગ મોટો ? રાગ એટલે આધિન, પરવશ. વિતરાગ એટલે કાંઈ ન જોઈએ. કિરણ ૩૬૬
- સુખને આધિન થાય ઈ તો બહુ ભૂંડું છે. એક તો સુખ ને પાછો આધિન છે. દુઃખ છે ને દુઃખની પરવા નથી. દુઃખને એમ કહે છે કે, તું દોડીને આવ. કિરણ ૩૬૬
- ભગવાને નથી નિરમ્યું ને એને આધિન થયો છે ઈ તો ફજેતને ફાળકે ચડવાનો છે; હેરાન ગતિએ

ચડવાનો છે; મરવાનો છે. કિરણ ૩૬૬

- પોતાના મુખે પોતાના વખાણ કરે ઈ તો કારીગર છે. ચારણ ભાટ છે. કિરણ ૩૬૬
- આ જગતનું સુખ ભેળું કરીએ તો પણ ભગવાનના રૂંવાડાનાં સુખ આગળ ન આવે. કિરણ ૩૬૬
- સુખ ઓલ્યો લોક ને દુઃખ આ લોક. કિરણ ૩૬૬
- શુભવાસના હોય તો માતાના ઉદરમાં દશ મહિના ન ભોગવવા પડે. કિરણ ૩૬૭
- શુભવાસના રાખતા ઈન્દ્ર કે બ્રહ્મ લોકમાં જવાયું તો પણ માથાભર નરકનાં ખાડામાં પડ્યા એમ સમજવું. કિરણ ૩૬૭
- કથા વાંચતા હો ત્યારે ભગવાન સાંભરે પણ કથા ન વાંચતા હો ને બીજી ક્રિયામાં હોઈએ ત્યારે ભગવાન સાંભરે તો સ્વાભાવિક પ્રકૃતિ ગણાય. કિરણ ૩૬૭

- આપણે નહીં કહીએ તો પણ જો આપણે ભક્ત થયા તો ભગવાનને આવવું જ પડશે. કારણ કે આપણે એના છીએ ને ઈ આપણા છે. કિરણ ૩૬૭
- વાંઝિયાની જેમ દીકરામાં જેવી આત્મબુદ્ધિ છે ને ઈ મરી જાય તેમ અમારું મન સદાય વર્તે છે. કિરણ ૩૬૮
- જ્યારે આ દેહને દુ:ખ થાય ને અકળાય નહિ તો ઈ અવધિબારું સુખ છે. કિરણ ૩૬૮
- મનુષ્યદેહ મળ્યો ને જમપુરી આળસી ગઈ ઈ માણસ કેવડો જબરો ! એને માટે તો ભગવાન આવે છે. એનો મહિમા શેષનારાયણ પણ કહી ન શકે. કિરણ ૩૬૮
- આપણે એક રોગની દવા કરીએ ને માંહીથી બીજો થાય તો સમજી લેવું કે આ રોગ મટવાનો નથી. તાવ આવે તો આવ્યા ભેળી દવા ન કરવી. પણ

ત્રણ ચાર દિવસ આવવા દેવો પછી દવા કરવી. રોગ આવ્યો પણ મોકલનારાની ચિઠ્ઠી આવે તો મટે. કિરણ ૩૬૮

- પાંચ દિવસ વધારે જીવવું ને પોતાની અણસમજણને ટાળવી ઈ જ માયા સુખદાયક છે. કિરણ ૩૬૮
- અંગોઅંગ ભગવાનમય થાય તો અવતારીની દૃષ્ટિ ગણાય. કિરણ ૩૬૮
- 'સ્વાભાવિક રીતે ગઢપણમાં જ્ઞાનના શબ્દ ઓછા થઈ જાય પણ અમને તો વૃદ્ધા અવસ્થામાં જ્ઞાનના શબ્દ વધ્યાં ને વે'વારના શબ્દ ઘટ્યા; ઈ યાદ રહેતા નથી.' કિરણ ૩૬૮
- ભગવાનના સંબંધવાળાના રક્ષણ માટે ભગવાનનો અવતાર છે. એને અર્થે વસતિમાં રહીએ છીએ. એને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ.

તો પણ વનમાં રહેવું એવું નિર્બાધ રહેવાય છે; એનું નામ નિષ્કર્મ ભક્તિ; એનું નામ નિર્બાધપણું કહેવાય; એનું જ નામ ભક્તિ કહેવાય. કિરણ ૩૬૮

- પ્રશ્ન ન આવડતો હોય ને આવડી જાય ઈ ઉપાસનાનું બળ છે. કિરણ ૩૬૮
- બે આંખ, બે કાન, બે નાકના ફોરણા, મોઢું, શિશ્નુ, ગુદા આ નવ નરકના દ્વાર છે. કિરણ ૩૬૮
- મત્સર એટલે શું ? કોઈક લે અને કોઈક દે એમાં ઠાલો ઠાલો બળી મરે. દ્રવ્ય, સ્ત્રી ને સારું સારું ભોજન એ મત્સરના હેતુ છે. કિરણ ૩૬૮
- સંતને માર્ગે ચાલે ને સંત હોય તેનો મત્સર ટળે. સામા સંત હોવા જોઈએ ને સંત મળે તો મત્સર ટળે. કારણ કે નિર્મત્સર એવા જે સંત તે ભાગવત ધર્મના અધિકારી છે. પણ આ તો દેહમાં જ બધુ

માને છે પણ દેહ તો દુઃખરૂપ છે. નાશવંત છે. નરકરૂપ જ છે. કિરણ ૩૬૮

- વિચાર કરો તો ખબર પડે. એકવીસ હજાર છસો ને છ જંપા(સંકલ્પ) ઊઠે છે. એટલા સંકલ્પ વયા જાય એમાં એકેય ભગવાનનું નામ ન આવે ને જગતના જ સંકલ્પ થાય. એનું શું ફળ મળે ? ઢૂંસા ખાંડવાથી શું મળે ? એમ આ જગતનું કાંઈ ભેળું આવવાનું નથી. દેહ તો એક કલાક પણ આપણું કાંઈ રાખવાનો નથી. કિરણ ૩૬૮
- આત્મા તો જાય નહીં આવે નહીં એવો છે. જાડો નથી, પાતળો નથી, સુખરૂપ છે, સત્તારૂપ છે. ચૈતન્યરૂપ છે. પૂર્ણ છે પણ અપૂર્ણપણું દેખાય છે ઈ સાવ અજ્ઞાન છે. કિરણ ૩૬૯
- ભજન કરવામાં કોઈની સામું જોવું નહીં. હું ને મારા સંત ને ભગવાન.બીજા કોઈની સાથે આપણે સાંધો

નથી. ભગવાન અને સંત ભૂલે એવા નથી. આપણે ભૂલી જાઈએ તો ભલે. કિરણ ૩૬૯

- કસ્તુરિયો મૃગ કસ્તુરી માટે દોડે તેમ આ જીવ ભગવાન માટે ફાંફા મારે છે. ભગવાન હોય ત્યાંથી આઘો દોડે એવો આ જીવ છે. કિરણ ૩૬૯
- અહીંથી પ્રકૃતિપુરુષ સુધી બધુંય ઢુંસા થઈ જાય તો કામ થઈ જાય, પણ આ તો ઢુંસાનો જ વેપાર કરે છે. અનુવૃત્તિમાં રહે તો મોટા રાજી થાય. અનુવૃત્તિ છે ઈ જ ભક્તિ છે. કિરણ ૩૬૯
- આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં આખા બ્રહ્માંડનાં જીવનું કલ્યાણ કરીને વયા જાય એટલી તાગાત છે; જો ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થાય તો. કિરણ ૩૬૯
- આ જીવને વિષય એ જ જીવન થઈ ગયું છે. એનું જ નામ, રટણ, ભજન, સ્મરણ છે. કિરણ ૩૬૯

- મળ્યું ઈ મૂકી દેવું ઈ ત્યાગીને લોભની નિવૃત્તિ ને ગૃહસ્થને ન્યાયથી કમાવું ઈ લોભની નિવૃત્તિ કહેવાય. કિરણ ૩૬૯
- ભગવાન આપણા દુઃખ સારું થઈને કેટલી મુશ્કેલી ભોગવે છે ? માટે આપણે જાવું છે અક્ષરધામમાં, પણ સગાવ્હાલા હજારો આડાં આવે એની સામું ભલા થઈને જોતા નહીં હો. એટલું ધ્યાન રાખજો. કિરણ ૩૬૯
- આ લોકમાંથી પ્રીતિ તોડીને પરલોકમાં પ્રીતિ કરે ઈ દેવનો દેવ કહેવાય. કિરણ ૩૬૯
- સ્વરૂપ કોને કહેવાય ? ભગવાન ભજતા હોય, ભગવાનનું સ્મરણ કરતા હોય, ભગવાનનું નામ લેતા હોય, ભગવાનને વંદન કરતા હોય એને ભગવાનનો સંબંધ થઈ જાય એટલે સ્વરૂપ ઘટી જાય. કિરણ ૩૬૯

- કુપાત્ર જીવમાં પ્રીતિ કરો તો બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય. સુપાત્રમાં પ્રીતિ કરો તો બુદ્ધિ પવિત્ર થાય. મન, ઈન્દ્રિયો, અંતઃકરણ એ બધાય કુપાત્ર છે. કિરણ ૩૬૯
- ભગવાનના ભક્તની આજ્ઞામાં વર્તાય તો એકલો ન ગણાય, નહીંતર એકલો ગણાય. કિરણ ૩૭૦
- અવાંતર ઈશ્વરાદિક કોઈને પુરુષોત્તમનો સંબંધ નથી. અહીં તમારે પુરુષોત્તમનો સંબંધ છે. એટલી જ વાત સમજવાની છે. કિરણ ૩૭૦
- સાધન તો એક ભાતુ છે. ભાતુ થઈ રહે ત્યારે શું ? પાછું ઊતરવું પડે. કિરણ ૩૭૦
- જાણપણાનું સુખ જુદું છે. એને કોઈ લૂંટી શકે તેમ નથી; પણ આ લોકનું સુખ તો બધાય લૂંટી જાય એવું છે. મધમાખીની જેમ ચૂંસી લ્યે તેમ છે. ભાદરવો ને ભાદરવો કાયમ ન રહે. જેઠ મહિનો

આવી જાય, તેમ આ લોકનું, ઈન્દ્રિયોનું, અંતઃકરણનું સુખ કાયમ ટકતું નથી. કિરણ ૩૭૦

- ભગવાનનું સ્વરૂપ ઓળખાય તો કામાદિક દોષ ખીલ અને ધાધર જેવા છે. કિરણ ૩૭૦
- મહારાજે પરણવાનું વેન લીધું ત્યારે પર્વતભાઈને અને દાદાખાચરને વાંધો ન આવ્યો પણ જીણાભાઈને ઠીક ન પડ્યું. ભગવાન અને ભગવાનના સંતને જોવામાં લોમવૃત્તિ રાખવી, એનાં દર્શન કરવામાં લોમવૃત્તિ રાખવી. કિરણ ૩૭૦
- ધણીનો રાજીપો થાય તો પોતામાં દોષ છે તો અધિક છે. દોષ નથી અને ધણીનો રાજીપો ન હોય તો કાંઈ નથી. સમજણમાં તો બહુ તફાવત છે. નિર્વિકલ્પમાં તો નિર્દોષ સમજો તો તો નિષ્પાપ થઈ જાવ. કિરણ ૩૭૦
- કૂતરા જેવો કામી હોય પણ ધણીનો રાજીપો થાય

તો નિર્દોષ થઈ ગયો. કિરણ ૩૭૦

- ધર્મે યુક્ત હોય, તપે યુક્ત હોય પણ વૃથા છે જો ભગવાનને દોષિત સમજે તો. માટે પ્રત્યક્ષને નિર્દોષ સમજે તો જ બંધ બેસે. કિરણ ૩૭૦
- તપે જુક્ત હોય, ધર્મે જુક્ત હોય પણ ભગવાનના ભક્તને ખરાબ દૃષ્ટિથી જોતો હોય તે વૃથા છે. વૃથા ટેમ તો નકામી જ છે. ને ઓલો ધર્મે રહિત હોય, ત્યાગે રહિત હોય પણ નિષ્કલંક થઈ જાય. આ સત્સંગ એવો છે કે, તરત જ છોડી મેલે. કિરણ ૩૭૦
- શાસ્ત્રનાં શબ્દમાં આ પેલો શબ્દ છે. 'દોષ એટલા આપણા ને ગુણ એટલા બીજાના છે.' કિરણ ૩૭૦
- સાકારનિષ્ઠા પ્રવર્તાવવા જ સ્વામિનારાયણનો જન્મ છે. સાકારનિષ્ઠા તો પોતે જ પ્રવર્તાવી. કિરણ ૩૭૦

- ગૃહસ્થ બધાય સાંભળજો એક વાત કરું છું કે, પોતાની સ્ત્રી આગળ પણ સાચી વાત ન કરવી. સાચી વાત ન કરો તો ઝેર દ્યે. હવે તમે બધાય કેમ વરતો છો ઈ તો કહેશો કે નહિ ? તો હવે એની આગળ વર્તશો કેમ ? ઈ હું બતાવું. પોષ્યવર્ગ હોય એની આગળ પ્રયોજન પૂરતું બેસવું વધારે ન બેસવું, તેમાં સ્ત્રી પણ તમારો પોષ્ય વર્ગ છે. કિરણ ૩૭૦
- જે માણસ જેવા ગુણે યુક્ત હોય એને એવા કાર્યને વિષે પ્રેરવો. ને આપણે જેની પાસે જેટલું યોગ્ય હોય એટલું જ બેસવું. કિરણ ૩૭૦
- પર્વતપ્રાય નિશ્ચય થઈ જાવો જોઈએ. પર્વત ખેસવ્યો ન ખસે એમ ઈ નિશ્ચય મટે જ નહિ. કિરણ ૩૭૧
- જાણપણું એટલે શું ? જે પદાર્થ જેવું છે એવું જાણવું એનું નામ જાણપણું. કિરણ ૩૭૧
- બધાય મળશે પણ ઘરનું મરી જાય ને સાકર વેંચે

એવો નહિ મળે. ઘરનાની તો માનતા કરતો હોય એમાં સાકર ક્યારે વેંચે ! ઈ હતા એવા અત્યારે મળી જાય તો કામ થઈ જાય. કિરણ ૩૭૨

- મોક્ષના દાતા એવા ભગવાનનું સ્વરૂપ જોઈતું હોય તો આપણા પંડનાં અવગુણ, આપણા પંડના સ્વભાવ દાબવા જોઈએ. ઈ કેવી રીતે દબાય ? તો નેત્રની આગળ પુરુષોત્તમ છે, એનો આશરો ગમે તે ભાવથી ગમે તે લેનથી એને આશરે જાવું જોઈએ. કિરણ ૩૭૨
- માળા ફેરવતા હોય પણ રજોગુણમાં, તમોગુણમાં ને સત્ત્વગુણમાં રહીને ફેરવતા હોય. રજોગુણમાં રહીને જે કર્મ કરે એનું ફળ સ્વપ્ન અવસ્થા, તમોગુણમાં રહીને જે કર્મ કરે એનું ફળ સુષુપ્તિ અવસ્થા અને સત્ત્વગુણમાં રહીને જે કર્મ કરે એનું ફળ જાગ્રત અવસ્થા છે. કિરણ ૩૭૨

- આ સમે સહજાનંદસ્વામી પ્રગટ્યા ન હોત તો મતિયા ને પાખંડી શબ્દની ઝાળ બાંધીને બેઠા છે એમાં જીવને બાંધી દેત. કિરણ ૩૭૨
- વૈરાટમાં ભગવાન રહ્યાં છે પણ ઉપાસના હોય તો મોક્ષને અર્થે થાય. કિરણ ૩૭૨
- અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવમાં તદાત્મકપણે રહ્યા છે, એને રુંવાડે રુંવાડે ભગવાન રહ્યા છે; પણ આશ્રય કરવા યોગ્ય સ્વરૂપ તો વૈરાટથી ન્યારું છે. કિરણ ૩૭૨
- સાકાર સ્વરૂપનું જ વર્ણન કર્યું છે પણ પોતાની ખામી નથી ભાળતો, પોતાના દોષ નથી દેખતો એટલે સાકાર સ્વરૂપ હાથ ન આવે. કિરણ ૩૭૨
- એટલું જ સમજવાનું છે કે, આપણે વાત કરીએ છીએ ને લખનારો લખે છે એમાં કાંઈ ફેરફાર છે કે નથી ? કીડી બની જાય તો રેતીમાંથી ખાંડ હાથમાં

આવે તેમ નીચો થાય, દાસ થાય તો સમજાય. કિરણ ૩૭૨

- ભગવાનનાં માર્ગમાં કોણ સુખી છે ? જેને કાંઈ નથી જોતું ઈ સુખી છે, ભગવાન સન્મુખ વૃત્તિ રાખે ઈ સુખી છે, સમર્થ થકા ઝરણા કરે ઈ સુખી છે, સમર્થ થકા અસમર્થ વર્તતા હોય ઈ સુખી છે. સંસારમાં જેટલા વે'વાર કરે છે ઈ સુખિયા કે વે'વાર નથી કરતા ઈ સુખિયા છે ? ઈ વિચાર કરો તો ખબર પડે. કિરણ ૩૭૪
- આપણે ગરીબ નથી, કારણ કે જ્યારે કામ પડે ત્યારે ભગવાન આપણું કામ પાર પાડે છે. કિરણ ૩૭૪
- નરસિંહ મહેતાની હૂંડીની જેમ આપણા કામ ભગવાન કરી દ્યે છે. તો પણ સંતોષ નથી. તો ઈ થી કેટલુંક સુખ જોતું હશે ! કિરણ ૩૭૪
- સુખનું ઠેકાણું અને ભાગવાની બારી તો એક સારા

સાધુનો સંગ જ છે. તે સંગ મન, કર્મ, વચને કરવો. જેથી કરીને આ જીવને છેલ્લો જન્મ થઈ જાય. કૃતાર્થપણું મનાય જાય. કૃતાર્થપણું એટલે પૂર્ણકામ. કિરણ ૩૭૫

- આત્મારામને કાંઈ ન જોઈએ. અચળ અખંડ ભગવાનનું સુખ તે પણ ભગવાનની ઈચ્છા મુજબ જોઈએ. ને એની ઈચ્છામાં આપણા કર્તવ્ય, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા ને ઉપાસના પણ એની મરજી મુજબ આ લોકમાં દેહ નિર્વાહ ચલાવવા માટે રાખવા છે. કિરણ ૩૭૫
- ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ છે, ભગવાનનાં ભક્ત પણ નિર્ગુણ છે, ભગવાનનું ધામ પણ નિર્ગુણ અને સનાતન છે. તે આપણને પૂર્વનાં ભારે બીજબળ ઉદય થયા છે. આ તો રાંકને રતન મળે એવો અલભ્ય લાભ મળી ગયો છે. માટે આપણે એનાં

ને ઈ આપણા એટલું થાય એમાં બધું આવી જાય. કિરણ ૩૭૫

- જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ હોય તેને જીવતા શું પ્રાપ્તિ ને મર્યા પછી શું પ્રાપ્તિ ? તો ધર્મમાં રહેવાય, માયિક પદાર્થથી વૈરાગ્ય થાય, કથાવાર્તાથી દિવસ-રાત્રિ વીતે, સાક્ષાત્ પોતાનાં આત્માનું બ્રહ્મસ્વરૂપે દર્શન થાય. કિરણ ૩૭૫
- માયિક સુખની માન્યતા એનું નામ મન. જે પદાર્થ જેવું છે એવું જાણે ઈ જનકની સમજણ છે. કિરણ ૩૭૬
- કેટલાકમાં ખામી છે ને કેટલાકને ભૂંડા દેશકાળથી ખામી દેખાણી છે. પણ જો જનકની સ્થિતિ થાય ને પદાર્થની કિંમત થાય તો એને મોહ ન થાય. આમાં આટલું સુખ છે ને આ સુખ પાછળ આટલું દુઃખ છે. મેળવવામાં દુઃખ છે, પાર પાડવામાં દુઃખ છે

ને ભોગવવામાં દુઃખ છે. કિરણ ૩૭૬

- સદ્‌વાસનાવાળો હોય તો માતાના ઉદરમાં રહેવું ન પડે. અસદ્‌વાસનાવાળાને દશ મહિના માતાનાં ઉદરમાં રહેવું પડે. દેહ તો બેય જણાં ધરે. ને જ્ઞાની હોય તેને પણ દેહ ધરવો પડે. પણ માતાનાં ઉદરમાં ન ઝૂલવું પડે. આની કોર દેહ મેલે ને આની કોર જન્મ થાય ઈ સદ્‌વાસનાવાળો કહેવાય. કિરણ ૩૭૬
- હઠ ને વળી માન ને પાછી ઈર્ષ્યા હોય એટલે જેવા છે એવા ખબર નથી તેથી અવગુણ આવે છે. ગર્વનર ખુરશી નાખીને બેઠો હોય ને ત્યાં કોઈ ગરીબ જાય ને ન બોલાવે તો શું દુઃખ થાય છે ? નથી થાતું. કારણ કે એની મોટાઈ જાણી છે, તો ભગવાન સન્મુખ છે, ભગવાનના સંબંધવાળા છે, ને જે વિષયસુખ સારું જીવ વલખા નાખે છે. ઈ

સુખનો તેણે ત્યાગ કર્યો છે. એવા છે એમ જાણે તો અવગુણ ન આવે. કિરણ ૩૭૬

- કલ્પ આખો સુધી ભગવાન સામું જોઈએ રાફડો થઈ જાય પણ નિષેધ કર્યા વિના વિષય ન ટળે. માટે નિષેધ તો કરવો જ પડે. કદાચિત સાધને કરીને નિર્વાસનિક થાય પણ ઈ તો ઝાડવા જેવો છે. વાસના છે ને ભગવાનનાં સ્વરૂપની નિષ્ઠા છે તો પણ એનો શો ભાર છે ! કિરણ ૩૭૬
- માળા ફેરવતા હોય ત્યાં સુધી પણ ભગવાન સાંભરતા નથી, તો બીજી ક્રિયામાં તો ક્યાંથી સાંભરે ? માટે જાણપણું હોય ત્યાં સુધી જ ભગવાન સાંભરે છે. ભગવાનનું સુખ જેવું છે એવું હાથ આવ્યા પછી ઉદાસ થાવું ઈ બરાબર છે. પણ ઈ સુખ હાથ ન આવ્યું હોય ને ઉદાસ થઈ જાય ઈ ખરાબ કહેવાય. કિરણ ૩૭૬

- ‘જેના દર્શનમાં અનંત સાધન સમાયેલા છે, તે દર્શને કરીને જેણે પોતાનું કલ્યાણ માન્યું હોય તેને ભજનમાં, ભક્તિમાં આળસ પ્રમાદ છોડીને જેમ ભગવાન તથા સંત જેમ વાળે તેમ વળવું એ મોક્ષનું અસાધારણ સાધન છે. તે સાધન જેને હાથ આવ્યું તેને મોક્ષનું બારણું ઉઘાડું થાય છે. માટે આ અવસર મળ્યો છે તે ભૂલવો નહિ. માટે ભજનમાં વળગી પડવું. કિરણ ૩૭૬
- ભગવાન રહે ઈ ભગવાનનું ધામ. ભગવાન જ્યાં રહેતા હોય ત્યાં ધામ કહેવાય. ભગવાનનો ભક્ત પણ ત્યાં જ હોય, ભગવાનનું સુખ પણ ત્યાં જ હોય, ભગવાનનું અલૌકિકપણું પણ ત્યાં જ છે. કિરણ ૩૭૭
- આ લોકમાં પરલોકની સ્થિતિ શું છે ? દુઃખ છે જ નહિ, દુઃખની વાત કોઈને ન કરે ઈ પરલોકની

સ્થિતિ છે. ઈશ્વરાનંદ બ્રહ્મચારી કહેતા કે, જેને એકાંતિક હાથ આવે એને જ ભગવાન હાથ આવે. કિરણ ૩૭૭

● લોઢાને જેવું પાણી પાય એવું આકરું થાય, તેમ જેવા ગુરુ કરે એવું દૈવત આવે. આપણે સ્વામિનારાયણનાં થયા એને પાણી આકરું જોઈએ. કોઈની છાયામાં દબાય જ નહીં તો જ સ્વામિનારાયણિયો કહેવાય. કિરણ ૩૭૭

● આ જીવને ઊંઘવાનું શું સુખ હશે ? કાંઈ ખબર પડતી નથી. સ્થિર થઈ જાય. ઊંઘ છે ઈ સ્થિર થઈ જાવાનું ઠેકાણું છે. ભગવાન સંબંધી સંકલ્પ થાતા હોય ને કદાચ જાગતા હોઈએ તો ઊંઘ ન પીડે ને ઓલાને ઊંઘ પીડે એટલો ફેર પડે. કિરણ ૩૭૭

● આત્માને વિષે સ્થિતિ ઈ પણ સ્થિતપ્રજ્ઞ ને પરમાત્માને વિષે સ્થિતિ ઈ પણ સ્થિતપ્રજ્ઞ છે. પણ

ઓલી જીવસત્તા છે ને ઓલી નિર્વિકલ્પ સમાધિ છે. કિરણ ૩૭૭

- વિષયની નિવૃત્તિ કરવી હોય તો નિયમથી વિષયની નિવૃત્તિ થાય અથવા તો વૈરાગ્યે કરીને વિષયની નિવૃત્તિ થાય અથવા તો જ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય એમાં સરસમાં સરસ નિયમવાળો છે. કિરણ ૩૭૭
- નિયમથી અક્ષરધામમાં જવાય છે. નિયમ છે ઈ ભગવાનમાં પ્રીતિ કરવાનું સાધન છે. નિયમ છે ઈ જ નિસરણી છે. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં ભજન કરવું. 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ.' કિરણ ૩૭૭
- મન રૂપી ચોર છે. એને પકડવો હોય તો નિયમ રાખવું, ભજન કરવું. ભજન છે ઈ કરવત છે એનાથી પાપ કપાય છે. કિરણ ૩૭૭

- નિયમવાળાને અન્ન ન ખૂટે, માટલીમાં ન ખૂટે, પટારામાં ન ખૂટે, ખલેસા(ઝોળી) માંથી પણ ન ખૂટે એવો નિયમવાળાને આશીર્વાદ છે. કિરણ ૩૭૭
- રાણો રાજગર તો અક્ષરધામમાં ગયો પણ માતાને સાથે લઈને ગયો. એવી અલૌકિક સ્થિતિ છે. કિરણ ૩૭૮
- અંત સમો તો બહુ જ વિકટ મામલો છે, સમુદ્ર જેવો છે, ત્યાં બીજુ કાંઈ કામ આવતું નથી, ત્યાં તો ઉપાસના જ કામ આવે છે. ઉપ આસન સો ઉપાસના. આપણાથી ચડિયાતા હોય એને દુઃખમાં ભાગ દઈ દેવો; એવી ઉપાસના છે. ચડિયાતા કોણ ? ભગવાન અને ભગવાનના ભક્ત છે ઈ ચડિયાતા છે. કિરણ ૩૭૮
- સાધુ નિયમ ધરાવે એટલે જમપુરી આળસી જાય પછી એક જન્મ-મરણ ઊભુ રહે છે. એવી મોટી

પ્રાપ્તિ થઈ છે. જમપુરી આળસી ગઈ ઈ કેવડી પ્રાપ્તિ છે ? ઈ વિચાર કરો તો ખબર પડે. લાધાબાપા કહેતા કે, સોનાનો દરવાજો છે પણ છે તો જમપુરી. કિરણ ૩૭૮

- જન્મમરણ કેમ મટે ? ભગવાનનો ભક્ત થાય એટલે જન્મમરણ મટી જાય. પાછો વળે એટલે જન્મમરણ મટી જાય. જન્મમરણ અળસાવવાને માટે આ લોકમાંથી નિવૃત્તિ થાય એટલે જન્મમરણ આળસી જાય. કિરણ ૩૭૮
- આજ્ઞા પાળે તે સંતનું સ્વરૂપ, ને દેશકાળે સ્થિતિ રહે તે ભગવાનનું સ્વરૂપ. કિરણ ૩૭૮
- જીવ પ્રાણી માત્ર વિષયને આધારે જીવે છે. બહાર જોગ ન હોય તો ચિત્તમાં વિષયનું ચિંતવન કરે ને જેને વિષયનું ચિંતવન ન થાય ઈ તો દેવનો પણ દેવ છે. કિરણ ૩૭૯

- મોટાનો અવગુણ તો ક્ષય રોગ જેવો છે. તપ કરીને સૂકાય જાય તો પણ ભગવાનનું ધામ ન મળે, પણ ગુણ લ્યે તો ધામ મળે. કિરણ ૩૭૯
- સારામાં સારું શું ? ને ભૂંડામાં ભૂંડું શું ? સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુ ઈ થી બીજું કાંઈ સારું નથી ને સારું સમજવાનું પણ કાંઈ નથી. ને મનુષ્યભાવ એને વિષે આવે એ જ ભૂંડામાં ભૂંડું. કિરણ ૩૭૯
- મોર્યે(પહેલા) તો શ્રીજી મહારાજનો અનેક પ્રકારનો રાજીપો હતો ને હાલ અત્યારે શેમાં રાજીપો છે ? ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું, તેમ મહારાજનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને આ સાધુનું સ્વરૂપ પણ નિર્દોષ સમજવું. નિર્દોષ સમજવા જેવો કોઈ જબરો ઉપાય વધવાનો નથી. કિરણ ૩૭૯
- સત્સંગ સમજાણો તો છે પણ આ લોકનાં

પંચવિષયનાં સુખ દમઘોષનાં દીકરા જેવા છે, પણ આપણે તો વધતા જાઈએ છીએ. તેથી કરીને આપણે કરવું કાંઈ રહેતું નથી. ભલે દોષ છે પણ વધતા જાઈએ છીએ એટલે કરવું કાંઈ રહેતું નથી. દોષ ગમે તેટલો જોર કરતો હોય પણ વધતા જાઈએ છીએ એટલે નિર્ભય થઈ ગયાં. કિરણ ૩૭૯

- કાંઈ ન જોતું હોય ને વાતુ કરે, ખાવું ન હોય ને રસોઈ કરવા જાય, રહેવું ન હોય ને મંદિર કરે, ઈ બધુંય નિષ્કર્મરૂપ નિઃસ્વાર્થ ગણાય. કિરણ ૩૮૦
- આ લોકમાં ભગવાન ન ભૂલે તો માયાને ભૂલી જાય, તો શૂન્ય સમતા ગણાય. ન ભૂલે ઈ જ ભગવાનનું સુખ. પાછીવૃત્તિ વાળે ને ન ભૂલાય તો માયા. ને પાછીવૃત્તિ ન વાળે તોય ભૂલાય જાય ઈ ભગવાનનું સુખ છે. કિરણ ૩૮૦
- આસક્તિ છે ઈ આ લોક છે ને આસક્તિ રહિત

વર્તવું ઈ પરલોક છે. કિરણ ૩૮૦

- સત્સંગનો જેટલો મહિમા સમજો, એટલું સુખ સમજો એટલું આપણને આપી દ્યે ઈ સુવાંગ મૂડી થઈ ગઈ. પણ એમાં તો ટાંગા ભાંગી ગયા છે. ને સંચારા સુખમાં દોટ મૂકી છે. કિરણ ૩૮૦
- અક્ષરધામમાં જાવા માટે ન્યાય કરનાર પૃથ્વી પર હોવો જોઈએ. ભગવાન તો ગમે ઈ રૂપે તેડવા આવે. પણ મનાય જાવું જોઈએ. કિરણ ૩૮૦
- સત્પુરુષનો મહિમા જાણ્યા વિના આત્માને વિષે સ્થિતિ ન થાય ને આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા ન જણાય. કિરણ ૩૮૨
- વર્તમાન ધરાવ્યા એટલે જમપુરી તો આળસી ગઈ પણ ગર્ભવાસ ઊભો રહ્યો. કિરણ ૩૮૨
- જ્યાં ઘાટ થાય ત્યાં ભગવાનને સંભારવા. જે ચીજ સાંભરી તેનો મહિમા સમજવો જોઈએ. મહિમા

દેખે તો સંકલ્પ ઓગળી ગયો. કિરણ ૩૮૨

- પદાર્થ જોતું જ નથી તેને ક્યાં કાંઈ વાંધો છે. કિરણ ૩૮૨
- મહારાજ કહે કે, અમારું ખાવું, પીવું, ઓઢવું, પહેરવું ઈ ભક્તને માટે છે. ઈ ભગવાનનું સુખ છે અને પંચવિષયનું સુખ છે ઈ વિમુખનું જ છે. પંચવિષય મળી જાય તો મૂકાય નહીં એવા છે. મળ્યા ને મૂકી દેવા ઈ મોટી વાત છે. ન મળે તો તો ઘણાય બ્રહ્મચારી હોય, મળે ને બ્રહ્મચારી થાવું ઈ જબરી વાત છે. કિરણ ૩૮૨
- જે થકી મોટો સ્વાર્થ સરતો હોય એને બુદ્ધિમાન કહ્યો છે જો એનો અવગુણ ન લ્યો તો; એમ ગોપીઓને સંશય ન થયો. ને ઉદ્ધવજીને પણ કુબ્જાને ઘરે તેડી ગયાં ત્યારે સંશય ન થયો. માટે સ્વાર્થી હોય તેને અવગુણ ન આવે. બુદ્ધિમાન હોય

ઈ અવગુણ ન લે. સ્વાર્થ સરે છે પછી ઈ અવગુણ ન લે પછી ભલેને ગાય ઓખર કરતી હોય, પાટા મારતી હોય. કિરણ ૩૮૨

- આ જીવને આ લોકમાં રહીને પરલોક આપી દ્યે એવા છે; એનો અવગુણ કેવી રીતે લેવો ? એને કેમ ખરાબ કહેવા ? એમ બુદ્ધિમાન હોય એણે વિચાર કરવો. માટે ભગવાન તે ભગવાન, એને વિષે ભાગ ત્યાગનો માગ નથી. કિરણ ૩૮૨
- જો ભગવાનના ભક્તને ભગવાન સિવાય બીજા પદાર્થમાં હેત થઈ જાય તો એના જેવું બીજું પાપ નથી. કિરણ ૩૮૨
- ભગવાન તે ભગવાન એમાં ભાગ ત્યાગનો માગ નથી. આપણા શાસ્ત્રમાં એમ કહ્યું છે કે, ભગવાનના સંબંધને પામ્યા સેવક કે પદાર્થ એનો પણ એવો ને એવો જ મહિમા સમજવો. તો ભગવાનનો મહિમા

તેની શી વાત કરવી ? કિરણ ૩૮૨

- જાવું છે અક્ષરધામમાં ને ભગવાનના ભક્તની સાથે દ્વેષ રાખે છે; ઈ વાત કેમ બંધ બેસે ? હું એમ જાણું છું કે, આ મંદિરનો આરસ પાથર્યો ત્યારે મારો વૈરાગ્ય જુદો હતો. વનમાં વયા જાઈએ ને દેહને પાડી નાખીએ એવો ઠેરાવ હતો; પછી નારાયણદાસજીસ્વામી પાસેથી સત્સંગની લેન સમજાણી પછી ભીડો સારો લાગવા માંડ્યો. કિરણ ૩૮૨
- ભગવાનના સ્વરૂપની નિષ્ઠા એ સમાન બીજું કોઈ બળવાન સાધન નથી. નિષ્ઠા એટલે શું ? એના ગુણ એના ચરિત્ર ને એના અલૌકિક આચરણ જાણી આશરો થાય, વિશ્વાસ થાય ને પછી તેને શરણે થાય તો છેલ્લો જન્મ થાવામાં કાંઈ વાંધો નથી. કિરણ ૩૮૩

- મારે દૃઢ વિશ્વાસે રહે તેની સેવા હું કરુ છું. તેના તમામ દુષ્કર્મોથી તેમને નિષ્પાપ કરું છું. માટે આશરા જેવું કોઈ મોટું સાધન નથી. કિરણ ૩૮૩
- જો સાધને કરીને કલ્યાણ થતું હોય તો રાફડા થઈ ગયા તે પણ પસ્તાણા છે ને અર્જુનને દયાળુ લખી નાખ્યા જો કૃષ્ણના વચનમાં વિશ્વાસ હતો તો. ભગવાનના ભક્તનો ભીડો વેઠાય એટલો નિશ્ચય છે; બીજાને તો હું કે'તો નથી કે એને નિશ્ચય છે. 'અમે જૂના છીએ એટલે આટલી અવસ્થાએ પણ ગામડામાં ફરવું કઠણ નથી પડતું, દોરીને લઈ જાય તોય જાઈએ છીએ. કિરણ ૩૮૩
- સુખ નથી જોતું એવા પુરુષ મળે ત્યાં એકાંતિકપણું લખ્યું. સુખ નથી જોતું ઈ તો વિચાર કરો. જગતનું સુખ નથી જોતું ઈ જ ભગવાનનું સુખ છે. કિરણ ૩૮૪

- દેહને સુખે સુખિયો છે એને અક્ષરધામમાં પણ સુખ નથી મળવાનું. સુખ નથી જો'તું એવો એક તો ગોતી કાઢો. જેને એકાંતિક હાથ આવે તેને જ ભગવાન હાથ આવે એટલી જ શ્રુતિ ઈશ્વરાનંદ બ્રહ્મચારી બોલતા. કિરણ ૩૮૪
- સારો માણસ આપણો પૂરાવો થાશે; એની બેઠક ગમશે ત્યારે આપણે સુખિયા થાશું. નહીંતર બ્રહ્માંડનું રાજ મળશે તો પણ સુખિયો નહિ થાય. આપણે ખરાબ છીએ એટલે આપણે સારા ગોતવા; આ તો મારા અનુભવ પ્રમાણે કહું છું. આ વ્યક્તિ સારામાં સારી છે, એમ ઉત્તરોત્તર છે; એ કરતા પણ આ કલેવર સાવ નઠારું છે. સાવ ખરાબમાં ખરાબ છે. જો આ કલેવર ખરાબ થાય તોજ સારામાં સારો જડે નકર સારો ન જડે. તો જ સત્સંગ જેવો છે એવો જણાય તો જ મહિમા સમજાય. કિરણ ૩૮૪

- મનમાં અફસોસ રહે તો સો મણ તેલે અંધારું કહેવાય. કિરણ ૩૮૪
- જેટલી ટેમ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખી એટલી ટેમ લેખે લાગી. જેમ નદીમાં પૂર આવ્યું પણ સમુદ્રમાં મળી ગયું; તેમ આવરદા એવી છે. પાણી વિનાનાં કૂવામાં નાખે એવી જુવાની અવસ્થા છે. કિરણ ૩૮૫
- ભજન કરવત છે. પાપનો ક્ષય કરી નાખે એવું છે. 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ઉચ્ચે સ્વરે ગાય, યમદુત લાગે તેને પાય.....' એવું ભજન છે. ભૂતડું પણ ધુણવા માંડે, કામ ને ક્રોધ. ઈ બધાય ભાંભરડા નાખે એવું ભજન છે. દેહથી બારું નીકળીને ભજન કરવું. ઊંચે સ્વરે નિર્લજ થઈને તાળી વગાડીને ભજન કરવું; તો કામ ક્રોધાદિક ચોર ભાગી જાય. કિરણ ૩૮૫

- કુવાડાથી ચંદનના લાકડાને કાપે છે પણ ચંદન તો સુંગધ આપે; એમ ભગવાનના ભક્ત એવા છે. આમ વિચાર કરો તો ખબર પડે. કિરણ ૩૮૫
- ૭ મહિનાનું છોકરું હોય એને વર્તમાન ધરાવે ને જમપુરી આળસી જાય; એવો આ સત્સંગ છે. કિરણ ૩૮૫
- જનના અવગુણને નાથ ગણતા નથી એવા છે. પણ મનાય તો થાય. કિરણ ૩૮૫
- કુસંગનો જોગ થાય ને જોબન અવસ્થા હોય તો ભૂંડા હાલ છે. કુસંગનો જોગ કરે તો સત્સંગનો અવગુણ ઘાલી દ્યે. કિરણ ૩૮૫
- ભગવાન સ્વામિનારાયણ અને મોટાની કૃપા થાય ત્યારે પોતાની ભૂલ ઓળખાય. ‘‘સામાનો ગુણ દેખાય તો જ સત્સંગ ઓળખાણો’’. કિરણ ૩૮૫
- રામ છે ત્યાં કામ નથી ને જ્યાં કામ છે ત્યાં રામ

નથી. ત્યાં રામનું સ્વપ્ન પણ ન આવે. કિરણ ૩૮૬

- ભગવાન સામુ જોઈએ તો આ જગત ભૂલાય જાય ને જગત સન્મુખ જોઈએ તો ભગવાન ભૂલાય જાય. કિરણ ૩૮૬
- અજ્ઞાનરૂપી તાવ આવ્યો છે. વિષયરૂપી લાડુ ખાય તેનું કલ્યાણ શી રીતે થાય ? દુર્વાસા બની જાય તો બંધ બેસે. કિરણ ૩૮૬
- ભગવાન તો ઉત્પત્તિકાળે, પ્રલયકાળે એવા ને એવા જ છે; ને ભક્તની દૃષ્ટિએ સાક્ષાત્ છે. જેવા માયામાં છે એવા જ પ્રત્યક્ષ છે. ત્રણ ગુણથી પર છે; ને ગુણમાં આવ્યા તોપણ એવા જ છે. એનો સ્વભાવ આપણાં સ્વભાવનો નાબૂદ કરવા માટે છે. કિરણ ૩૮૮
- આવા ભગવાન આ પૃથ્વી ઉપર મળ્યા છે તે કોઈ દિ મળ્યા નથી ને મળશે પણ નહિ. માટે અર્થ

સાધયામિ કે દેહં પાતયામિ. 'દાસનાં દુશ્મન હરિ કદી હોય નહિ, જેમ કરશે તેમ સુખ થાશે.' અનંત કળાયે યુક્ત છે. અનંત રીતે આપણી સામું જોઈ રહ્યા છે. ઈ આપણાં સ્વભાવને ટાળવા આવ્યાં છે. કિરણ ૩૮૮

- ભગવાનનું સ્વરૂપ હાથ આવી ગયું. માટે ઠરવાનું ઠેકાણું ને ભાગવાની બારી તો સારા સાધુનો સંગ છે. કિરણ ૩૮૯
- આ યાદ રાખવા જેવું છે. આ સભા જુવે તો એને સત્સંગ થઈ જાય; અહંકાર ટળી જાય; મમત્વ ગળી જાય. ઈ ભગવાનના સ્વરૂપમાં આસક્ત હોય એની વાત છે. કિરણ ૩૮૯
- અનંત ટેમને જાતી કરીને ભગવાન પ્રગટને આશરે જાવું. એમાં સુખ છે. બાકી તો દુ:ખનું ઘર છે. માટે ઠરવાનું ઠેકાણું ને ભાગવાની બારી સારા સાધુનો

જોગ છે. એવો જોગ જેને પ્રાપ્ત થયો તેને કાંઈ અધૂરું નથી. કિરણ ૩૯૦

- સ્વભાવ મૂકે તો સાધુનો રંગ લાગ્યો કહેવાય; નહીંતર રંગ નથી લાગ્યો. જીવમાં ભગવાન ઊતરે તો જ જગત સંબંધી પદાર્થમાંથી હેત મટે. કિરણ ૩૯૧
- વે'વાર તો પાછલો દરવાજો છે. ઈ કાંઈ સુધરે નહિ. કોલસો દૂધ ધોવાથી ધોળો થતો નથી; માટે વિચાર કરો તો ખબર પડે. કિરણ ૩૯૧
- સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર હતા ત્યારે સાવ સે'લું પ્રાયશ્ચિત હતું; દર્શનથી જ પ્રાયશ્ચિત. એના સાધુ પણ એવા જ હતા; એના હરિભક્ત પણ એવા જ હતા. દાદાખાચર, ગોરધનભાઈ, પર્વતભાઈ, ઝીણાભાઈ એને સંભારો ત્યાં જ મોક્ષ થઈ જાય. સત્સંગ ઓળખાણો એને પણ એવો જ સમય છે. કિરણ ૩૯૧

- આ લોકનું જ્ઞાન છે એવું જ પરલોકનું જ્ઞાન થાય ત્યારે પ્રમાદ જાય. આ લોકનું જ્ઞાન છે એવું પરમાત્માના જ્ઞાનમાં જાણપણું રહે ત્યારે મોહ જાય. કિરણ ૩૯૨
- આ ગામ ગોકુળિયું છે. સમજાય કે ન સમજાય. દોષ જાય કે ન જાય, પણ અક્ષરધામમાં જાવું છે. દોષને દોષ જાણ્યો પછી એની ભેળું કઈ રીતે રહેવાશે ? દોષને દોષ જાણ્યો ઈ એક પ્રકાશ છે. કિરણ ૩૯૨
- આ ત્રણ વસ્તુ ભેળી જ રહે છે. અક્ષર, મુક્ત ને પુરુષોત્તમ. બ્રહ્મરૂપ થાવું ઈ મુક્તપણું છે ને અક્ષરની સ્થિતિ છે ને પુરુષોત્તમ તો પુરુષોત્તમ જ છે. કિરણ ૩૯૨
- હિંમત આવી જાવી જોઈએ. એને પણ એકાંતિક લખ્યો છે. કિરણ ૩૯૨

- નિઃસ્પૃહી વર્તમાન એટલે શું ? પ્રારબ્ધનું મળ્યું; એનો પણ બળાત્કારે ત્યાગ કરી દેવો, પણ ઈ બહુ કઠણ છે. કિરણ ૩૯૨
- સ્વભાવવાળો તો જીવે છે તો ય મરી ગયો છે. પણ કથા વાર્તા કરતો હોય તો સ્વભાવ ટકી શકે નહિ; ને જો સ્વભાવ રહી જાય તો એણે ભગવાનને અને સાધુને ઓળખ્યા જ નથી. ગમે તેમ હોય ઈ આપણા સ્વભાવના વેરી છે. કિરણ ૩૯૨
- નિશ્ચય કર્યો તેમાં સંશય થાય એનું નામ સવિકલ્પ ને એમાં સંશય ન થાય એનું નામ નિર્વિકલ્પ કહેવાય. કિરણ ૩૯૩
- કાંઈ ન જોઈએ એનો અવગુણ કોઈને ન આવે. એનું નામ બહાર કળિયુગ આળસી ગયો કહેવાય. કિરણ ૩૯૩
- મારા માબાપનું શું થાશે ? એમ વિચાર કરે તો

સાધુ ન થઈ શકે. સાધુ થઈને ભજન કરે તો તે અંતર્યામી પરમાત્મા માબાપનું પોષણ કરવાનાં જ છે. ધર્મકેશવદાસસ્વામીના ભાઈઓને ખાવા ધાન ન હતું; ધર્મકેશવદાસસ્વામી સાધુ થયા પછી એના ભાઈઓ સુખી થઈ ગયા. કિરણ ૩૯૩

- પૂર્વનાં હોય તેને તરત જ હેત થઈ જાય; ને કામ ક્રોધાદિક તો કદાચિત રહે પણ નિશ્ચયમાં ડગમગાટ ન થાય ઈ પૂર્વનાં કહેવાય. કામ ક્રોધાદિક છે ત્યાં સુધી જન્મમરણ નિવૃત્તિ નથી પામ્યા પણ મોક્ષ થઈ ગયો છે. કિરણ ૩૯૬
- જગત સંબંધીનો ત્યાગ કરે ને ભગવાન સંબંધીને ગ્રહણ કરે એનું નામ કલ્યાણ કહેવાય. કિરણ ૩૯૬
- માયા છે અનાદિ પણ જ્યાં સુધી પોતામાં હોય પણ સાધુ સંગ થયો એટલે કલ્યાણ થઈ ગયું પણ જન્મમરણ ઊભું છે. એક વૈરાગ્યનું લક્ષણ તુચ્છ,

અસાર અને નાશવંત લખ્યું. જ્ઞાનમાં કાંઈ બાકી ન હોય પણ એનો ત્યાગ ન કરે. ને બંધન ન કરે તો જ્ઞાનનું અંગ ઘટે. બંધન કરે તો જ્ઞાન ઘટતું નથી. પોતાને બંધન ન થાય તો જ્ઞાન કહેવાય. કિરણ ૩૯૬

- જે વસ્તુ જેવી છે એવી સમજાણી પછી એમાં મોહ શેનો ? જે વસ્તુ જેવી છે એવી સમજાય ઈ જનકની સમજણ ગણાય. કિરણ ૩૯૬
- સામાનો અવગુણ આવે તો એમ વિચારે કે એના કરતા આ કલેવરમાં વધારે દોષ છે; એમ વિચારે એટલે અવગુણ આવ્યો ઈ ટળી જાય. આ દેહ કરતા તો ભગવાનના ભક્ત સારા છે. કિરણ ૩૯૬
- આ સત્સંગ બહુ જબરો છે, બહુ કિંમતી છે, અવધિબારી એની કિંમત છે. બહુ અદભુત છે, એનો મહિમા ન સમજાય તો ફાટી લંગોટીમાંથી પણ હેત ન મટે. ને સત્સંગનો મહિમા સમજાય તો

ઈ કાંઈ કઠણ ન પડે. કિરણ ૩૯૬

- અમારા અંતરનું રહસ્ય શું ? તો નેત્ર મીંચીને ભગવાનનું ભજન કરીએ એવું સુખ તો ત્રિલોકના રાજમાં નથી. માટે ભગવાનના સુખની આગળ ચૌદ લોકનું સુખ નરક જેવું છે. કિરણ ૩૯૬
- ભગવાનના ભક્તનો સંગ ને ભગવાનના માહાત્મ્યે જુક્ત સ્વરૂપનિષ્ઠા ઈ બે જ રહસ્ય છે. કિરણ ૩૯૬
- રહસ્ય શું અને સિદ્ધાંત શું ? ગમે તેવો બુદ્ધિવાળો હોય ઈ હા પાડી દ્યે એનું નામ રહસ્ય. મનમાં રાખવાની વાત, ધારવાની વાત ઈ સિદ્ધાંત. ઈ કોઈને આપી દેવાની વાત નથી. કિરણ ૩૯૬
- ટેમ આવે ત્યારે દુઃખમાં ભાગ લે તો સાચું હેત કહેવાય. કિરણ ૩૯૬
- એમ આ ચોપડીમાં કોઈની નિંદા કરી નથી. વચનામૃતની યાદી હોય એને માટે બરાબર છે.

નહીંતર તો પાડાની આગળ જંતર વગાડ્યા જેવું છે. કિરણ ૩૯૬

- પરલોકનું ન બગડે એનું ધ્યાન રાખજો. ને પરલોક બગડે તો બધુંય બગડ્યું. અને પરલોક સુધરે તો બધુંય સુધર્યું. આ સત્સંગમાં એટલા માટે જ આવ્યાં છીએ. અહીંયાં મોટપ ભોગવવા કે કોઈની ફરિયાદ કરવા આવ્યા નથી. કિરણ ૩૯૬
- કાંઈ વાંક આવે તો આપણે માથે ઢોળી દ્યે. આપણે તો એટલું જ કહેવાનું છે કે મોક્ષ બગડવા ન દેવો. આ સત્સંગમાં જ મોક્ષ થાવાનો છે. કિરણ ૩૯૬
- જેમ હળખેડમાં ઢેફું ગોતવું ન પડે તેમ ભગવાન પણ ગોતવા ન પડે. ઈ આપણને નહિ ભૂલે, નહિ ભૂલે, નહિ જ ભૂલે. કિરણ ૩૯૭
- આપણું સુધર્યું એટલે પૃથ્વી આખીના માણસનું સુધરી ગયું. આખા બ્રહ્માંડના જીવને જમાડવા

એના કરતા એક ભગવદીય ને જમાડવો અધિક છે. ત્રીસ લક્ષણ મેળવવા ઈ પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે. ને ત્રીસ લક્ષણવાળા સાધુમાં જોડાઈ જાવું ઈ ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે. ગાયની પ્રદક્ષિણા કરે એટલે પૃથ્વીની થઈ ગઈ. ચોસઠ લક્ષણ શીખવા ઈ પૃથ્વીમાં ઘોડો ફેરવ્યાં જેવું છે ને ચોસઠ લક્ષણવાળામાં જોડાઈ જાવું ઈ ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે. કિરણ ૩૯૮

- સમજી સમજીને સમજવાનું એટલું જ છે કે, સત્સંગ કેમ રહેશે ? પરલોક કેમ સુધરશે ? ને આ લોકનું સુખ તો પડછાયા જેવું છે. તે આઘું પાછું ચાલ્યું જાય. વિચાર કરો તો ખબર પડે. કિરણ ૩૯૯
- જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે એવો પોતાને સમજવાનો આગ્રહ હોય તો કાંઈ ખોટ ન રહે. કિરણ ૩૯૯

- સ્વામિનારાયણનાં ધામમાં રહેવાય એવા સ્વભાવ દેહ છતાં થઈ જાય તો કામ થઈ જાય. કિરણ ૪૦૦
- મોજ ક્યારે મળે ? ભજન કરતા કરતા ક્રિયા કરવી તેને દેખીને મોટા પુરુષ રાજી થાય; પણ જેનું અંતઃકરણ ગંધાતું હોય તેને દેખીને શું રાજી થાય ! રાજી થાય તો બુદ્ધિયોગ આપે ને સારા સાધુનો સંગ આપે. બુદ્ધિયોગ એટલે ? ભગવાન રાજી થાય એમ કરતા આવડે. કિરણ ૪૦૨
- કોઈ દુનિયામાં એવો માણસ નથી કે પોતાની ભૂલ દેખે. ભૂલ કબૂલ કરી એટલે સ્વામિનારાયણ એની દૃષ્ટિથી અળગા રહેવાના નથી. ભૂલ માથે લીધી એટલે એનો પક્ષ સ્વામિનારાયણ રાખશે. કિરણ ૪૦૨
- ''સાધુ સમાગમ કરે ત્યારે પોતાની ભૂલ દેખાય.'' ને ભાન થાય કે, હું શું કરું છું ? હું ક્યાં ઊભો છું ?

ને સાધુ સમાગમ નથી કરતા એને તો વિષય ભોગવે તો પણ એના સુખ-દુઃખની ખબર નથી. કિરણ ૪૦૨

- પોતાનો દોષ દેખાય એમાં મોટામાં મોટો ઈ લાભ કે ભગવાનના ભક્તનો અવગુણ ન આવે. કિરણ ૪૦૨
- આ સત્સંગમાં જેની દૃષ્ટિમાં ફેર છે તેને કલ્યાણમાં ફેર છે. અક્ષરધામનો રસ્તો તેને હાથ નથી આવ્યો. માટે આપણી ભૂલ દેખાય તો થાય, પણ ઈ કેમ દેખાય ? ઈ જાણવું જોઈએ. સાવ નાનામાં નાનો છોકરો હોય એની આગળ હલકા થાવ તો ય તમારી કિંમત કેટલી થાય છે ? ઈ તો વિચાર કરજો કો'ક દિ. હલકો થાય એને કેટલું સુખ છે પણ ચડિયાતો થયો એને કેટલું દુઃખ છે ! કિરણ ૪૦૨
- એક રાતે ચાર કલાક નિંદર ન આવી ને વિચાર કર્યો કે અસુર કોઈ રીતે નાશ થતા નથી પણ એની

આગળ હલકા થાવ તો નાશ થઈ જાય. કિરણ ૪૦૩

- જેને ભગવાનનો સંબંધ આળસી ગયો ઈ મરી ગયો; એનું નામ જ મરણ છે. પછી એને ભગવાનનો સંબંધ થવાનો જ નથી. કિરણ ૪૦૩
- જાણપણે યુક્ત એનું નામ આત્મા. જાણતો નથી પોતાની ભૂલ્ય ઈ આત્મા નથી; ઈ આત્મા તો રાતના વે'લો ઊઠીને ખાતર પાડે. કિરણ ૪૦૩
- ભગવદીય તો ઓળખાય પણ સાધારણને અને એકાંતિકને સરખા જાણે ઈ તો વિમુખ જ છે. કિરણ ૪૦૩
- સ્ત્રીની લખનારે નિંદા કરી છે. નિંદા કરે ઈ જ નિષ્કામી છે. પણ શિશ્નુ દ્વારે વીર્ય ન આવે એમ કે'તા હો તો તમને શાસ્ત્રની ખબર જ નથી. કિરણ ૪૦૩

- માયાને ખોટી કેનારો માયા થકી ન્યારો છે. આટલી વાત તો તમે અઢારસો અવતાર કાશીમાં ધરો તોય ન આવડે. વાત એટલી કે એની નિંદા કરો એટલે એનાથી તમે ન્યારા થઈ જાવ. બાઈ માણસ તમારા વેંચાણ છે; પણ નિંદા કરો તો તમને ખબર પાડી દે. ને આવડા આ સાધુ નિંદા કરે તો ય દૂધ ઈ લાવે, પાણી ઈ લાવે, લોટ પણ દળીને લાવે એટલો ફેર છે. સભા નોખી પાડી ત્યાં બેસીને નિંદા કરો તો થાય; પણ જ્યાં સભા ભેળી છે ત્યાં નિંદા કરો તો મેળ ન ખાય. ''પોતાની સ્થિતિમાંથી ડગે નહિ ઈ અક્ષરરૂપે વર્તે છે.'' કિરણ ૪૦૪
- 'જ્યારે ગણ્યો પોતામાં ગુણ ત્યારે મળ્યો માયાને લાગ.' ચોપડી લખીને માન આવે તો માયાને લાગ આવે, પણ અમે તો માયાથી અળગા જ રહીએ છીએ. જે પોતાની સ્થિતિ હોય, પોતાનો કોલ હોય

એમાંથી પલટે નહિ ઈ અક્ષરરૂપે વર્તે છે. પુરુષને જ પુરુષોત્તમ કહ્યા છે આ વચનામૃતનો શબ્દ છે ઈ હું મારા ઘરનો નથી લાવ્યો. કિરણ ૪૦૩

- અન્વયમાં વ્યતિરેક સ્વરૂપ જોવાની ગતિ થઈ ત્યારે તમને સિદ્ધદશા થઈ જાણવી. જન્મમરણનું ફળ આળસી ગયું. કિરણ ૪૦૪
- શિષ્ય છે ઈ ગુરુને મન ન સોંપે તો ગુરુ પારસોય ન મેલે. મન સોંપો એટલે એમાં તાગાત હોય તેટલું બતાવી દે. નહીંતર તો આ દેહનો કુટો કરી નાખે તોય મોક્ષ ન થાય. કિરણ ૪૦૪
- બીજાની પ્રકૃતિ ભેળો ભળી જાય, એની પ્રકૃતિ મેલાવી દ્યે ને પોતામાં આવવા ન દ્યે એવી શક્તિ ગુરુની હોવી જોઈએ. નહીંતર તો પ્રમાણ કરવા જાય ત્યાં તો પોતે સલવાય જાય. કિરણ ૪૦૪
- આપણા જેવો જ સામાનો દેહ છે પણ બ્રહ્મરૂપ

બની જાય ને બ્રહ્મરૂપ સામાને કરી દે ને પછી ન્યારો રહે તો પ્રમાણ કર્યું કહેવાય. કિરણ ૪૦૪

● અપાર લીલા કરી, અપાર મોટપ વધારી એને આપણે કહી શકતા નથી. કારણ કે, આ દેહરૂપી ગૂફામાં આ જીવ ઘરી ગયો છે. કિરણ ૪૦૫

● દુર્જન લોક ગમે તેટલું બોલે તો શું થઈ જાય ? હાથીને કૂતરું ભસે તો શું થઈ જાય ? કીડીનો શું ભય ? તેમ આ પૃથ્વીના જીવ પૃથ્વીમાં રહેવાના છે; ઈ નિંદા કરે તો ય શું ને વખાણે તો ય શું ? આ લોકના જીવ શું જાણે કે આ કેવા છે ? કેવા ભગવાનમય છે ને કેવા ની'મ પાળે છે ? એને કાંઈ જોતું નથી. એને જોઈએ છીએ એક સ્વામિનારાયયણ રૂપી મિલકત. સ્વામિનારાયણે સાધુ સત્સંગીનું દુઃખ માંગી લીધું ને પોતાનું સુખ સાધુ સત્સંગીને આપી દીધું. એવા અઢળક ઢળ્યા છે. કિરણ ૪૦૫

- મોહની નિવૃત્તિ કેમ થાય ? ભગવાન અને ભગવાનના ભક્ત સામું જુવો તો મોહને ડાટો દેવાય જાય. "જાણપણું રહે તો મોહ ન થાય." જાણપણું આળસી જાય એટલે મોહ ઉત્પન્ન થાય. કિરણ ૪૦૬
- ધર્મ હોય, જ્ઞાન હોય, વૈરાગ્ય હોય પણ દીનતાપણું જાય નહિ, ગરીબપણું જાય નહિ, આધીનપણું આળસે નહિ તો જીવદશા કહેવાય. કિરણ ૪૦૬
- ધર્મનું અભિમાન, જ્ઞાનનું અભિમાન, વૈરાગ્યનું અભિમાન, ભક્તિનું અભિમાન હોય ઈ ઈશ્વરદશા કહેવાય. કિરણ ૪૦૬
- જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય પણ એને એનું અભિમાન ન હોય તો બ્રહ્મદશા કહેવાય. કિરણ ૪૦૬
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય પણ સ્વાભાવિક

હોય ઈ પુરુષોત્તમનું લક્ષણ છે. કિરણ ૪૦૬

- બ્રહ્મનું સુખ તો એવું છે કે; આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા ન જણાય ને સત્પુરુષનો મહિમા જાણ્યા વિના આત્માને વિષે સ્થિતિ ન થાય. સ્થિતપ્રજ્ઞ હોય ઈ જ સ્થિતપ્રજ્ઞવાળાને ઓળખે. કિરણ ૪૦૬
- અન્વય સ્વરૂપ છે તેમાં વ્યતિરેક સ્વરૂપ દેખો તો વાત બંધ બેસે. જે વાતનું પ્રતિપાદન કરે ને એનો નિષેધ કરે ઈ ભગવાનની વાત છે. કિરણ ૪૦૬
- પ્રતિપાદન કરો એટલે જગતની વાત. નિષેધ કરો એટલે ભગવાનની વાત. સ્ત્રીનો નિષેધ કરો તો ભગવાનની વાત ને વખાણ રાગ સહિત કરો તો જગતની વાત. સાધારણ વખાણ કરે ને એકાંતિક વાત કરે તો નિષેધ કરે. કિરણ ૪૦૬
- એકાંતિકની વાત શું ? ને સાધારણની વાત શું ?

વખાણ કરે, ભાઈ ભાઈ કરે ઈ સાધારણ. પણ વખાણ ન કરે ને નિષેધ કરે તો એકાંતિક; એટલે ભગવાનનું સ્વરૂપ હાથ આવી ગયું. કિરણ ૪૦૬

- દુનિયા આખી પ્રતિપાદન કરતી હોય એનો નિષેધ કરો એટલે ભગવાનની વાત થઈ ગઈ. કિરણ ૪૦૬
- દેહનું ખંડન કોણ કરી શકે ? સ્વભાવનું ખંડન કોણ કરી શકે ? ઈન્દ્રિયોનું ખંડન કોણ કરી શકે ? મનનો નિષેધ કોણ કરી શકે ? અહંકારનો નિષેધ કોણ કરી શકે ? જે નોખો છે ઈ જ ખંડન કરી શકે. કિરણ ૪૦૬
- ભગવાનના ચરિત્રમાં કૃતર્ક ન થાય તો માયાને તર્યા કહેવાય. શંકરને કૃતર્ક થયો તો બીજાની શી વાત કરવી ? બ્રહ્માને કૃતર્ક થયો તો બીજાની શી વાત કરવી ? કિરણ ૪૦૭
- આ લોક શું ને પરલોક શું ? રાગે સોતું માયિક

સુખ સંભારવું. વખાણ કરવા ઈ આલોક છે ને નિષેધ કરવો ઈ પરલોક છે. કિરણ ૪૦૭

- પાટો ગોઠે ઈ અંગ કહેવાય. પાટો ગોઠે એટલે પ્રાયશ્ચિત થઈ ગયું. ગમે એટલું પાપ કરે પણ પાટો ગોઠે એટલે પ્રાયશ્ચિત થઈ જાય. નહીંતર તો ધ્યાન કરવા જાવ તો ય ધ્યાન ન થાય. કિરણ ૪૦૭
- જો તાકાત હોય તો જ પક્ષ રાખી શકે. જો મરવાનો ભય આળસી ગયો હોય તો જ પક્ષ રાખી શકે. કિરણ ૪૦૭
- જ્ઞાનીનો અર્થ પાકો કરવો હોય તો જે પદાર્થ જેવું છે એવું જાણે, તો પછી બંધન ન થાય. પદાર્થ ભોગવે પણ પદાર્થમાં સલવાય નહિ. વિષય ભોગવે તો વિષયમાં બંધાય નહિ. શહેરમાં હોય તો પણ જાણે કે હું વનમાં છું ને વનમાં હોય તો એમ જાણે કે હું શહેરમાં છું. કિરણ ૪૦૭

- વચનામૃતે કેટલો પક્ષ રાખ્યો ? મોટા પુરુષ કૂતરા જેવા કામી હોય તો પણ એને નિષ્કામી સમજે તો નિષ્કામી થઈ જાય. કિરણ ૪૦૭
- આ તો વચનામૃતનો શબ્દ છે પણ હું મારે ઘેરથી નથી લાવ્યો. ભગવાનના ભક્ત નિર્દોષ હોય ને તમે પક્ષ રાખો એમાં શું વડાઈ કરી ? પણ દોષિત હોય એનો પક્ષ રાખો તો પક્ષ રાખ્યો ગણાય. કિરણ ૪૦૭
- ગુણાતીતાનંદસ્વામી અઢાર સદ્‌ગુરુની ગોદડીઓ ધોતા. ગુણાતીતાનંદસ્વામીએ અઢાર ગુરુ કર્યા ને દતાત્રેય ભગવાને ચોવીસ ગુરુ કર્યા; ને આપણે તો એકેય ગુરુ નથી કરતા. કિરણ ૪૦૭
- તમે વાત કરો ઈ કોઈ ના ન પાડી શકે. બધાય હા જ પાડી દે એનું નામ રહસ્ય કહેવાય. રહસ્ય અને સિદ્ધાંતમાં શું ફેર ? સિદ્ધાંત એટલે જેને જાણવા

દેવું હોય તેને જ જાણવા દે. પણ બધાને ન જાણવા દે. કિરણ ૪૦૭

- મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી સાંખ્યયોગી બાયું ઈ બધાય સામું જોતાં અમને અમારી કોરનું ઠીક લાગે છે. પોતાની કોરનું કોણ ? ઈ એક જ જાણી શકે. સિદ્ધાંત જેને દેવું હોય એને જ દે, બીજાને ન દે. જેના ઉપર અઢળક ઢળે એને જ દે. કોઈક એમ કહે કે હું મારી મેળે ભગવાનને ઓળખી લઉં; પણ કોઈ એવો જન્મયો નથી કે ભગવાનને ઓળખી શકે. ઈ તો શિશ અર્પ્યા વિના શ્યામ રીઝે નહિ એમ છે. રહસ્ય સૌને જણાય, પણ સિદ્ધાંત તો જેને જણાવા દેવો હોય તેને જ જણાય. કિરણ ૪૦૭
- આત્મબુદ્ધિ એટલે એની કોઈ ક્રિયામાં દોષ ન આવે, એ જ દિવ્યભાવ છે. લખાઈ ગયું એટલે

દિવ્ય વાત થઈ ગઈ ને નથી લખાણી એટલે મનુષ્યપણાની વાત છે. દિવ્ય વાત એટલે ખિસ્સામાં મેલાઈ ગઈ. કિરણ ૪૦૭

- સાધન તો બધાય વળગણીયે ટિંગાડ્યા જેવા છે. ‘‘ભગવાન મળ્યા પછી સાધનની સમાપ્તિ થઈ જાય.’’ ભગવાન મળ્યા પછી ઝાડવું થાવાની કાંઈ જરૂર છે ? સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર આવ્યા હવે કોઈ જીવ કંગાલ રહેશે નહિ. કિરણ ૪૦૭
- ભગવાને આપણા સારું અનેક રૂપ ધારણ કર્યા; એમાં એકનો પણ ગુણ ન આવ્યો; ભક્તનો ગુણ ન આવ્યો. તો ક્યે દહાડે અક્ષરધામમાં જાશે ? સમજી જાય તો આજ અક્ષરધામમાં વયો જાય. કિરણ ૪૦૭
- ગમે તેટલું રળીને ભેગું કરશું ઈ આપણે અર્થે નહિ

આવે તો બીજાને અર્થે કેમ આવશે ? સૌ સૌનું સૌ કરી ગયા છે એમ આપણે આપણું કરવું. બિન સ્વાર્થે સેવા કરો, બિન સ્વાર્થે ભજન કરો, બિન સ્વાર્થે એની ગરજ કરો તો પૂર્વજન્મનું કરજ ચૂકવાય જાય. કિરણ ૪૦૭

- ''ભક્ત બ્રહ્મરૂપ થાય તો ભગવાનને દેખી શકે.'' માટે બ્રહ્મદશા આવે તો કામ થાય. કિરણ ૪૦૭
- 'ધર્મેશાસ્ત્રે, વેદે અને પુરાણે એકાદશીનું વ્રત કહ્યું પણ સ્વામિનારાયણે કઈ રીતે બતાવ્યું ? સત્સંગી માત્રને જ્ઞાનયજ્ઞ થાય છે. સમાધિ તો કોઈ કોઈને થાય છે પણ જ્ઞાનયજ્ઞ સત્સંગી માત્રને થાય છે. ભગવાન સન્મુખ વૃત્તિ કરો એનું નામ અંતર્વૃત્તિ. આ તો ક્ષણ ક્ષણમાં એકાદશી થઈ ગઈ એમ ભગવાન અઢળક ઢળ્યા છે. કિરણ ૪૦૭
- ભગવાનનું જ્ઞાન આટલું કે, જ્યાં વાત સમજાણી

ત્યાં સમાપ્તિ થઈ જાવી જોઈએ, સુખ-દુઃખની સમાપ્તિ થઈ જાવી જોઈએ; નહીંતર તો અસંખ્ય અવતાર ધારણ કરે તો પણ આને સુખ ન થાય. કિરણ ૪૦૭

- ભગવાનનો મહિમા તો બહુ કહ્યો, બહુ કહ્યો ને બહુ જ કહ્યો. એક ઘડી ભગવાન સન્મુખ વૃત્તિ થઈ હોય, એનું સુખ આવ્યું હોય તો ગમે તેવું દુઃખ આવે તો ય ગણતરીમાં ન આવે. કિરણ ૪૦૭
- સો વાતની એક વાત છે જગત આમ ને આમ છે, ભગવાન આમ ને આમ છે, ભક્ત આમ ને આમ છે ને સુખ-દુઃખ પણ આમ ને આમ છે. જેમ સુખ જાતું નથી તેમ દુઃખ પણ જાતું નથી. કિરણ ૪૦૮
- ‘‘કૃપા એટલે આશીર્વાદ.’’ મૂર્ત અને અમૂર્ત એનું ફળ શું ? મૂર્તિમાન આશીર્વાદ મૂર્તિમાન હો તો જ મળે. જેવા આપણે હોઈએ તેવો આશીર્વાદ હોય.

આપણે નિરાકાર હોઈએ તો સાકાર આશીર્વાદ ક્યાંથી મળે ? બીજા શાસ્ત્રવાળાએ દેહાંત દંડ લખ્યા. પણ સ્વામિનારાયણે દેહાંત દંડની ના પાડી છે. કિરણ ૪૦૮

- તમે રાગ બદલો એટલે પતી ગયું. ''મને આ ઘડ્ય રાજકોટમાં પડી. ની'મ થઈ રહ્યા પછી બે-બે વાગ્યા સુધી બેસતા. રાજારામ માસ્તર, કરમશીભાઈ, અરજણભાઈ અને પોપટભાઈ આ બધા બેસતા.'' કિરણ ૪૦૮
- જેણે ગુરુ જે ગોંવિદ તેનું મા'તમ લીધું ઈ માયાને તરે. કિરણ ૪૦૮
- દંડવત કરીને કાશીએ જાય એનું ફળ શું ? સ્ત્રી પુરુષનું ભાન નો'તું એનું પણ ફળ શું ? રાફડા થઈ ગયા એનું પણ ફળ શું ? દેહ છે ઈ અંતે પોતાનો ભવાડો કર્યા વિના ન રહે. કિરણ ૪૦૮

- આત્મદર્શીના સંગ વડે જો ભગવાનનો નિશ્ચય થાય તો સ્વરૂપનિષ્ઠા ગણાય. કિરણ ૪૦૮
- આ સાધુ વિષયનું ખંડન કરે એટલે શાંતિ કઈ રીતે થાય ? છતાંય એની પાસે બેસે તો મોક્ષ હાથ આવ્યો ગણાય. કિરણ ૪૦૭
- જ્યાં ખંડન કરે ત્યાં પાટો ગોઠે તો તમારું અંગ સાબિત થઈ ગયું. કિરણ ૪૦૮
- સાત આઠ વરસ સુધી જાણપણું રાખે તો મોહ ટળે. પ્રમાદ છે ઈ અજ્ઞાન છે. રાગ છે ઈ મોહ છે. કરકે નજર ઈ મોહ. રૂપમાં આસક્તિ છે ને ચામડે નજર છે ઈ મોહ. કિરણ ૪૦૮
- લોચો એટલે શું ? બીજાનો ભાર પડે ઈ લોચો. કોઈને ધર્મનો લોચો હોય, કોઈને વૈરાગ્યનો લોચો હોય, કોઈને આત્મનિષ્ઠાનો લોચો હોય ઈ બધાય લોચા છે; ઈ બધાય ગુણ છે, માટે

એનાથી અળગા થાવું. કિરણ ૪૦૯

- પોતાની ખામી ન દેખાય ઈ આ લોક ને બીજાની ખામી ન દેખાય ઈ પરલોક. કિરણ ૪૦૯
- ધર્મ પાળે ઈ ધર્મી ને ધર્મ પાળનારનો સંગ રાખે ઈ ઉપાસના કહેવાય. ગમે એટલો ધર્મ પાળે તો ય ખામી રહે ને ધર્મ પાળનારામાં ખામી ન દેખાય એટલી ઉપાસના. કિરણ ૪૦૯
- કોઈની હાર્યે સંબંધ ન તોડાય એવી ઉપાસના છે. જો એમ ન સમજો તો મોટા વિષે મોટપ માનો પણ નાના વિષે મોટપ ન માનો. મોટા ન હોય ત્યારે પરોક્ષપણું થઈ જાય. કોઈને ત્યાગ ન કરો ત્યારે મોટી પ્રાપ્તિ થાય. કિરણ ૪૦૯
- મનુષ્યના પંચવિષય ભગવાન સંબંધી કેમ કહેવાય ? જગત સંબંધી તો જોવું, ખાવું, પીવું, સાંભળવું એમ છે પણ ભગવાનના ભક્તના

પંચવિષયને ગ્રહણ કરો તો શું પ્રાપ્તિ થાય ? આ પંચવિષયને ગ્રહણ કરો એટલે જગતથી વિરકત થઈ જાવ ને ઓલા પંચવિષયને ગ્રહણ કરો એટલે જગતમાં સલવાઈ જાવ. કિરણ ૪૦૯

- ચમત્કાર જણાવવો ને ચમત્કારમાં વળગવું ઈ શુદ્ધ મુમુક્ષુ નથી.ભગવાન અને ભગવાનના ભક્ત કાંઈ ચમત્કાર ન જણાવતા હોય ને બીજા ચમત્કાર બતાવતા હોય ને મન ન ડગે તો ખરું કહેવાય. શુદ્ધ મુમુક્ષુ તો ભગવાન તે ભગવાન એમ કરી રાખે. ચમત્કાર ન જણાવે તો ય મન ડગે નહિ.આ ઐશ્વર્ય તો ઈ કે જેની પાસે બેસીએ ને આપણી ખામી દેખાય. આ ઐશ્વર્ય જાણે તો શુદ્ધ મુમુક્ષુ થાય.કિરણ ૪૦૯
- પ્રાકૃત ચરિત્ર ને વિષે દિવ્યપણું મનાય તો ભક્ત સાચો ગણાય. કિરણ ૪૦૯

- શુદ્ધ મુમુક્ષુ હાવભાવમાં લેવાય નહિ. હર્ષ શોકમાં, હાનિ વુદ્ધિમાં લેવાય નહિ. એનું ચિત્ત વિભ્રાંત ન થાય. ગમે તેમ કરે તો ય ભગવાન ઈ ભગવાન. કિરણ ૪૦૯
- પદાર્થમાં તદાકાર ન થાય ઈ મધ્યમ વેગ ને તદાકાર થઈ જાય ઈ તીવ્ર વેગ. કિરણ ૪૧૦
- વિશેષપણે જેટલું ગ્રહણ કરો ઈ તમને નિર્વિકલ્પ સ્થિતિ થાવામાં અંતરાય છે. સામાન્ય જોયું હશે ઈ બાધ નહિ કરે. કિરણ ૪૧૦
- ''સ્વભાવ વિશેષ હોય ત્યાં સુધી સ્થિરતા ન થાય'' ઈ સ્વભાવ એને આડો આવે છે. કિરણ ૪૧૦
- દીઠા ઈ દીઠા જ ગણાય, શાસ્ત્રે કરીને જાણ્યા ઈ જાણ્યા જ ગણાય ઈ બેય પરોક્ષ છે. હું બોલ્યો ઈ છે પ્રત્યક્ષ, પણ લખાઈ ગયું એટલે પરોક્ષ થઈ ગયું. તમારે અર્થે થાય તો પ્રત્યક્ષ કહેવાય. કિરણ ૪૧૦

- પોતામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ન્યૂન છે તો પણ બીજા કરતા વધારે બતાવે ઈ અસુર કહેવાય. સામાને કીધું એનાથી વધારે પાછું વાળે ઈ અસુર કહેવાય. અઢારસો ગાડા જેટલું પાછું વાળે અસુર. કિરણ ૪૧૦
- દેહે કરીને માંદો ઈ માંદો નથી. પણ મન માંદો ઈ જ માંદો છે. કિરણ ૪૧૦
- આ જગતમાં કેટલીક વસ્તુ પ્રિય છે; કેટલીક અપ્રિય છે, કેટલીક યોગ્ય છે ને કેટલીક અયોગ્ય છે ઈ બધુ જ ભગવાનમાં જણાય તો ય સંશય ન થાય તો ઈન્દ્રિયુંમાં નિશ્ચય છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણનું કાર્ય ભગવાનમાં દેખાય તો પણ સંશય ન થાય ત્યારે અંતઃકરણમાં નિશ્ચય કહેવાય. ને જીવમાં ઋષભદેવ ભગવાનની જેમ ગુણાતીત સ્થિતિ ભગવાનમાં જણાય, જેમ જાળિયામાં કર્યું

હતું એમ જણાય તો ય સંશય ન થાય ઈ જીવમાં નિશ્ચય કહેવાય. કિરણ ૪૧૧

- આશીર્વાદ એટલે એકાંતમાં સ્ત્રીનો યોગ થાય તો પણ લેવાય નહિ. કિરણ ૪૧૨
- નિવૃત્તિમાર્ગવાળાને પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કાળા સર્પ સમાન છે તો પણ પ્રવૃત્તિમાં રાજી થકો જોડાય છે ઈ નિશ્ચયની તાકાત બતાવી. નિશ્ચય થયો એને અર્થે શું ન થાય ? બીજુ લક્ષણ શું ? સાધુ સમાગમ કરે ત્યારે પોતાની ખામી દેખાય. કિરણ ૪૧૩
- આની પાસે દોષ ન દેખાણો ને આની પાસે દેખાણો એમાં અધિક કયો ? ઈ સમજવું જોઈએ. કિરણ ૪૧૩
- ''સાધુ સમાગમથી ભગવાનનો નિશ્ચય થાય ઈ વાત જ જુદી છે.'' કિરણ ૪૧૩
- જીવમાં વિષય ઊતરી ગયા ઈ વાસના છે ને ભજન

કરતા સંકલ્પ થાય ઈ પ્રકૃતિ છે. કિરણ ૪૧૪

- આ સત્સંગ તો પાણાવાળી ભોં છે. એમાં કેટલાક દિ સ્વભાવ ઊભા રહેશે ? આપણે તો સત્તારૂપે વર્તીએ છીએ તો ય ખેપાનવેડામાં વળગશું તો અણસમજણ ગણાશે. કિરણ ૪૧૪
- ભગવાનના ભક્તની સામું જોઈએ તો માયા મરી જાય ને ભગવાનના ભક્તને વિસારી દઈએ તો માયા સજીવન થઈ જાય. એક સામું જોઈએ તો વિષયના સંકલ્પ થાય ને એક સામું જોઈએ તો વિષયના સંકલ્પ નાશ થઈ જાય. એક ભગવાન સંતમાં ગુણે કરીને રહ્યા છે ને એક અંતર્યામી તરીકે રહ્યા છે. કિરણ ૪૧૪
- ‘‘નિર્ગુણપણામાં સગુણપણું બતાવી દેવું ઈ ગુરુની કૃપા વિના ન થાય.’’ નિર્ગુણપણું એટલે સૂક્ષ્મ કરતા સૂક્ષ્મ, અતિશય પ્રકાશે યુક્તપણું, ઐશ્વર્યે યુક્તપણું.

એ નિર્ગુણમાં અવાંતર સગુણપણું બતાવી દ્યો તો બરાબર. કિરણ ૪૧૪

- "મુક્તને અને પુરુષોત્તમને સરખા કહે છે ઈ તો મહાપાપી છે." કિરણ ૪૧૪
- આપણે ભજન કરીએ કે ન કરીએ પણ આ ભગવાન અને આ સાધુ ભૂલે એવા નથી, પણ દેશકાળે ભેગું રે'વાય કે ન રે'વાય માટે અર્થં સાધયામિ કે દેહં પાતયામિ. કિરણ ૪૧૫
- માનસી પૂજામાં દિવ્ય સ્વરૂપ છે એટલે એમાં મનુષ્યભાવ નથી આવતો; ને જેની પાસે બેસીએ ને આપણી ખામી દેખાય, આપણા દોષ દેખાય ઈ જ એમાં અલૌકિકપણું છે. કિરણ ૪૧૫
- કામ વ્યાપે, ક્રોધ વ્યાપે તો પણ ભગવાનને નિર્દોષ જાણે એટલે ઈ દોષ આપણને વ્યાપે છે પણ ભગવાનમાં નથી વ્યાપતો. ભગવાન તો અસંગી

છે, નિર્લેપ છે, નિર્દોષ છે, દોષ રહિત છે. કિરણ ૪૧૫

- અક્ષરધામનું સુખ શું ? રાજાનો કુંવર કયો ? તો નિઃસંશય થઈ ગયો ઈ જ અક્ષરધામનું સુખ. આપણે સ્વામિનારાયણના થયા એટલે અક્ષરધામ આપણું જ છે. પણ હું રાજાનો કુંવર છું. એમ વિશ્વાસ થાવો જોઈએ. હું ભગવાનનો ને ભગવાન મારા, હું ભગવાનને ન ભૂલું ને ભગવાન મને ન ભૂલે, હું ભગવાનને સંભારું ને ભગવાન મને સંભારે; એમ નિઃસંશય આંટી પડી જાવી જોઈએ. કિરણ ૪૧૬
- ઠેરાવ બદલી જાય તો બુદ્ધિ ભેદાણી ગણાય. કિરણ ૪૧૬
- "પાંચ જણા ભેગા થઈને પરિયાણ કરે એટલે ભગવાન તેના સંકલ્પ ભેગા ભળે." એક

ભગવાનને આશરે જાય તેની કેવડી તાકાત છે ! ભાગવતમાં આશરો મુખ્ય છે. અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને આશરે ગયા તો લોહીની નદી ચલાવી તો પણ દયાળુ લખ્યા ને દ્રૌપદીએ પાંચ પતિ કર્યા તો પણ સતિ કહેવાણા; આ ભાગવતનો સિદ્ધાંત છે.'' તેમ તમે અમારું વચન માનશો તો ઠેઠ અક્ષરધામમાં પૂગી ગયા. કિરણ ૪૧૬

- હવે આપણું શરીર તો કામ કરે તેમ નથી પણ સ્વામિનારાયણે ભક્તને અર્થે યોગકળા કરી, એમ આપણે ભક્તને અર્થે યોગકળા ધારણ કરીને કામ કરીએ છીએ. કિરણ ૪૧૬
- આ પુસ્તક જ એવું છે કે, ભગવાન જ સાંભરે. જેટલી વાર જગતથી વિરક્ત થાવ એટલી જ વાર વંચાય. પુસ્તક તો ઘણા જ વાંચ્યા હશે પણ આવું નહિ વાંચ્યું હોય. કિરણ ૪૧૬

- આ દેહ ભગવાન ભજવા માટે ઉપજોગમાં આવે તો નિશ્ચય છે. કિરણ ૪૧૬
- ગુણ લ્યો એટલું આવે ને વરતો તો જ બીજાને આપી શકો. તમારો ગુણ આવે એટલા બીજા માને. કિરણ ૪૧૭
- ભગવાન જાણીને હેત થાવું બહુ કઠણ; ભગવાન જાણીને હેત થાય તેને ઘાટની નિવૃત્તિ થઈ જાય, સંકલ્પ વિરામ પામી જાય. કિરણ ૪૧૭
- આ લોકનું તો ગમે તેમ કરો મરાવ, કુટાવ, આવો કે જાવ પણ પરલોકનું સુધારી લેવું. પરલોકનું સુધારવા માટે સમય આવી ગયો છે એટલે પરલોક સુધારી લેવો. દુનિયા આખીમાં નમ્યો ઈ બધાયને ગમ્યો. કિરણ ૪૧૭
- દેશકાળ વિના કોઈ દિવસ કોઈને જ્ઞાન થાતું નથી. માટે ખરાબ દેશકાળ સારો કે સારો દેશકાળ

સારો ? 'કુંતાજી દુઃખ માગ કે લીનો એહિ ભક્ત કિ રીતિ.' કુંતાજીએ ભગવાન પાસે દુઃખ માગ્યું ઈ જ ભક્તની રીત છે. કિરણ ૪૧૭

- હાથ ચલાવે નહિ, પગ ચલાવે નહિ તો ય સંસાર રૂપી ભવસાગરને તરી જાય જો સદ્‌ગુરુ શરણે આવે તો. કિરણ ૪૧૭
- અત્યારે વૈષ્ણવવાળા કે માર્ગીવાળા આપણી નિંદા કરી શકે તેમ નથી. પણ આપણા ઈન્દ્રિયું, અંતઃકરણ જ મુંબઈ ને સુરતના તળના માણસ જેવા છે. કિરણ ૪૧૮
- આપણે પ્રકૃતિ વિનાના થાઈએ ને સામો પ્રકૃતિ વિનાનો મળે તો જ મોક્ષ થાય. કિરણ ૪૧૮
- ગૃહસ્થ ની'મ રાખે તો એનું કલ્યાણ થાય ને ત્યાગી ભગવાનને સંભારે તો કલ્યાણ થાય. કિરણ ૪૧૯
- તમને કહેતા હોય પણ રોકતા ન હોય તો પરોક્ષ

થઈ ગયું. કિરણ ૪૨૦

- માહાત્મ્યે સહિત નિશ્ચય એટલે શું ? તો જે મળ્યા છે ઈ જ તેડવા આવવાના છે. નહીંતર બીજા તેડવા આવશે તો વાત વઘરે પડી જાશે. કિરણ ૪૨૧
- મળ્યા છે ઈ મરી જાય એવા છે છતાંય એને સંભારે એનો મોક્ષ થઈ જાય. કિરણ ૪૨૧
- ભગવાનના ભક્તની આપણા ઉપર એટલી દયા છે કે એનો બદલો વાળવા આપણે જન્માંતરે પણ તૈયાર થઈ શકીએ નહિ. કિરણ ૪૨૧
- 'આ લોકમાં રહેવાની ઈચ્છા જરા પણ નથી; પણ વિચાર એમ થાય છે કે આ ભક્તના સંગમાં રહેવાથી એક મિનિટમાં એકોતેર લાખ જન્મની કસર ટળી જાય છે, એટલે રહેવાય છે. કિરણ ૪૨૧
- આપણને મોક્ષ હાથ આવ્યો છે કે નહિ ? જો અહો થાય તો મોક્ષ હાથ આવ્યો કહેવાય. કિરણ ૪૨૨

- પંચવિષયથી પરાજય ન પામે એવું ભગવાનનું સ્વરૂપ છે. ખાવા ટાણે ખાવામાં ન લેવાય, સાંભળવા ટાણે સાંભળવામાં ન લેવાય, મનના મનનમાં ન આવે, ચિત્તના ચિંતવનમાં ન આવે, બુદ્ધિની બાથમાં ન આવે એવું ભગવાનનું સ્વરૂપ છે. કિરણ ૪૨૨
- જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનું અભિમાન ધારે ઈ અહંકારનું લક્ષણ છે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય ઈ અભિમાનથી થાય. મેં કર્યું એમ થયું એટલે કર્તા અળગો થઈ ગયો, સમર્થ અળગો થઈ ગયો. કિરણ ૪૨૨
- સર્વથી પુરુષોત્તમ મોટા છે; એવા પુરુષોત્તમને સંત ધારી રહ્યા છે માટે સંત સર્વથી મોટા છે. કિરણ ૪૨૨
- ભગવાનની કેવડી શક્તિ છે ! 'ગોપીયું સાથે રમ્યા ને નિષ્કામ કહેવાણા. એવડી શક્તિ તો સ્વામિનારાયણે

પોતાના ભક્તને આપી છે.' કિરણ ૪૨૨

- બીજાની ઈચ્છા પ્રમાણે વરતવું પણ પોતાની ઈચ્છા પ્રમાણે ન વરતવું. કિરણ ૪૨૨
- વાત આવડી ને તરત કરી દેવી ઈ પણ મોટી ભૂલ છે. કાં કઈ ધ્યો તો ઓછી થઈ જાય કાં લખી નાખો તો પરોક્ષ થઈ જાય કાં કોઈકને આપી ધ્યો તો પરોક્ષ થઈ જાય. વર્તન છે ઈ સમજાવી  શકે, ઈ જુક્તિ સમજે. કિરણ ૪૨૨
- પરણતા થાક લાગ્યો ને ઐશ્વર્યમાં ન લોભાણા ઈ અવતારીના ભક્ત. કિરણ ૪૨૨
- જેને જગતનો ઘાટ મટી ગયો ઈ આ લોકનો ભગવાન કહેવાય. જેને કાંઈ જોતું નથી એને કોણ રોકવાનો છે ? કિરણ ૪૨૩
- રામાનંદસ્વામી ઢોર બાંધવાની જોકમાં ઉતરતા ને આપણા ભાગ્યમાં તો મોટી હવેલી થઈ ગઈ ને

એમાં તમારા જેવા મુમુક્ષુને રાખ્યાં છે. કિરણ ૪૨૩

- ભગવાનના ભક્તને જેમ જમાડશો તેમ ખૂટશે નહિ. પાણી આપશો તો પાણી પણ નહિ ખૂટે, ને કોઈને વિવેકથી 'આવો' એમ કે'શો તો તમારામાં લાવણતા વધશે. કિરણ ૪૨૩
- 'ધન અને સ્ત્રી ઈ બે વસ્તુ આ બ્રહ્માંડમાં નથી;' એમ માનશો તો બંધન નહિ કરે. સ્ત્રી તો જોવા જેવી નથી, એમાં કાંઈ માલ નથી. ઈ માયાથી તમને બહાર કાઢ્યા છે. માટે તમને સોનાને ફૂલે વધાવવા જોઈએ. કિરણ ૪૨૩
- આપણે તો ત્રણ વખત ખાશું ને અક્ષરધામમાં જાશું, ને બીજા તો રાફડા થઈ ગયા તોય અક્ષરધામમાં ન ગયા. ને આપણે ત્રણ વખત ખાશું પણ સાવજની જેમ થઈ જશે. સાવજ આખી જીંદગી માંસ ખાય પણ એક જ વાર કામ ભોગવે. કિરણ ૪૨૩

- કાયર કોને કહેવાય ? તો બ્રહ્મચર્ય પાળવું છે, ની'મ પાળવા છે પણ યથાર્થ કોણ પાળી શકે ? એમ જે બોલે ઈ કાયર છે.
- મારી તો એવી પ્રકૃતિ છે કે, તમે અધરાતે આવીને ધાર્મિક બોલો તો ય મને સારું લાગે. ઈ તો મગદળ પીરસ્યા કહેવાય; દૂધપાક પીરસ્યો ગણાય; રેલમછેલ કરી કહેવાય. એટલું એમાં સુખ આવે છે. કિરણ ૪૨૩
- આ જગતમાં જેટલી સ્ત્રી છે, જેટલી મીનડીયું છે, જેટલી કૂતરીયું છે ઈ બધીને સ્ત્રીયું કરી ને એને પરણ્યો તો પણ તૃપ્તિ ન થઈ તો હવે ક્યાંથી તૃપ્તિ થાય. ''તૃપ્તિ થાય જ નહિ એનું નામ વાસના.'' ન જોઈએ એનું નામ તૃપ્તિ. કિરણ ૪૨૩
- રસને મૂકી દીધો તેથી રસ જીતાતો નથી. જાજું ખાવ તો ય ન જીતાય, થોડું ખાવ તો ય ન જીતાય, સાવ

ન ખાવ તો ય ન જીતાય. આશા મટી જાય તો જીતાય. કિરણ ૪૨૩

- આ લોકમાં સ્ત્રીવાળો સુખિયો ખરો ? સ્ત્રી વિનાનો સુખિયો ખરો ? દીકરાવાળો સુખિયો ખરો ? દીકરા વિનાનો સુખિયો ખરો ? ઘરવાળો સુખિયો ખરો ? ઘર વિનાનો સુખિયો ખરો ? કોઈ સુખિયો નથી. ચિત્રકેતુને કરોડ સ્ત્રી હતી તો ય મેલવી પડી; માટે સમજણ થાય તો સુખિયો. ધીરજ હોય તો સુખિયો. કિરણ ૪૨૩
- કામ, ક્રોધને લોભ ત્રણને જોગે ધીરજ ન ડગે ઈ સુખિયો. કામ, ક્રોધ ને લોભ ઈ ત્રણમાં ધીરજ રહે તો આત્મનિષ્ઠા કહેવાય. કિરણ ૪૨૩
- "જેવી પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિ છે એવી પ્રકાશે યુક્ત ભાસે ઈ સ્થિતિ છે." એવી સ્થિતિમાં ઈન્દ્ર ચંદ્રાદિક નો'તા વર્તતા તો કલંક લાગ્યા. એવી

સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ થયો. એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણવાનું મન થયું; માટે એવી સ્થિતિ થાવી જોઈએ. કિરણ ૪૨૩

- શત્રુને મારી નાખ્યો હોય તો પણ એની બીક લાગે; ઈ બાધિતાનુવૃત્તિ છે. કિરણ ૪૨૩
- પરમાત્માનું લક્ષણ કહું છું. અજોગ્ય બોલે તોય જોગ્ય થઈ જાય ઈ પરમાત્માની શક્તિ છે. હરખ, શોક આવે તો ઈશ્વર ગણાય ને હરખ, શોક મટી જાય તો પરમાત્મા ગણાય. કિરણ ૪૨૩
- પંચવિષય છે ઈ તો દમઘોષના દીકરા છે. શિશુપાળ છે. ઈ ભગવાનને વરવા ન દ્યે; ભગવાનના સ્વરૂપમાં સ્થિર ન થાવા દ્યે; આખો દિવસ અહીંયાંથી ઊઠવાનો સંકલ્પ ન થાય ઈ કેવડી વાત છે ! કિરણ ૪૨૩

- ભગવાનમાં પ્રીતિ થઈ હોય ઈ જ માયા ખોટી છે એમ બોલી શકે. બીજો ન બોલી શકે. કિરણ ૪૨૩
- મન ચડાવે મેડે, મન વઢાવે ઘાસ, મનને મતે વરતે ઈ ચંડાળ ચોકડી છે. મનને કયાંક ગૂંચવી રાખવું જોઈએ. નહીંતર તો મન મોત કરે એવું છે. કિરણ ૪૨૩
- વિજ્ઞાન એટલે પ્રાપ્તિ. જ્ઞાન એટલે અગોચર. કિરણ ૪૨૪
- રબારી હોય તો ઢોર ઓળખે, તેમ આપણે ભગત હોય ઈ ભગત ઓળખી કાઢીએ. પણ ભગત ન હોઈ તો ભગત ન ઓળખાય. કિરણ ૪૨૪
- સ્વામિનારાયણે ભકતનો પક્ષ રાખ્યો. ‘રામચંદ્રજીએ શરણે આવ્યા તેનો પક્ષ રાખ્યો, ને શ્રીકૃષ્ણભગવાન તો ફાવે તેનો પક્ષ રાખે ને ફાવે તેનો પક્ષ ન રાખે એવી એનામાં ચાલાકી હતી.

સ્વામિનારાયણ તો જેના થયા તેના આળસે નહિ; પછી ભલે આપણો ગમે તેટલો વાંક હોય તો પણ વાંક ન કાઢે; જો વાંક કાઢે તો પોતાનું ભગવાનપણું આળસી જાય છે. કિરણ ૪૨૪

- પાછી વૃત્તિ હોય ઈ ભવિષ્યકાળ ઓળખે; પણ લોમવૃત્તિ વાળો અને અનુલોમવૃત્તિ વાળો ન ઓળખે. પાછીવૃત્તિ ભક્તની છે, લોમવૃત્તિ ઈશ્વરની છે ને અનુલોમવૃત્તિ દેવની છે. કિરણ ૪૨૪
- ''સ્થિતિ છે ઈ જ અક્ષર છે. બ્રહ્મ દશા છે ઈ અક્ષર છે.'' વ્યાસ ભગવાન હતા પણ બ્રહ્મ દશા નો'તી. વ્યાસની મોટપ છે. સર્વે આચાર્યોના આચાર્ય છે. એને કોઈની પણ અપેક્ષા નથી તો પણ શુકજી જેવા નથી. કિરણ ૪૨૫
- સ્ત્રીને પુરુષ જોશે ને પુરુષને સ્ત્રી જોશે ઈ જગતનો પ્રવાહ છે. એને છોડીને હેત કરો એટલે બ્રહ્મરૂપ

હેત થાશે. કિરણ ૪૨૫

- નિશ્ચયમાં એક વાત સુધી અટપટી છે; બીજું કાંઈ આડું ન આવે. કર્મગ્રંથિ, મમત્વગ્રંથિ, સંશયગ્રંથિ અને અહંગ્રંથિ આડી આવે તો નિશ્ચય ન કહેવાય. કિરણ ૪૨૫
- છકી જાવું એટલે શું ? તો, ભક્ત અને ભગવાન ગૌણ થઈ જાય ને દેહ, ઈન્દ્રિયું, સ્વભાવ ઈ બધુંય પ્રધાન થઈ જાય. કિરણ ૪૨૫
- આપણામાં ખામી હોય ત્યારે બીજાની ખામી દેખાય, પણ ડાહ્યો કોણ છે ? તો, પોતાનો દોષ દેખાણો ને બીજાનો દોષ દેખાય તો પણ બીજાનો દોષ ન દેખે ઈ ડાહ્યો કહેવાય. કિરણ ૪૨૫
- કારણ શરીર જ્યાં ત્યાં ચોટે છે. સારામાં ચોટે તેમ નબળામાં પણ ચોટે એમ ભગવાનનો ખપ જાગે ત્યારે ભગવાનમાં ચોટે. એવું કારણ શરીર છે એને

ટાળવું હોય પ્રત્યક્ષ ભગવાન હાથ આવે તો બંધ બેસે. અગમ છે ઈ સુગમ થઈ જાય. કિરણ ૪૨૫

- અમે ગમે તેટલું ગરમ ખાયે કે ઠંડુ ખાયે પણ અમારી ઈન્દ્રિયું, અંતઃકરણની પ્રકૃતિમાં ફેર પડતો નથી. કારણ કે એને ખબર પડી ગઈ કે અવળા વર્તીશું તો સારાવાટ નથી. કિરણ ૪૨૫
- ભગવાનનું સ્વરૂપ છે ઈ જીવ ભેળું જ રહ્યું છે પણ ભોક્તા નથી. દેશકાળ ન લાગે ઈ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન તો ત્રણે કાળમાં સદાય છે ને એકરૂપે વર્તે છે. કિરણ ૪૨૫
- ભક્ત હોય તેણે વિશ્વરૂપની કળા શીખવી. ભગવાનના ભક્તને ઢેઢ વાઘરીથી મારી ન શકાય. બ્રહ્માંડમાં જેની ગણતરી નથી ઈ એને શું મારી શકે ? અમારો દોષ કોઈ કાંઈ બતાવી દ્યે તો કહે એટલું પ્રાયશ્ચિત કરીએ, એવી

વિશ્વરૂપની જુક્તિ છે. કિરણ ૪૨૫

- અમારે તો તમો બધાય વિખૂટા થઈને અમને એક જણો સામો ઊભો રહીને અમારો દોષ કહે તો ય એમાં અમારી આબરું ન જાય, એની આબરું જાય. અમે ભગવાનને ઘરે ગુનેગાર ન ગણાઈએ. અમને કલાકત્તા સુધી કોઈ કાંઈ કહી ન શકે, કોઈ સામો જ ન આવે. કિરણ ૪૨૫
- જેનાથી સત્સંગ થયો હોય તેના વિના બીજું પદાર્થ પ્રધાન થાય ત્યારે દાઝ થાવી જોયે. કિરણ ૪૨૫
- વિચાર કર્યા વિના વાત આવીને ઊભી રહે ઈ વાત જબરી છે. કિરણ ૪૨૫
- પરચાની ગણતરી જેને છે ઈ તો ભીખારી છે; ભીખ માગે છે. સાધન છે ઈ ઘૂઘરો છે. સાધનથી મોટપ નથી કહી પણ ઉપાસનાની મોટપ કહી છે. કિરણ ૪૨૫

- પહેલા નાત બા'ર મૂકતા તો પણ સત્સંગ રાખતા ને અત્યારે કોઈ નાત બા'ર નથી મૂકતા તોય સત્સંગ નથી રાખતા ઈ શું કામના ? ઈ તો આકડાના તુર જેવા છે. કિરણ ૪૨૫
- અમે ઐશ્વર્ય દબાવી રાખ્યું છે એટલે તમારો ગરીબડાનો વારો આવ્યો છે. નહીંતર તમને લાભ ન મળત. કિરણ ૪૨૫
- ભગવાન સંબંધી પંચવિષય જાણપણામાં રહીને ભોગવો તો બરાબર કહેવાય, ને રાગથી ભોગવો તો વિષય કહેવાય. કિરણ ૪૨૬
- જેમાં ઈન્દ્રિયું મોકળી રહે ઈ રસિક વાત ને જેમાં ઈન્દ્રિયું બૂંઠિયું થઈ જાય ઈ ભગવાન સંબંધી વાત. ભગવાનની પ્રસાદી માની ને ખાય તો ભગવાન સંબંધી ને રાગથી ખાય તો જગત સંબંધી કહેવાય. કિરણ ૪૨૬

- નિશ્ચયમાં ડા'પણ કે ચતુરાઈ કામ નહિ કરે. ધણીનો કોઈ ધણી નથી. તરકડીએ બે દાતણ આપીને કહ્યું કે, 'અમારા અચ્છા કરજો' તો મહારાજ કહે, હા. જેણે કરીને ભગવાનનું સ્વરૂપ ઓળખ્યામાં આવ્યું ઈ સ્વરૂપની આજ્ઞામાં જ કલ્યાણ છે. કિરણ ૪૨૬
- ઉપશમ સાબરમતી અને મહી નદી છે. ગમે તેવા પાપ હોય ઈ ખતમ થઈ જાય ઈ ઉપશમ ગણાય. નિર્વિકલ્પ થયો એટલે પાપ બળી જાય, પણ સંકલ્પ બંધ થાતા હશે કે નહિ ઈ તો પંડ જાણે પાપ, અને મા જાણે બાપ. હવે મરવાનું તો નથી. તો કેની બીક છે ? કિરણ ૪૨૬
- માહાત્મ્ય વિનાનો નિશ્ચય ઈ નપુંસક છે. મહિમા અને નિષ્ઠા વિનાનો જીવ છે એના થકી ગીતા ભાગવત જેવા ગ્રંથ સાંભળે તો ય ભૂંડું થાય. કિરણ ૪૨૬

- "ઉપશમ પાપનો ક્ષય કરે. જાણપણું પદાર્થ માત્રનો ક્ષય કરે." ઉપશમ એટલે શું ? તો, નવ પ્રકારની ભક્તિમાં જે ભક્તિ કરતા રમણીય પંચવિષય ઈન્દ્રિયોને ગોચર થયા હોય ઈ ન સાંભરે એનું નામ ઉપશમ. કિરણ ૪૨૬
- જ્ઞાન એટલે શું ? તો, પદાર્થને નાશ ન કરવું પડે ને નાશ થઈ જાય ઈ જ્ઞાનનું સ્વરૂપ. કિરણ ૪૨૬
- પદાર્થનો જોગ થાય ને ઘાટ થાય ઈ મનનો વાંક ને પદાર્થનો જોગ ન થાય ને ઘાટ થાય ઈ જીવનો વાંક છે. કિરણ ૪૨૬
- શુભવાસના રાખતા રાખતા અશુભવાસના રહી ગઈ તો માથાભર નરકનાં ખાડામાં પડી ગયા એમ સમજવું. ઈન્દ્રલોક અને બ્રહ્મલોકનું સુખ નરક જેવું છે. કિરણ ૪૨૬
- ભગવાનના ભક્ત ભેળા રહો ને એના સ્વભાવ

ગમી જાય તો એના કર્મ જેવા આપણા કર્મ થઈ જાય. કિરણ ૪૨૭

- આજ તો અનંત બ્રહ્માંડના જીવની સામું જુવો તો ય એનો નાશ થઈ જાય એવા તમે છો. સ્વામિનારાયણના ભકતથી તો અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. કિરણ ૪૨૭
- આજે ગળવાવવાળા મોહનભાઈ હાથનો દુઃખાવો મટાડવાનો આશીર્વાદ લેવા આવ્યા ત્યારે અમે ગોથે ચડી ગયા. હું ધર્મ પાળું છું તે ધર્મથી શક્તિથી આશીર્વાદ દેવો કે હું વૈરાગ રાખું છું તે વૈરાગની શક્તિથી આશીર્વાદ દેવો કે હું ભક્તિ રાખું છું તે ભક્તિની શક્તિથી આશીર્વાદ દેવો. પછી તો ઉપાસનાની અન્યથાકર્તું શક્તિથી આશીર્વાદ દીધો. કિરણ ૪૨૭
- મારો શબ્દ તો અનંત કોટિ બ્રહ્માંડથી પાર નીકળી

જાવાનો છે. ઈ કયો શબ્દ ? તો મારી ભૂલ ગોતીને મને પ્રાયશ્ચિત આપે એવો કોણ છે ? આવી રીતે સમજે તો બંધ બેસે. ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં તો માયા છે જ નહિ, પણ ભગવાનના સ્વરૂપને પામેલા પદાર્થ, પંચવિષય, સુખ, દુઃખ ઈ બધુંય માયા પર છે; ને માયા પર કરે એવા છે. કિરણ ૪૨૭

- જેવી મૂર્તિ દીઠી હોય એની એ જ મૂર્તિની ધ્યાન ઉપાસના કરવી. આ વાત સમજે છે કોણ ? તો સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ઈ જ સમજી શકે. આત્યંતિક પ્રલયને અંતે પણ આવા ને આવા જ છે એનું નામ સાકારપણાની દૃઢ પ્રતીતિ કહેવાય. કિરણ ૪૨૭
- કર્મનું પ્રધાનપણું એટલે શું ? તો, પકડ્યું ન મૂકે. પોતાના અવળા કર્મ છોડી ન શકે. કિરણ ૪૩૦

- સર્વોપરીપણું શું ? તો, વૈરાગ્ય છે તે વિષય સાથે વૈર કરાવે પણ ભગવાનનું કામ ન કરે. ધર્મ છે એનાથી સુખી રહેવાય પણ ભગવાનનું કામ ન કરે. સાધુ મળે તો ભગવાનનું કામ કરે ને કાં જ્ઞાની થાય તો ભગવાનનું કામ કરે, પણ નિષેધ કર્યા વિના વિષય ન ટળે. વિષય તો નિષેધ કરે તો જ ટળે. કિરણ ૪૩૦
- પતિવ્રતાની ટેક અજ્ઞાનીને માટે છે. જ્ઞાની જ્યાં જેવું બોલવું ઘટે ત્યાં તેવું બોલે. જેનો કોઈ અંત લઈ ન શકે. કિરણ ૪૩૦
- ત્રણ દેવની માયા જાણે, બ્રહ્માની માયા એટલે શું ? તો, સ્ત્રી પુરુષ પાસે જાય ઈ. વીંયાજણનું દુઃખ બહુ થાય એટલે એમ કહે કે મરી જાવ તો ય પુરુષ પાસે ન જાવ પણ બે પાંચ દિવસમાં ભૂલી જાય ઈ બ્રહ્માની માયા છે. કિરણ ૪૩૦

- રાત્રે સૂતી વખતે ભગવાનની મૂર્તિ સંભારીએ તો તે મૂર્તિનું જાગીએ ત્યારે ચિંતવન થાય તો સુષુપ્તિમાં ગયા ન કહેવાય. કિરણ ૪૩૦
- ઉપાસના હશે તો જ આબરુ છે નકર નથી. બીજા ધામમાં આબરુ વધે. ધર્મ હોય તો વૈકુંઠમા આબરુ વધે. કિરણ ૪૩૦
- જેને સાક્ષાત્ ભગવાનની ઓળખાણ ન થઈ હોય, જેને સાક્ષાત્ ભગવાનનો નિશ્ચય ન થયો હોય તેને બહુ ખોટ જાશે. પછી ભલે વૈરાગ હોય, ધર્મ હોય, આત્મનિષ્ઠા હોય કે ભલે ભવસાગરને તરી ગયો હોય પણ કાંઈ નહિ થાય. માટે શાસ્ત્રથી નિશ્ચય થાવો જોઈએ. કિરણ ૪૩૧
- દાસ થાવું કઠણ છે. નિર્દોષ થયો એટલે દાસ થઈ ગયો. નિષ્કપટ સાધન છે ને નિર્દોષ સ્થિતિ છે. આ વાતુમાંથી બ્રહ્મરૂપ થવાય તેની વિક્તિ કરી

પણ હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી. જો જીવ જોડ્યો હોય તો નિષ્કપટ થવાય ને નિષ્કપટ થાય તો બ્રહ્મરૂપ થયા વિના ન રહે. કિરણ ૪૩૧

- બીજે ક્યાંય ભગવાન રહેતા નથી. હરિજનનું અંતઃકરણ શુદ્ધ છે ઈ જેવું ભગવાનને રહેવાનું ઠેકાણું નથી. કિરણ ૪૩૧
- કાયર થયો એટલે ભગવાનના રસ્તામાંથી ગયો. શૂરવીર થયો એટલે ભગવાન સન્મુખ થયો. કિરણ ૪૩૧
- શૂરવીર એટલે શું ? વિશ્વાસ આવ્યો એટલે શૂરવીર થઈ ગયો. વિશ્વાસ આવે એટલે ભગવાનને જ આવવું પડે. કિરણ ૪૩૧
- પહેલા અમારી પ્રકૃતિ ધ્યાન કરવું ને એકાંતમાં રહેવું એવી હતી, પણ ભગવાનની વાત સમજાણી પછી ભક્તનો ભીડો સારો લાગવા માંડ્યો. એની

ઓળખાણ એટલી જ કે, નિશ્ચયવાળો ભીડો સહન કરી શકે ને ઓલો એકાંત પડકે. કિરણ ૪૩૧

- જેને પરિપક્વ નિશ્ચય હોય એને કાકાભાઈનો પ્રશ્ન સમજી લેવો. મારે સર્વ પ્રાપ્તિ થઈ રહી છે, મારું તો કલ્યાણ થઈ ગયું પણ મારું દર્શન કરે એનું પણ કલ્યાણ થઈ ગયું છે. કિરણ ૪૩૧
- કોણ પ્રત્યક્ષ છે ? ''જડ અને ચૈતન્યને નોખા પાડી દે ઈ પ્રત્યક્ષ છે.'' કિરણ ૪૩૧
- ''ઈન્દ્રિયું, અંતઃકરણ ને અનુભવ ઈ ત્રણ પૂગે ત્યારે પ્રત્યક્ષ નિશ્ચય થાય.'' કિરણ ૪૩૧
- વિચારેયુક્ત વૃત્તિ એટલે ગુણિયલ મનાય, પણ અવગુણવાળો ન મનાય, એટલે મુક્તની ઉપાસના ગણાય. કિરણ ૪૩૧
- કોઈ પ્રકારનો સંકલ્પ ન થાય એટલે અક્ષરધામમાં જાવાનું નક્કી થઈ ગયું. ક્યા ભક્ત સામું જોવું ?

શૂરવીર સામું જોવું. ઈન્દ્રિયું, અંતઃકરણ જેનાથી કંપતા હોય એવા શૂરવીર સામું જોવું. ઉપાસનાની વાત એવી કરી કે ગાંડા ન થાવું હોય તો ય થઈ જવાય. કારણ કે વિવેક રહે છે ઈ તો સમાસને અર્થે રહે છે નહીંતર તો દિવાના થઈ જવાય. કિરણ ૪૩૧

- પૈસાવાળાના છોકરાને જોઈને ભગવાન ન સાંભરે. પક્ષ રાખે એને કામ, ક્રોધાદિક દોષ પણ પરાભવ ન કરી શકે ઈ શબ્દ બહુ જબરો છે. બ્રહ્માનું માથું ભાંગી નાંખ્યું, સૌભરીનું માથું ભાંગી નાંખ્યું, એકલશૃંગીનું માથું ભાંગી નાંખ્યું, ચ્યવનઋષિનું માથું ભાંગી નાખ્યું. એવા દોષ જબરા છે. દોષ ન નડી શકે ઈ જબરું ઐશ્વર્ય છે. દોષ તો ભગવાનને ન નડે. સોનું ધૂળ ભેળું ધૂળ ન થાય. પંચવિષયરૂપી ધૂળથી ન લેવાય એવું ભગવાનનું સ્વરૂપ છે. કિરણ ૪૩૧

- પહેલા તો પાણે પાણો ભાંગતા, હથોડી પણ નો'તી. એવા સમામાં મંદિર કર્યા છે. કિરણ ૪૩૨
- અમે આ સત્સંગમાં આવ્યા ત્યારે એટલું અલૌકિકપણું થયું કે, ઓહોહો !!! માગ્યા વિના મળે, કેવું સુખ છે ? આ લોક વળગે એવું છે. ન વળગે ઈ તો દ્વિભુજો પરમેશ્વર છે. કિરણ ૪૩૨
- ''સંસારમાં રહે ને સંસાર ન લોપે ઈ તો બે ભૂજાવાળો ભગવાન કહેવાય.'' કિરણ ૪૩૨
- આપણે અને પરોક્ષને થોડોક ફેર છે. પરોક્ષને ધીરજ અને સાધનની જરૂર છે જ્યારે આપણે ઉપાસના, આશરો અને ભક્તિની જરૂર છે. કિરણ ૪૩૨
- ઉપાસનાનાં બળથી સાધન માત્ર છોડી દીધા. આપણે અટાણે સાચા થાઈએ એટલી ટેમમાં ભગવાન મળી જાય. કિરણ ૪૩૨
- સ્ત્રી સ્ત્રીમાં હેત કરે ઈ માયા નથી, પુરુષ પુરુષમાં

હેત કરે ઈ માયા નથી, પણ સ્ત્રી પુરષમાં હેત કરે ને પુરુષ સ્ત્રીમાં હેત કરે ઈ માયા છે. કિરણ ૪૩૨

- તુચ્છ, અસાર અને કલેશરૂપ જાણીને છતાંય વિષય જો ભગવાનની પ્રાપ્તિ કરાવતા હોય તો ઈ ના ઈ વિષય બ્રહ્મરૂપની દશાવાળા કહેવાય. કિરણ ૪૩૨
- અંતઃકરણનો કજીયો મટી ગયો એટલે જન્મમરણ ઊડી ગયું. કિરણ ૪૩૨
- જો વિષય ટળે તો જ સર્વોપરી સમજ્યો ગણાય. વિષય રાખના પડીકા થાય તો જ કામ આવે. વિષય નાશવંત થાય તો જ કામ આવે. વિષયમાં કાંઈ માલ નથી. વિષય ઝાટકી નાખેલા કૂસકા છે. પોતાની સ્ત્રીનો પણ સાંધો રહેવાનો નથી તો બીજાનો સાંધો કઈ રીતે રહેશે ? કિરણ ૪૩૨
- સમાન બુદ્ધિ થાવી કઠણ નથી પણ“નિર્ગુણમાં સગુણ જોવું ઈ કઠણ વાત આવી છે.” કિરણ ૪૩૨

- મોટાની ક્રિયામાં દોષ ન દેખાય એ જ દિવ્યપણું છે. કિરણ ૪૩૨
- મનુષ્ય સ્વરૂપ છે ઈ કૃપા વાક્ય છે. જેટલું હેત થાય એટલું વાક્ય કહે, પણ હેત વિના કહે તો જીરવી શકે નહિ. કિરણ ૪૩૨
- દિવ્ય અને મનુષ્ય સ્વરૂપ એક થાય તો કામ થઈ જાય. કિરણ ૪૩૨
- આ મૂર્તિને લઈને ઓલી મૂર્તિ પાસે જવાશે. અક્ષરધામની મૂર્તિના નિશ્ચયથી આ મૂર્તિ નહિ દેખાય. કિરણ ૪૩૨
- માનસી પૂજામાં જેમ લાડુ, મોહનથાળ જમાડો છો એમ તમે પ્રગટને જમાડો ખરા ? જો જમાડો તો સો જન્મે એકાંતિક થવાનો હોય તે આ જન્મે થઈ જાય. કિરણ ૪૩૨
- આપણને તેડવા આવશે ઈ એની મરજીથી આવશે

કે આપણી મરજીથી આવશે ? એની મરજીથી આવશે તો સર્વોપરીપણું ગણાય ને આપણી મરજીથી આવે તો અવતાર ગણાય. કિરણ ૪૩૨

- કુત્સિત શબ્દથી દેહની, દેહના સંબંધીની નિંદા કરે તો સાંભળનારાને એમ થાય કે આ સાધુને દેહમાં અને દેહના સંબંધીમાં હેત નથી. કિરણ ૪૩૨
- આશા બહુ જબરું દુઃખ છે, આશા કોઈ દિવસ પૂરી થાતી નથી, આશાને આધિન થઈને મરી જાય છે, “આશા તો જબરી ડાકણ છે.” પોતાના પરિવારને પણ ભરખી જાય તો બીજાને કેમ રહેવા દે ! આ વાત સમજાય તો સર્વોપરી સમજી ગયા ગણાય. કિરણ ૪૩૩
- સર્વોપરીનું ફળ શું ? તો, જેની સાથે હેત હોય એની ચિંતા એના ઉપર ગઈ. એમ આપણે ભગવાનને જાણ્યા, તો હવે આપણી ચિંતા ભગવાન ઉપર છે;

એવું સર્વોપરીપણું સમજવાનું ફળ છે. કિરણ ૪૩૩

- સંબંધવાળા ધર્મની તાગાત કેટલી છે ? તો, જેવું વનમાં નિર્બંધ રહેવાય છે એવું વસ્તીમાં નિર્બંધ રહેવાય, અકર્મમાં નિર્બંધ રહેવાય એવું જ કર્મમાં પણ નિર્બંધ રહેવાય. કિરણ ૪૩૩
- નવરા ન રહીએ ને કથા વાર્તા કર્યા કરીએ ઈ જેવું કોઈ સુખ નથી. કિરણ ૪૩૪
- ઢોરને પાણી દેખે ત્યારે તરસ લાગે ને આપણે સંભારીએ ત્યારે તરસ લાગે. કિરણ ૪૩૪
- આપણે દોષિત હોઈએ તો સામી વસ્તુ નિર્દોષ દેખાય. આપણામાં ખામી દેખાય તો જ સામાને અધિક મનાય. કિરણ ૪૩૪
- પોતાના વખાણ પોતે કરે અને બીજા વખાણ કરે ઈ જીવદશા અને ઈશ્વરદશા છે. કારીગર માત્ર પોતે પોતાના જ વખાણ કરે. કિરણ ૪૩૪

- ભગવાનના ભક્ત સામું જુવો તો આપણા સાધન કાંઈ કામ ન કરે, આપણી સ્થિતિ કાંઈ ઉપજોગમાં ન આવે, આપણું મન પણ વિરામ પામી જાય. આપણી સ્થિતિ શું છે તે આપણે બીજાને કહી શકીએ ? આપણી સ્થિતિ જોવાથી બીજા થરેરી જાતા હોય તો આપણે કહી શકીએ. કિરણ ૪૩૪
- મનુષ્ય સ્વરૂપમાં તો હાર, જીત, લાભ, ગેરલાભ, હાનિ, વૃદ્ધિ ઈ બધુંય મનુષ્યની પેઠે જ બતાવે. આ તો તમને ઊભા રાખીને કહું છું, વળી સાવ ગુજરાતીમાં કહું છું. ભગવાન છે ઈ મનુષ્યસ્વરૂપે છે, ઈ સ્વરૂપ ભૂમાપુરુષ પાસે દેખાડ્યું. અન્વય સ્વરૂપ દેખાડ્યું ને વ્યતિરેક સ્વરૂપ પણ દેખાડ્યું, ઈ બેય સ્વરૂપની તાગાત મનુષ્ય સ્વરૂપમાં છે. કિરણ ૪૩૪
- દેહનો અનાદર એટલે પોતાની મેળે પોતાના દેહનું

પોષણ ન કરે પણ બીજા કરે તો ભલે. કિરણ ૪૩૫

- મનુષ્યભાવ આવે ઈ ઘટતો જાય ને મનુષ્યભાવ આળસી જાય ને અહો અહો વર્તે ઈ વધતો જાય. કિરણ ૪૩૫
- ખપ છે એટલો જ સત્સંગ છે. ખપવાળો હોય એની આગળ વાત કરાય પણ ખપ વિનાનો હોય એની આગળ વાત ન કરાય. કિરણ ૪૩૫
- ભગવાનના લીલા ચરિત્રો નાસ્તિકપણાને નાશ કરવાનો હેતુ છે, પણ એની તો એને કિંમત નથી. કિરણ ૪૩૫
- પાંચ પાંચ ખાસડા મારે તો પણ ન ખસે ઈ મોક્ષની ઈચ્છાવાળો કહેવાય. ભગવાનનમાં હેતવાળો કહેવાય. શબ્દથી ટોકે ઈ પાંચ ખાસડા છે. આખી આવરદામાં એક વાર નથી કે'વાતું તો દરરોજ પાંચ ખાસડા મારે ઈ કેવી વાત છે. કિરણ ૪૩૫

- "સારાનો જોગ મૂકીને નબળાનો જોગ કરીએ તો મોટામાંથી નાના થઈ જાયે." કિરણ ૪૩૫
- ચોખો અને દાળ ભેગી થઈ એમાં ચોખો પુરુષ છે ને દાળ સ્ત્રી છે, પણ દાળ ભેળો ભળ્યો એટલે ખીચડી ગણાય ગઈ. પુરુષ મોટો ગણાય પણ સ્ત્રી સાથે જોડાણો એટલે છોટો થઈ ગયો. કિરણ ૪૩૫
- "બીજાના સાચા વર્તમાનથી પોતાના ખોટા વર્તમાન અધિક કરી બતાવે ઈ દૈત્ય કહેવાય." કિરણ ૪૩૫
- અંતર્યામીપણે સમજો ઈ નિરાકાર એ એનાપણું દબાવે ઈ સાકાર. પ્રકૃતિને દબાવીને વર્તે ઈ સાકાર. પુરુષને દબાવ્યો ઈ સાકાર, મહતત્ત્વને દબાવ્યો ઈ સાકાર એને જ બ્રહ્મરૂપ કહ્યો છે. કિરણ ૪૩૫
- ઝાઝું ખાય તો પણ રસ ન જીતાય ને થોડું ખાય તો ય રસ ન જીતાય. વરસાદ ધીમે ધીમે વરસે તો પાણી થાય. દેહને જેટલું ઘટતું હોય એટલો આહાર

આપો તો વાંધો ન આવે. કિરણ ૪૩૫

- "મૃત્યુનો ભય મટી જાય તો સાકારનિષ્ઠા કહેવાય." કિરણ ૪૩૫
- પછી પોતાની વાત કરી જે, હું સાવ ઓછી બુદ્ધિનો ગણાવ, માંડ માંડ અલ્લા તોભાએ શિક્ષાપત્રી શીખ્યો તો, શીખ્યા પછી દરરોજ એક પાઠ કરતો. જૂનાગઢમાં હતા ત્યારે ઢોર ચારવા જતા ને પાછા આવીએ તો એક પાઠ થઈ જાય ને પાછા આવીએ ત્યારે હરિપ્રિયદાસ ભંડારી હતા ઈ અમને જમાડતા. સીમમાંથી આવીએ ત્યારે બહુ ભૂખ લાગે એટલે ટાઢું પણ સારું લાગે. કિરણ ૪૩૫
- અજ્ઞાનીને પદાર્થનું જાણપણું ને જ્ઞાનીને ભગવાનનું જાણપણું છે. કિરણ ૪૩૫
- વેરાવળમાં અમે હતા ત્યારે અમારી વાતું સાંભળીને અરજણભાઈને વૈરાગ લાગી ગયો તે પંદર ઉપવાસ

અમારી આજ્ઞાથી કર્યા. પછી પોતાની મેળે ઉપવાસ કરવાનો સંકલ્પ કર્યો તો ન થયા, એટલો ફેર છે. વિચાર કરો તો ખબર પડે. કિરણ ૪૩૬

- પોતાના પાપ પ્રસિદ્ધ કરવા ઈ પ્રતાપી પુરુષનું લક્ષણ છે. કિરણ ૪૩૬
- એકાંતિક હોય ત્યાં કાયમ કથાવાર્તા હોય. કિરણ ૪૩૬
- 'હરિ હરિજનની ગતિ છે ન્યારી એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી.' ભગવાન સંબંધી પંચવિષય ભોગવો તો નિર્ગુણ થઈ જવાય ને ઈ ના ઈ પંચવિષય રાગથી ભોગવો તો જગત સંબંધી કહેવાય. સાંખ્ય શાસ્ત્ર દાખલ કરો એટલે ઈ ના ઈ પંચવિષય ભગવાન સંબંધી થઈ જાય. સાંખ્યશાસ્ત્ર ગ્રહણ કરીને પછી યોગનો ઉપદેશ ગ્રહણ કરે તો ઉપાસના સચોટ થઈ કહેવાય. કિરણ ૪૩૬

- પૈસા કેવી વસ્તુ છે ? તો પૈસો નાક કપાવે, આબરું જાય, નીચના કામ કરાવે, ઈ પૈસો. કિરણ ૪૩૬
- અમે આ શાસ્ત્ર કળિયુગના ધર્મ પ્રમાણે કર્યું છે. તમને બધાયને છોડી મેલ્યા છે. કાયદો બદલાવી નાખ્યો છે. સૂક્ષ્મ દેહનું જ વર્તમાન કહ્યું છે, ઓલ્યું કહ્યું જ નથી. કિરણ ૪૩૬
- નારાયણ કવચમાં લખ્યું છે કે, ભગવાન કેને કહેવા ? મોહ વિવેકમાં પ્રગટ હોય, મોહ છે એમાં વિવેક છે ઈ ભગવાન છે, એની પાસે પ્રાર્થના કરો તો બંધ બેસે. મોહ વ્યાપ્યો હોય ત્યાં ઈ વિવેક કેમ હાથ આવે. કિરણ ૪૩૬
- આ સાધુ અને સત્સંગીનો સમાગમ કરીએ ત્યારે ખોટ્ય દેખાય ને વિમુખ જીવ છે એને વિષય ભોગવે તો પણ દોષ ન દેખાય. આ વચનામૃતની વાત છે મારા ઘરની નથી. કિરણ ૪૩૬

- ગમે એવો પાણીનો તરિયો હોય એને પણ ભમરી બૂડાડી દે, એમ ગમે તેવો સાંખ્યવાળો હોય એને પણ સ્ત્રી રૂપી ભમરી બૂડાડી દ્યે છે, પણ દેશકાળે પડ્યો ઈ પડ્યો જ નથી. અક્ષરધામનો મુક્ત લખી નાખ્યો. કિરણ ૪૩૬
- ભગવાન અને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય તો પૃથ્વી ઉપર હોય તો ય અક્ષરધામમાં છે. કિરણ ૪૩૬
- ભગવાનના આપણે થયા તો જ ભગવાનની મિલકતના ધણી આપણે થાઈએ ને તો જ ઉપાસના હાથ આવી ગણાય. કિરણ ૪૩૬
- સોનાના દોરા જેવો ભક્ત હોય ઈ અમારી નાત છે, જાત છે. આ દેહે કરીને એની ભેળું રહેવું છે ને દેહ મેલ્યા કેડ્યે પણ એના ભેળું રહેવું છે ઈ અમારો નિશ્ચય. કિરણ ૪૩૬

- આત્મસત્તા રૂપે નહિ વર્તતા હોય એનું રૂપ ઉઘાડું થયા વિના નહિ રહે. કિરણ ૪૩૬
- દેશકાળે સ્થિતિ રહે ઈ ભકત કહેવાય. કિરણ ૪૩૬
- વિવેક ભર્યું બોલતા આવડ્યું તો સત્સંગ કર્યો કહેવાય. કિરણ ૪બ્૩૬
- પોતાની સ્ત્રીને સાચી વાત ન કહેવી. પ્રયોજન માત્ર એની સાથે વે'વાર કરવો તો તમારી મર્યાદા રહેશે, તો તમારી અદલ રહેશે. સત્સંગ રાખશે એને નોખી જમીન રાખવી નહિ પડે, નોખી મૂડી રાખવી નહિ પડે, નોખો વે'વાર રાખવો નહિ પડે. પોષ્યવર્ગ પાસે પ્રયોજન વિના ન બેસવું ઈ બહુ આકરી વાત છે. કિરણ ૪૩૬
- ગરીબપણું, કંગાલપણું ને જીવબુદ્ધિ ઊભી રહે તો નિશ્ચય ન ગણાય. કિરણ ૪૩૬

- ૫૦૦ મણ વજનનો પાણો હોય પણ મગની દાળ જેટલો દારૂ ફગાવી દ્યે. એમ નિશ્ચયની તાગાત એવડી છે. આપણે અક્ષરધામમાં જાઈ એવા નથી છતાં નિશ્ચય પુગાડી દ્યે. કિરણ ૪૩૬
- જેવા સત્સંગી ને સાધુ મળે એવો પોતે થાય. ડોળિયા મળે તો ડોળિયા થાય ને સારો મળે તો સારો થાય. કિરણ ૪૩૬
- મને આ સત્સંગ કોના થકી સમજાણો છે ? ઈ સત્સંગ વિના બીજું પદાર્થ પ્રધાન થાય તો મનમાં દાઝ થાવી જોઈ. કિરણ ૪૩૬
- ઝાઝું મળે તો બંધન થાય એવું આ લોક છે. કિરણ ૪૩૭
- પોતાની તો કાંઈક સ્થિતિ હોય તો સારું રહે પણ ખપેડી વળગી હોય એનું પાધરું ન રહે. વિચાર તો કરો કાંઈ ન જોઈએ એવી વ્યક્તિ ક્યાંથી જડે ? કિરણ ૪૩૭

- દેહ છે ઈ છેલ્લું આવરણ છે. આ આવરણ નાશ થઈ જાય એટલે ભગવાનને પામી જાય. કિરણ ૪૩૭
- ભગવાનને પરોક્ષ માનો છો ત્યાં સુધી તમારો દેહ છે ને પ્રત્યક્ષ માનો એટલે દેહ ઉડી ગયો. કિરણ ૪૩૭
- કથાવાર્તા કરે ઈ ગુણ પરલોકનો છે. કિરણ ૪૩૭
- પાછી વૃત્તિ વળે એટલા જ ભગવાનની મૂર્તિમાં કલ્યાણકારી ગુણ છે. નથી જોતું ઈ કલ્યાણકારી ગુણ ને જોતું છે ઈ આલોક. કિરણ ૪૩૭
- ભગવાન સંબંધી સંકલ્પ કરવા ઈ કરતા ભગવાનના ભક્ત સન્મુખ, ભગવાનના સ્વરૂપ સન્મુખ જોઈ રહેવું ઈ બહુ જબરી વાત છે. કિરણ ૪૩૭
- ભક્ત છે ઈ ભક્ત જ છે. પણ આપણે ભક્ત થાવું

ખખ્ખાનો ત્યાગ કરવો. ખખ્ખા એટલે પોતાનું વર્તન. એનો ત્યાગ ને ભગવાન જેવા છે એવા જાણવા એટલે સમાપ્તિ થઈ ગઈ. કિરણ ૪૩૭

- દેશકાળને સમજે એને જ્ઞાની કહ્યો. માણસની મનોવૃત્તિ ઓળખી જાવી ઈ પણ દેશકાળને ઓળખ્યા ગણાય. કિરણ ૪૩૭
- પ્રસન્નતાને અર્થે કરે ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. અધોગતિને પમાડે એવા કર્મને કરે છે છતાં બુદ્ધિવાન છે ને મોક્ષને યોગ્ય છે. એનો મોક્ષ થાશે બીજાનો નહિ થાય. કિરણ ૪૩૭
- મોટાની આજ્ઞામાં તો રહેવાય પણ છોટાની આજ્ઞામાં ન રહેવાય, પણ છોટાની આજ્ઞામાં રહેવું પડે. આ વાતમાં પંચીકરણવાળો હાથ ખંખેરી નાખશે. કિરણ ૪૩૭
- ઓલ્યા દેખ્યા એના કરતા આ અધિક દેખાય ત્યારે

કારણ શરીર ઉચાળો ભરીને ભાગે. કિરણ ૪૩૭

- જે પદાર્થ જેવું છે એવું જાણવું પછી પદાર્થ બંધન ન કરે. કિરણ ૪૩૭
- લખનારાનો અભિપ્રાય જાણો તો સાકારપણું અને લખનારાનો અભિપ્રાય ન જાણો તો નિરાકારપણું. કિરણ ૪૩૮
- જાણપણામાં રહીને બોલે અને સાંભળે તો બેયની મુક્તિ થાય. જાણપણામાં રહીને ન બોલે અને ન સાંભળે તો બેયમાંથી એકેયની મુક્તિ ન થાય. કિરણ ૪૩૮
- '' ભગવાન તો ભક્તના છે.'' ભગવાન કોઈના નથી. ભગવાન ખાય છે શું ? તો, ગર્વને ખાય છે. ગર્વ કરે એને ખાઈ જાય. કિરણ ૪૩૮
- 'હું પણ કાંઈક છું એમ માને ત્યારે માયાને ફજેત કરવાનો લાગ મળી જાય.' કિરણ ૪૩૮

- લોઢામાં અગ્નિ આવે ઈ લોઢું કહેવાય કે અગ્નિ કહેવાય ? તેમ ભગવાન જેને વિષે આવે ઈ પણું દબાવી દે. ઈ ભગવાન કહેવાય. એમ જેવી મૂર્તિ દીઠી હોય એનું જ ધ્યાન ઉપાસના કરવી. સાકરનું નાળિયેર છે. કિરણ ૪૩૮
- શાસ્ત્રમાં નજર પડતી હોય તો વાંધો નહિ પણ શાસ્ત્રમાં નજર ન પડતી હોય તો શબ્દ બોલવામાં વિચાર કરવો. કિરણ ૪૩૮
- આપણો ઉતરતામાં ઉતરતો હોય એને ગમે તેવો મઠધારી હોય, ગમે તેવો મોટો હોય તો પણ ન પૂગી શકે. કિરણ ૪૩૯
- તમે મા-બાપ અને બાયડીને રો'તી મેલીને અહીં આવ્યા તે કમાણી શું કરી ? તમને તો સ્વામિનારાયણે પોતાને ઠેકાણે બેસાડ્યા ને અસંતોષ હોય તો ધિક્કાર છે. કિરણ ૪૩૯

- આ લોકમાં એકાંતિકનું સુખ શું ? આ લોકમાં નિર્વાસનિકપણું ઈ એકાંતિકનું સુખ. કિરણ ૪૩૯
- હારી જવું તેમાં જબરી તાકાત છે.અપમાન થાય ને સહન કરી લે ઈ વિશ્વરૂપ સમજેલો છે. કિરણ ૪૩૯
- ધર્મ પાળવો એનું નામ ધર્મ અને ધર્મ પાળતા હોય ત્યાં અટકવું ઈ ઉપાસના. કિરણ ૪૩૯
- આ દુનિયા એવી છે કે, તમે જેમ ડાયા થાવ એમ વધારે કાળા સર્પમાં જોડે. કિરણ ૪૩૯
- “ સ્વરૂપને ઓળખી ગયો એનું નામ નિર્વિકલ્પ સમાધિ.” કિરણ ૪૩૯
- મહાયોગી થાય, મોટા સિદ્ધ થાય પણ આ લોકના વૈભવનો ત્યાગ કરે તો બંધ બેસે. કિરણ ૪૪૦
- બુદ્ધિ વિનાનો છે, દોષે યુક્ત છે પણ મોટાથી દબાય છે માટે બુદ્ધિવાળો છે. બુદ્ધિવાળો છે ને દોષ

વિનાનો છે પણ મોટાથી દબાતો નથી તે બુદ્ધિ વિનાનો છે. કિરણ ૪૪૦

- પૃથ્વીને વિષે રહ્યા જે મુક્ત એની આગળ નિષ્કપટ થયો પછી પ્રાયશ્ચિત આપ્યું કે ન આપ્યું પણ ઈ નિર્દોષ થઈ ગયો. મૂતરનું ઠામ દેખાડે એની આગળ સાવ નિષ્કપટ થઈ જાય ને પરલોક આપે એવા છે એની આગળ નિષ્કપટ નથી થાતો. ''પૃથ્વીના મુક્ત છે એની આગળ નિષ્કપટ થયો એને સાધનની સમાપ્તિ થઈ ગઈ.'' કિરણ ૪૪૦
- ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધનની સમાપ્તિ થઈ ગઈ. કિરણ ૪૪૦
- અંતરાય રાખે ઈ કપટી ને અંતરાય ન રાખે ઈ નિષ્કપટી, બેડલું રમે ઈ કપટી ને બેડલું ન રમે ઈ નિષ્કપટી. કિરણ ૪૪૦
- ભગવાનનો ભક્ત હોય એનો દેહ પગ ઘસીને પડે,

શસ્ત્ર લાગે, સર્પ કરડે તો પણ ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જાય, એની અવળી ગતિ ન થાય. ઓહોહો !!! વિચાર કરો તો બહુ મોટી વાત છે, બહુ મોટી શક્તિ છે. અપમૃત્યુ થાય તો પણ એની અવળી ગતિ ન થાય, ન થાય, ન થાય, ન જ થાય. એનું નામ માહાત્મ્ય સહિત નિશ્ચય છે. કિરણ ૪૪૦

- દુનિયાની લેનથી વિરક્ત થયો છતાં ભગવાનના સ્વરૂપનો નિશ્ચય છે એને ઓળખે એને જોઈ લ્યે. તો એનો નિશ્ચય માહાત્મ્ય સહિત નિશ્ચયવાળો છે. કિરણ ૪૪૦
- ભક્ત અન્યથાકર્તું કામ કરે તો ભગવાન અન્યથાકર્તું શક્તિ વાપરે. બેયની અન્યથાકર્તું શક્તિ ભેળી જાય તો કામ થાય. કિરણ ૪૪૦
- અક્ષર અને મુક્તને સરખા કહે છે ઈ તો

પંચમહાપાપી કરતા વિશેષ પાપી છે. કાં તો મુક્ત અને અક્ષરને ભેળા ભેળવે ને કાં તો અક્ષરને પુરુષોત્તમને ભેળા ભેળવે પણ ત્રણ ન કરી શકે. કિરણ ૪૪૦

- "આપણા પંચવિષય છે ઈ નરકમાં પધરામણી કરે એવા છે." ને એના પંચવિષય નરક બારા કાઢે એવા છે. કિરણ ૪૪૦
- "એક રુચિવાળા બે હોય તો ય હજારો ને લાખુ છે, " નહીંતર હજારો ને લાખુ હોય તો ય એકલા જ છીએ. કિરણ ૪૪૧
- જગતની વાત કઈ કહેવાય અને ભગવાનની વાત કઈ કહેવાય ? તમારી વાત કઈ કહેવાય ને મારી વાત કઈ કહેવાય ? પદાર્થનો મહિમા, તાકાત અને સુખનું વર્ણન કરવું ઈ તમારી વાત, ને અમે પદાર્થનો નિષેધ કરીએ ઈ અમારી વાત. અમે અમારું દેહ

ખોટું કરીએ પણ તમારું દેહ ખોટું ન કરીએ ઈ અમારો શબ્દ છે. ને પદાર્થનું પ્રતિપાદન કરવું ઈ તમારી વાત છે. કિરણ ૪૪૧

- વાત આપણે સમજાવવી હોય તો શું કરવું ? ને આપણે વાત સમજવી હોય તો શું કરવું ? જો આપણે વાત સમજાવવી હોય તો આપણે વર્તવું, તો બધાય આપણી વાત માન્ય રાખે; ને આપણે વાત સમજવી હોય તો બધાયનો ગુણ લેવો. ખંડન આપણા કલેવરનું અને મંડન સામાના કલેવરનું કરવું. કિરણ ૪૪૧
- અક્ષરમુક્ત છે એની તાકાત કેવડી ? માયા સામું જુવે તો જગતનો સર્ગ થઈ જાય ને અક્ષર સામું ને પુરુષોત્તમ સામું જુવે તો જગતનો ધનોત પનોત થઈ જાય. કિરણ ૪૪૧
- દુઃખમાં સુખ દેખવું ઈ વૈરાગ્ય કહેવાય. સુખમાં

દુઃખ દેખવું ઈ જ્ઞાન કહેવાય. કિરણ ૪૪૨

- પરચો છે ઈ ઈન્દ્રિયુંમાં નિશ્ચય છે ને વર્તન છે ઈ જીવમાંથી થાય. કિરણ ૪૪૨
- આ પંચવિષય જીવને રોકી રાખે છે પણ આપણે એવું કરવું કે, ઈ જ પંચવિષય આપણને અક્ષરધામમાં મૂકવા આવે. પરલોક સુધારવો ઈ એક સેકન્ડમાં સુધરી જાય. વિષય સન્મુખ જુવો એટલે જગત ઊભું થઈ જાય અને ભગવાનના ભક્ત સામું જુવો એટલે જગત નાશ થઈ જાય. કિરણ ૪૪૨
- સાધુ સમાગમ કરીએ તો આપણી ખામી દેખાય, ઈ ખામી દેખાય ઈ જ અક્ષરધામમાં લઈ જાય. કિરણ ૪૪૨
- વૃત્તિ ખૂંતી હોય તો પાકું થાય ને વૃત્તિ તીર્થયાત્રા કરતી હોય તો પાકું ન થાય. આ લોકમાં આવ્યા

છીએ ને આ લોકમાં ન ફાવે તો આપણી કિંમત. નહીંતર આ લોકમાં મૂવાનાં મઢ સુધી ઉદાસ થાતો નથી. કિરણ ૪૪૨

- એકાંતિકને ગમે એટલું દુ:ખ થાતું હોય તો પણ અક્ષરધામમાં જાય એવો સંકલ્પ ન કરવો. કિરણ ૪૪૨
- મોહ વ્યાપે, સ્ત્રી પ્રિય લાગે ત્યારે વિવેક ન હોય, ને વિવેક હોય તો ભગવાનનું સ્વરૂપ ઘટી જાય. કિરણ ૪૪૩
- ''બધાયથી ચડિયાતું સાધન સાકાર સમજવા ઈ.'' સ્થૂળ બુદ્ધિવાળો સાકાર સમજે છે પણ સૂક્ષ્મ બુદ્ધિવાળો સાકાર સમજી શકતો નથી. કિરણ ૪૪૩
- સમજણ થઈ અને એક જણાનો મોક્ષ ન કર્યો તો શું કામનું ? એક જણાનો તો મોક્ષ કરવો જોઈએ.

લાખ મણ લોઢાનો ગોળો અક્ષરધામમાંથી પડતો મેલ્યો તો ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવીને ધૂળ ભેળો ધૂળ થઈ ગયો. આ વાત બાહ્યદષ્ટિવાળાને મતે સાચી છે ને આત્મદષ્ટિવાળાને મતે ખોટી છે. કિરણ ૪૪૩

- દુર્લભમાં દુર્લભ ભગવાન, દુર્લભમાં દુર્લભ આ સત્સંગ અને દુર્લભમાં દુર્લભ આ મનુષ્ય દેહ છે. કિરણ ૪૪૪
- ત્રિકમ ભગત બની જાય તો કામ થઈ જાય. ત્રિકમ ભગત એટલે ત્રિકમ ભગત. કિરણ ૪૪૪
- ડાયા ભગત ગયા ઈ ખોટ પણ એના કરતા ય ત્રિકમ ભગત ગયા ઈ બહુ મોટી ખોટ આવી. કિરણ ૪૪૪
- વિશ્વરૂપની કળા સમજવી ઈ પૃથ્વીના મુક્તનું હથિયાર છે. કિરણ ૪૪૪
- અસુરને નાશ કરવાનું હથિયાર શું ? તો, મનુષ્ય

ચરિત્ર કરે ને અસુર મોહ પામે ને અથડાય ને પછી મરી જાય. કિરણ ૪૪૪

- વિશ્વરૂપથી દેશકાળે રક્ષા થાય. કિરણ ૪૪૪
- વાદળ જેવા દુઃખ આવવાના હોય ને મોટાને આશરે જાય તો નાશ થઈ જાય, ને સાધને કરીને તો કૂટી કૂટીને મરી જાય તો ય અંત ન આવે. કિરણ ૪૪૪
- મરવું છે ઈ તો નક્કી છે એમાં બીવું શું કરવા. જીવવું છે ઈ ભૂંડું છે. કિરણ ૪૪૪
- સ્વામિનારાયણને ઘરે અજવાળું છે બાકી બધે અંધારું છે. કિરણ ૪૪૪
- તમે મૂર્ખા કેટલા છો ? તો, પોતાનો છોકરો હોય કે પોતાની સ્ત્રી હોય ઈ મારી ચાકરી નથી કરતા; એમ કહો, એવા તમે મૂર્ખા છો. કો'ક કહે કે, છોકરો નથી સેવા કરતો ઈ કેણ માનવું નહીં. આટલી પૃથ્વીનાં મુક્તમાં કળા હોવી જોઈએ. કિરણ ૪૪૪

- વહાલો દીકરો હોય એના સારું નોખુ રાખે એમ ભગવાનને આપણે વહાલા છીએ તે સારું ભગવાને આપણા સારુ અક્ષરધામ તૈયાર રાખ્યું છે. કિરણ ૪૪૪
- ઈતડી આવમાં રહે છે પણ એના સારું પારસો ન મેલે. ભગવાન અક્ષરધામમાં રહ્યાં થકા જાણે છે કે આ ઈતડી છે પણ આ લોકમાં અજાણ્યા થઈ ગયા. ઈતડી જેવા છે એને જાણે છે પણ કાંઈ કહેતા નથી. કિરણ ૪૪૪
- જેમ ગંગાજીમાં નાવ ને પવિત્ર થઈ જાવ તેમ આ સભામાં બેઠા ને તમે પવિત્ર થઈ જાવ તો સમજ્યા ગણાવ. ગંગાજીમાં તન પવિત્ર થાય ને અહીંયા મન પવિત્ર થાય. ગંગાજીમાં તનનો મેલ વયો જાય ને આંયા મનનો મેલ વયો જાય. કિરણ ૪૪૪
- પદાર્થ બંધન ન કરે ઈ જ્ઞાની છે. પદાર્થનો સહેજે

અભાવ રહે, પદાર્થની ઉલટા અન્નની પેઠે ઈચ્છા ટળી જાય ઈ જ્ઞાની કહેવાય. કિરણ ૪૪૪

- એક જ ગુણ માણસમાં છે તો પણ ઈ નથી મરતો તો પછી ભગવાનમાં અનંત ગુણ છે તો કેમ મરે ! આપણે તો કરીએ તેમ થાય પણ આ તો જાણીને ઐશ્વર્ય દબાવી રાખ્યું છે. જેમ માતા બાળકની રક્ષા કરે છે, જેમ પાપણ આંખની રક્ષા કરે છે તેમ ભગવાન આપણી રક્ષા કરે છે. કિરણ ૪૪૪
- આપણું બહુ સન્માન થયું છે. એટલે નાના સાધુને ચેતવી દેવા કે કોઈ પદાર્થ આપે તો ના પાડતા શીખવું પણ પદાર્થમાં લોભાવું નહિ. અને સાધુને દરરોજ એક વખત વાત કરવી. હું તો હવે પથારીવશ છું પણ તમારે ધ્યાન રાખવું. કિરણ ૪૪૪
- આ દુનિયા સ્વાર્થી છે તે આપણામાં અલૌકિકપણું

દેખે એટલે આપણા દોષ ન જુવે, પણ આપણા દોષ જુવે ઈ બહુ સારા કહેવાય તો આપણે તો બીતા રહેવાય. નહીંતર આપણને ખાડામાં ઉતારી દ્યે. કિરણ ૪૪૪

- પદાર્થ તો કોને બંધન ન કરે ? તો, પ્રકૃતિ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને પોતાનું સ્વરૂપ માને તો સ્ત્રી અને ધન બંધન ન કરે. કિરણ ૪૪૪
- તમારે હવે એટલું સાનુકૂળ પડશે કે ગુરુકુળ કરવું કઠણ નહિ પડે. બીજા આખી દુનિયામાં માગશે તો મળશે અને તમારે તો માગ્યા વિના મળશે. કિરણ ૪૪૪
- આ તો આપણે ભૂલા પડી ગયા તે વે'લા બાર પડી ગયા. પોતાની શક્તિ સંઘરી રાખવી, છૂપાવી રાખવી. છુપાવતે છુપાવતે શ્રીકૃષ્ણ અશ્વત્થામાને મારવા તૈયાર થઈ ગયા ત્યારે શક્તિ જણાવી. નકર

તો ઈ છૂપાવી જ રાખતા. કિરણ ૪૪૪

- આપણે સાધુ છીએ તે આ બધાય આશીર્વાદ લેવા આવે. એમાં આપણો વિશ્વાસ હોય એને અન્યથાકર્તું શક્તિ તરીકે આશીર્વાદ આપીએ ને જેને વિશ્વાસ ન હોય એને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના બળથી આશીર્વાદ આપીએ. કિરણ ૪૪૪
- આપણે બાર પડ્યા છીએ તે આપણા શાસ્ત્રનું કોઈ ખંડન નહીં કરી શકે. કિરણ ૪૪૪
- ભગવાનના ભક્તથી બેપરવાઈ થઈ જવાય ને મન નોખું પડી જાય ઈ સત્સંગમાં મોટામાં મોટું વિઘ્ન છે. કિરણ ૪૪૫
- લોક લાજે તમારી પાસે દર્શને કેટલા આવે છે. અમારી ભગવી ચીંથરીયે ઈ સમજી રાખવું. કિરણ ૪૪૫

- વિવેક છે ત્યાં પરલોકનો મેળાપ છે. અવિવેક છે ત્યાં પરલોકને ને તમારે છેટું છે. કિરણ ૪૪૫
- ''ભગવાનનો અને ભગવાનના ભક્તનો દ્રોહ કરે ઈ દૈત્યનો રાજા થાય.'' કિરણ ૪૪૫
- ભગવાનના ભક્તને દુઃખે દુઃખ ન થાય ઈ તો રઘુનાથદાસ સરખો કહેવાય. રામાનંદસ્વામીએ દેહ મેલ્યો ત્યારે બીજા રોવા લાગ્યા ને રઘુનાથદાસ હસતો જાય ને બીજા આગળ વાત કરતો જાય કે, ગાદીએ બેસશું પણ ગાદી મળશે કે નહીં, ઈ ખબર છે ? કિરણ ૪૪૫
- ભગવાનનાં ભક્તને દુઃખે દુખિયો ન થાય તો વિમુખ. કિરણ ૪૪૫
- ભગવાનનાં ભક્તને કોઈ દુઃખ દેતો હોય ને વચ્ચે ઘાયલ થાય તો પંચ મહાપાપનું પ્રાયશ્ચિત થઈ જાય. કિરણ ૪૪૫

- ભગવાનનાં ભક્તનું વચન હૈયામાં બાણની પેઠે વસમું લાગતું હોય ઈ ભલે તપે યુક્ત, વ્રતે યુક્ત હોય તો પણ વિમુખ છે. કિરણ ૪૪૫
- જે એમ કહે કે, આપણે તો બધાય સાધુ સરખા ઈ સત્સંગી હોય તો ય વિમુખ જાણવો. કિરણ ૪૪૫
- પતિવ્રતા હોય પણ એમ કહે કે, આપણે તો બધાય પુરુષ સરખા ઈ કૂતી કહેવાય. કિરણ ૪૪૫
- પોતાની સારપ રાખવા સારું ભગવાન અને ભગવાનના ભક્તનું ખમી લ્યે ઈ વિમુખ છે. કિરણ ૪૪૫
- ઝેર ખાય, પર્વત ઉપરથી પડે તો એક જ વાર મરવું પડે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે તો અનંતવાર મરવું પડે ને અવતરવું પડે. કિરણ ૪૪૫
- બ્રહ્મહત્યા કરી હોય, બાળહત્યા કરી હોય, અનંત સ્ત્રી હત્યા કરી હોય, ગૌહત્યા કરી હોય, ગુરુસ્ત્રીનો

સંગ કર્યો હોય એનો કોઈ કાળે છૂટકો થાય પણ "ભગવાનના ભક્તનો દ્રોહ કરે એનો કોઈ કાળે છૂટકો થાતો નથી." કિરણ ૪૪૫

- ભગવાન કાયમ કેમ દેખાય ? કામ, ક્રોધ, લોભ જીવમાં પેસી ગયા છે, નથી સંભારતા તો ય સાંભરે છે. તેમ ભગવાન પ્રધાન થાય તો કાયમ સાંભરે. કિરણ ૪૪૮
- પ્રગટ ભગવાનના ઉપાસી છે એને આ ગ્રંથ સુખદાયી છે ને પરોક્ષ ભગવાનના ઉપાસી છે એને તો શૂળી સમાન છે. કિરણ ૪૪૯
- હયાતીમાં બધાયને આનંદ આપ્યો પણ હવે ગ્રંથ રહેશે ત્યાં સુધી આનંદ આવશે. હેત હશે એને. હેત ન હોય ઈ તો ભલેને ખાડામાં પડે. કિરણ ૪૪૯
- ગોપાળાનંદસ્વામી ભેળો રહ્યો હોય ને પસ્તાવું પડે, ગુણાતીતાનંદસ્વામી ભેળો રહ્યો હોય ને પસ્તાવું

પડે, મુક્તાનંદસ્વામી ભેળો રહ્યો હોય ને મુક્ત ન થયો, ઈ કેવું કહેવાય ? કિરણ ૪૪૯

- આ લોકમાંથી પરલોકમાં કેમ જવાય ? પોતાના જેટલા અપરાધ છે, પોતાના જેટલા કર્મ છે, પોતાના જેટલા અવગુણ છે ઈ દેખાય એટલે સામો પરલોક દેખાય. પણ પોતાના અવગુણ નથી દેખાતા ત્યાં સુધી પરલોક દેખાય કઈ રીતે ? કિરણ ૪૫૦
- સ્વામિનારાયણ કેટલો પ્રતાપ જણાવતા, કેટલી શક્તિ જણાવતા, કેટલું ઐશ્વર્ય જણાવતા તો ય હેરાન કરતા. એમ આપણે જરાક સારા ગણાણા એટલે આ બધાય હેરાન કરે છે. જો આપણે પણ એના જેવા નબળા હોત તો આપણાથી બીવત. કિરણ ૪૫૧
- શ્રીકૃષ્ણ તો બ્રહ્મચારી ખરા પણ દુર્વાસાનું બ્રહ્મચર્ય કઈ રીતે ? નહીંતર દુર્વાસા તો દૂર રાખ્યા જેવા હતા. અત્યારે દુર્વાસા જેવા માણસોનું કરોડગણું

હાલે પણ સાચાનું ન હાલે. કિરણ ૪૫૧

- "ભગવાનના ચરિત્ર સ્થિર બુદ્ધિથી વાંચવા ઈ જેવું બીજું સુખ નથી." કિરણ ૪૫૨
- પોતાના જેટલા દોષ છે ઈ દેખાય તો જ આત્મા ગણાય. કિરણ ૪૫૨
- આ સત્સંગ એવો છે કે, કોઈ કળી શકે નહિ. જેટલા ગુણ છે એટલા સત્સંગના છે ને અવગુણ છે એટલા આપણા છે. કિરણ ૪૫૨
- જગતના સુખમાં લોભાણા છો પણ છેલ્લી વારે રાખના પડીકા છે. કિરણ ૪૫૨
- એક હાથમાં પાનુ હોય ને એક હાથમાં ટોપલો હોય એવી રીતે આ મંદિરો કર્યા છે. એના કેડવાહમાં(પરંપરામાં) રહ્યા ને દેહાભિમાન રાખશું તો ધિક્કાર છે. અક્ષરધામની મૂર્તિ દેખતા એણે આ કામ કર્યું છે. કિરણ ૪૫૨

- પુરુષની વૃત્તિ સ્ત્રીમાં લાગી છે ને સ્ત્રીની વૃત્તિ પુરુષમાં લાગી છે ઈ બંધન છે. કિરણ ૪૫૨
- સ્થિરવૃત્તિ સુખદાઈ છે ને અસ્થિરવૃત્તિ દુ:ખદાઈ છે. કિરણ ૪૫૨
- ભગવાન દુર્લભ છે, આ સત્સંગ દુર્લભ છે પણ કાંઈ સ્ત્રી દુર્લભ નથી; ઈ તો ભગવાન નહિ ભજો તો મળશે. કિરણ ૪૫૨
- દ્વારકાના બેટમાં સંતાણા ઈ અલૌકિકપણું છે; એમ જે માનનારો છે ત્યાં સ્થિર થાવું કઠણ છે. એના પંચવિષય અકર્મ છે અને બીજો તો કર્મમાં બુડ્યો છે. ઓલ્યો સર્વ કર્મનો કરનારો છે છતાં મોક્ષને યોગ્ય છે. મનુષ્યમાં શ્રેષ્ઠ છે. કિરણ ૪૫૨
- સાચા સંતને મળ્યા વિના સાચું જ્ઞાન થાય નહિ. સાચું જ્ઞાન એટલે પોતાના મનને છેતરવાનું, અંતઃકરણને છેતરવાનું, સ્વભાવને છેતરવાનું, ગમે

એમ કરીને ભગવાનનો મહિમા સમજાવીને છેતરવા ઈ સાચું જ્ઞાન કહેવાય. ભગવાનના મહિમાનો લોભ દેખાડીને ઈન્દ્રિયુંને છેતરવી, અંતઃકરણને છેતરવું. કિરણ ૪૫૨

- લીલા ચરિત્રની વાતુ કરે, મહિમાની વાતુ કરે પણ જેનું વૃત્તાંત વાતું કરે ઈ બધાયથી સરસ ગણાય. કિરણ ૪૫૨
- ઈન્દ્રિયજીત હોય ઈ સૌના સુખરૂપ કહેવાય. ઈ કોઈને દુઃખરૂપ ન થાય. ને જે ઈન્દ્રિયજીત ન હોય એનું ગમે એટલું રાખો તોય નકામું છે. કિરણ ૪૫૩
- સહન કરી શકે, ભીડામાં રહી શકે ઈ નિષ્ઠાનું લક્ષણ છે. ‘‘એકની આજ્ઞામાં વર્તે તો પણ ભીડો કહેવાય.’’ કિરણ ૪૫૩
- સાક્ષાત્ વસ્તુ મળી હોય તો જ મળી કહેવાય. વસ્તુ મળી ને પાછો એનો મહિમા સમજાય તો વસ્તુ મળી

છે એનું સુખ આવે, નહીંતર તો ન મળ્યા જેવું કહેવાય. કિરણ ૪૫૩

- કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે પણ આવા સાધુને હાથ જોડે એટલામાં જ મળે. પણ ઈ વસ્તુ હયાત હોવી જોઈએ તો ધામ મળે છે, પણ પરોક્ષ હોય તો ને એને હાથ જોડો તો ધામ ન મળે. આ વાત ઓલ્યા ભૂત માને છે પણ આ હાલતા ચાલતા ભૂત માનતા નથી. કિરણ ૪૫૩
- ગરજ વિનાની વાત પરોક્ષ કહેવાય. ગરજવાળી વાત છે ઈ પ્રત્યક્ષ કહેવાય. કિરણ ૪૫૪
- ભીડો સહન કરે ઈ જ નિશ્ચય કહેવાય. એકાંત પકડે એટલી નિશ્ચયમાં ખામી છે. ભીડો સહન કરે એમાં સ્વભાવ ઘસાય. કિરણ ૪૫૫
- ભગવદીયને પાશેર અનાજ જમાડયું હોય એની બરોબર આખી પૃથ્વીના જીવને જમાડો ઈ ના થાય. કિરણ ૪૫૫

- પછી આ જ સૂતા સૂતા એવો સંકલ્પ થાતો હતો કે, આ પૃથ્વીના મુક્ત વાસનિક છે ને અક્ષરધામના મુક્ત નિર્વાસનિક છે. ઈ નિર્વાસનિક છે છતાં વાસના આની સારું થઈને રાખે છે. એવો અલૌકિક સંકલ્પ થાતો હતો. એમ ઝાઝી ઘડી સંકલ્પ થાય. અહો ! અહો ! થાય એવી રીત તો અક્ષરધામમાંય નથી. કિરણ ૪૫૫
- જો આક્તિ મટી ગયા પછી સાધન કરે તો જ એને ભગવાનનું સ્વરૂપ નજરમાં આવે બીજાને નજરમાં ન આવે. કિરણ ૪૫૫
- આખા બ્રહ્માંડના જીવને સમાધિ કરાવીએ પણ મુક્તાનંદસ્વામી જેવા સાધુ ન થાય. તેમ ભગવાનનો ભક્ત કરવો કઠણ છે. ''ભગવાનના ભક્ત છે ઈ ભગવાનનું સ્વરૂપ છે.'' કિરણ ૪૫૫
- ખરો ત્યાગી કોણ ? તો, દેશ, પરદેશ જાય ને કનક,

કામીનીનો યોગ થાય તો પણ પોતાના ધર્મનો ત્યાગ ન કરે ઈ ખરો ત્યાગી કહેવાય. કિરણ ૪૫૫

- આ દેહને ઉઘાડીએ જુવો તો ખબર પડે કે અંદર કેવું ભર્યું છે. કિરણ ૪૫૫
- ''મનુષ્યરૂપ મૂર્તિમાં જરાક સંશય થાય તો ધામની મૂર્તિ ખોટી થઈ જાય.'' કિરણ ૪૫૫
- ધામ અખંડ છે, મૂર્તિ અખંડ છે, સામર્થ્ય અખંડ છે પણ મનુષ્ય મૂર્તિમાં સંશય થયો એટલે ઓલી મૂર્તિ ખોટી થઈ ગઈ. સાક્ષી છે ઈ મનુષ્ય મૂર્તિ છે એમાં સંશય થયો એટલે ઓલી મૂર્તિ ખોટી થઈ ગઈ. સાક્ષી કોણ ? અક્ષરધામનાં મુક્ત સાક્ષી કે સ્વામિનારાયણ સાક્ષી કે અવતાર સાક્ષી ? મનુષ્યરૂપે ભગવાન રહ્યા કે ભક્ત રહ્યા કે પાર્ષદ રહ્યા ઈ સાક્ષી. ઈ ખોટા થયા એટલે ઓલ્યા ખોટા થઈ ગયા. ઈ કહે કે આનું કલ્યાણ થઈ ગયું એટલે

આપણું કલ્યાણ થઈ ગયું. ક્રિયમાણ કર્યું હોય તો ય ઈ કહે એટલે ખોટું થઈ ગયું. કિરણ ૪૫૫

- સંશયગ્રંથિ નાશ કેમ પામતી હશે ? નિઃસ્પૃહી વર્તમાન હોય એને સંશયગ્રંથિ નાશ પામી જાય. કિરણ ૪૫૫
- સત્સંગનું સારું મંડો બોલવા તો દાખડે કરીને માયા તરાય એમ નથી છતાં તરાય જાય. કિરણ ૪૫૫
- મરવાનો ભય મટી ગયો એટલે મોક્ષ થઈ ગયો. કિરણ ૪૫૫
- બુદ્ધિયોગ એટલે શું ? જેમ ભગવાન રાજી થાય એમ કરતાં આવડે. કિરણ ૪૫૫
- જ્ઞાનની સ્થિતિ એવી છે કે, પદાર્થ એમને એમ રહેવા દેવું ને જીવમાંથી નીકળી જાવું જોઈએ. કિરણ ૪૫૫
- જ્ઞાનનું સ્વરૂપ પદાર્થ ગ્રહણ કરે તો ય પદાર્થ જીવમાં

ઘરે નહીં. જ્ઞાનમાં તોડફોડ કરવાનું ન હોય, તો જ જ્ઞાનનું સ્વરૂપ ઘટે. કિરણ ૪૫૫

- કોઈક સાધુ થાવા જાય તો આજુબાજુના ગામડા પણ ખળખળી જાય. દુનિયાએ કેને સુખ માન્યું છે ? કુટણું છે એને સુખ માન્યું છે. અમે સાધુ થાવા નીકળ્યા ત્યારે વંથલીમાં કાનો મકવાણો હતો તેણે એમ કહ્યું કે, મારો દીકરો નથી નહીંતર ખબર પાડી દઉં. કિરણ ૪૫૬
- ભગવાનથી વિમુખ હોય ઈ બધાય શિશુપાળ કહેવાય. આપણા ઈન્દ્રિયું, અંતઃકરણ બધાય શિશુપાળ કહેવાય. કિરણ ૪૫૭
- સ્વામિનારાયણે બહુ દયા કરી, બહુ દયા કરી, ખતમ કરી નાખી. વિચાર તો કરો કે, પૃથ્વી રહેશે ત્યાં સુધી સ્વામિનારાયણ રહેવાના છે. પણ કોઈ ઓળખી શકે નહિ. કિરણ ૪૫૬

- જેની પાસે બેસવાથી દોષ દેખાય ઈ સ્વરૂપ અને ઓલ્યું સ્વરૂપ એક જ છે. કિરણ ૪૫૬
- ભગવાન પુરુષોત્તમ એના લીલાચરિત્રરૂપી જ્ઞાન વાતોથી અજ્ઞાનરૂપી રાત્રિ નાશ પામે. માટે ભગવાનના ચરિત્રમાં સંશય ન થાય ઈ જ માયાને તર્યો છે. બાકી તો ડૂબ્યો, ડૂબ્યો ને ડૂબ્યો જ છે. કિરણ ૪૫૭
- આપણા પંચવિષય તો ભૂખની બારસ છે. પણ ભગવાનના ભક્તના પંચવિષય નિર્ગુણ મનાણા તો આપણા પંચવિષય આંકડાના પૂરની પેઠે ઊડી જાય પણ આ વાતનું ભાન થવું જોઈએ. ભગવાન આ મંદિરની અંદર ગમે એવી ક્રિયા કરે ઈ નિષ્કર્મ છે એને કર્મ નથી લાગતું તેમ આને પણ કર્મ ન લાગે. તેમ ભગવાનના ભક્તની ક્રિયા પણ એવી છે. કિરણ ૪૫૭

- કલ્પ આખો આંખ્યું વીંચીને બેઠો રહે તો ય વિષય ન ટળે પણ સાધુ મળે તો ટળે. કિરણ ૪૫૮
- કરકે નજર છે ઈ રાગ છે. પણ કરકામાં શું માલ છે ? માલ માનીને બેઠો પણ અંધારું છે વિચાર કરો તો ખબર પડે. કિરણ ૪૫૮
- નિષ્કામી વર્તમાન પાળતા હોય, નિર્લોભી વર્તમાન પાળતા હોય, નિઃસ્વાદી વર્તમાન પાળતા હોય, ઈ ઈન્દ્રિયો અંતઃકરણને દાબીને વર્તતા હોય, ઈ મળેલા કહેવાય. કિરણ ૪૫૮
- નિષ્કામી ન હોય પણ સ્ત્રીને ન જોવાનું નિ'મ રાખે ઈ પણ મળેલા કહેવાય. કિરણ ૪૫૮
- શુભ સંકલ્પ થાય એટલો ભગવાનનો સંબંધ થયો કહેવાય. કિરણ ૪૫૮
- રુચિ મળી જાય એનું નામ એકાંત. કિરણ ૪૫૮
- સત્સંગમાં જીવને મનુષ્યભાવ છે ઈ મોટામાં મોટું

જબરું વિઘ્ન છે. "સારામાં સારું ને ભૂંડામાં ભૂંડુ શું ? સારામાં સારું આ ભગવાન અને આ સાધુ, ભૂંડામાં ભૂંડુ એમાં મનુષ્યભાવ આવે ઈ." કિરણ ૪૫૮

- આ લોકનો લાભ છે એને હાનિ સમજે એટલે આ લોકથી ન્યારો છે. કિરણ ૪૫૮
- દેહથી પર થાય તો ઐશ્વર્ય નકામું લાગે ને ઐશ્વર્યવાળા સ્વાર્થી લાગે. કિરણ ૪૫૯
- રોકનારો હોય તો ગુરુ કહેવાય. રોકનારનું નામ જ ગુરુ. અમારા સિવાય બીજો રોકે ને રોકાય જાવ તો તમે ગુરુ કર્યો કહેવાય. કિરણ ૪૫૯
- ગામડામાં જાય ને અતિ તાણ કરે તો ન જવાય. તો એમ સમજવું કે આ પરમાત્મા રોકે છે. કિરણ ૪૫૯
- નિર્ગુણથી નિર્ગુણ થવાય ઈ નિર્ગુણ અલૌકિક છે. કિરણ ૪૫૯

- સ્વપ્નું આવે છે ઈ પ્રકૃતિને નથી જીત્યો એટલે આવે છે. પ્રકૃતિ નઠારી થઈ ગઈ છે એટલે સ્વપ્નમાં આવે છે. કિરણ ૪૬૦
- સૂઈ જાવું ખરુ પણ જીભ ન હલે એમ ભજન કરતાં કરતાં સૂઈ જાવું. નથી સૂવું એમ માનીને સૂવું. કિરણ ૪૬૦
- સાધને કરીને સિદ્ધ થાય પણ અક્ષરધામમાં તો ન જ જાય. આ લોકની સ્થિતિ ફેરવી નાખે પણ પરલોક હાથ ન આવે. ઈ પરલોક આપણને હાથ આવી ગયો છે. કિરણ ૪૬૦
- રમાડતા હોય ઈ જ રોવરાવે એવું આ લોક છે. કિરણ ૪૬૦
- ભગવાનના ભક્તનો મહિમા સમજાય તો ક્રોધ જીતાય જાય. કિરણ ૪૬૦
- જેને જે આડો આવે ઈ મોટો દોષ છે. કિરણ ૪૬૦

- વિશ્વાસ આવ્યા પછી માણસને ગળે છરી ન મેલવી જોઈ. નકર આ દુનિયા ગળે છરી મેલે એવી છે. વિશ્વાસઘાતી મહાપાપી છે. કિરણ ૪૬૧
- બહાર ફરવાની ઈચ્છા ન થાય એટલું સત્સંગનું પાણી લાગ્યું કહેવાય. કિરણ ૪૬૧
- પોતાનો ગુણ દેખાય એટલે બીજાનો અવગુણ આવે એને સહન કરવું ઈ બહુ જબરી વાત છે. મોટેરો થયો પછી બીજાનો અપરાધ જાતો કરવો ઈ બહુ કઠણ છે. કિરણ ૪૬૧
- ભાઈ કહેવું ઈ લાખ રૂપિયાની બુદ્ધિ છે પણ નોકર ને નોકર ન કહેવો. આપણી પાસે જ નોકર રહ્યો હોય પણ ભાઈ કહેવો. એનું નામ લાખ રૂપિયાની બુદ્ધિ. કિરણ ૪૬૨
- સાધારણ દેહે કરીને પ્રાયશ્ચિત કરે તો થાય ને એકાંતિકને તો ઉપશમે કરીને પ્રાયશ્ચિત થઈ જાય. કિરણ ૪૬૨

- જાતિ-વર્ણને આશ્રમના માનને મૂકીને કેવળ ભગવાનના ચિંતવનમાં તત્પર થાય તેને ઉપશમ અવસ્થા આવે. કિરણ ૪૬૨
- પ્રાયશ્ચિત થઈ જાય તો સંકલ્પ આડો ન આવે. જો સંકલ્પ આડો આવે તો પ્રાયશ્ચિત થયું જ નથી. ઉપશમ છે ઈ જ પ્રાયશ્ચિત છે. કિરણ ૪૬૨
- આપણી બુદ્ધિ માયામાં છે. એટલે ભગવાન અને ભગવાનના ભક્ત માયા પર ન સમજાય. પણ ઈ તો દિવ્ય છે ને માયાપર છે. કિરણ ૪૬૨
- મકાનમાં મહારાજ બેઠા એટલે મકાન નિર્ગુણ થઈ ગયું. પણ સેવક જેવો નિર્ગુણ હોય એવું નિર્ગુણ થાય નહિ. કિરણ ૪૬૩
- ઉદ્ધવજી ભગત હતા, જ્ઞાની હતા પણ જ્યારે ગોપીયોની ચરણરજને ઈચ્છયા ત્યારે શ્રીકૃષ્ણે એમને ઈલ્કાબ આપ્યો કે, ઉદ્ધવ હું થકી અણુમાત્ર

ન્યૂન નથી. ઈ ઈલ્કાબ ગોપીયુ થકી થયો. પણ ભગવાન થકી ઈલ્કાબ ન થયો. સેવક થકી ઈ નિર્ગુણ થયું. કિરણ ૪૬૩

- ફાનસમાં દીવો એમ માને તો ખામી છે. ફાનસ છે ઈ અક્ષર છે. અક્ષરથી પર પુરુષોત્તમ છે. અક્ષરરૂપ થાવું જોઈએ, ને પુરુષોત્તમની ઉપાસના કરવી. એટલે ત્રણ તત્ત્વ થઈ ગયા. કિરણ ૪૬૩
- મૂર્તિમાં ભગવાન છે એમ ન કહેવાય. પણ મૂર્તિ છે ઈ જ ભગવાન કહેવાય. કિરણ ૪૬૩
- અંદર રહ્યા છે ઈ બીજાને નિર્ગુણ નહીં કરે. પણ અવયવ બદલી જાવા જોઈએ. એવું નિર્ગુણ જોઈએ. કિરણ ૪૬૩
- સમજણથી મુક્ત થયો હોય ને એક વૃત્તાંતથી મુક્ત થયો હોય. વૃત્તાંતથી મુક્ત થયો હોય ઈ ભગવાનમાં ન જોડે. ને સમજણથી મુક્ત થયો હોય ઈ ભગવાનમાં તત્કાળ જોડે. કિરણ ૪૬૩

- અક્ષરધામના અધિકારી કોણ છે ? પ્રગટ ઉપાસના હોય, વૈરાગ્યવાળો હોય, ભક્તિવાળા હોય, આત્મનિષ્ઠાવાળા હોય, જ્ઞાનવાળા હોય ને સાક્ષાત્ ઉપાસનાવાળા હોય ઈ અક્ષરધામના અધિકારી છે. કિરણ ૪૬૩
- પરમપદ એટલે પ્રત્યક્ષ ભગવાનનો આશરો એનું જ નામ પરમપદ. પણ સાધનની ખખ્ખા હોય એટલે ન સમજાય. સાધનની ખખ્ખા પારય ન પડે. કિરણ ૪૬૩
- સત્સંગમાંથી મનુષ્યભાવ આળસી જાય તો કંગાલપણું ઊડી જાય. મનુષ્યભાવ છે ઈ જ ભગવાનની માયા છે. કિરણ ૪૬૩
- સત્સંગમાં કોક ખાવા દ્યે તો ખાય. કોકનો ઓથ લેવો પડે. ઈ નાની ઘડિયાળ છે પણ મોટી ઘડિયાળ જેટલું કામ કરે. અક્ષરધામના છે ઈ તો મોક્ષ આપે

પણ આ મળ્યા છે ઈ પણ એના જેવો જ મોક્ષ આપી શકે છે. કિરણ ૪૬૩

- ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પધારે ત્યારે વાંસે કાંઈ ન રાખ્યું હોય. બધુંય આંયા લઈને આવે. ને આપણને આપીને વયા જાય. કિરણ ૪૬૪
- ઓળખાણ થઈ તો ભગત થાવો જોઈએ. નકર ઠગારો થાય તો શું કામનો ? કિરણ ૪૬૪
- અભિમાન જાય તો જ માયાને તરાય. દીનતા આવી ઈ જ માયાને તર્યો. કિરણ ૪૬૪
- ઉપાસનાનું બળ કેવું છે ? મનુષ્યચરિત્રમાં શંકા થાય તો દિવ્યસ્વરૂપ અદશ્ય થઈ જાય. કિરણ ૪૬૪
- નાની ઘડિયાળ અને મોટી ઘડિયાળ બેય કામ સરખું કરે છે. તેમ મનુષ્ય સ્વરૂપ છે ઈ નાની ઘડિયાળ છે ને દિવ્યસ્વરૂપ છે ઈ મોટી ઘડિયાળ છે. કિરણ ૪૬૪

- ઉપાસનાની લેનમાં ભડાકો બોલવવામાં ગુણાતીત ન અટકે. બીજા ગમે એવા હોય તો ય અટકી જાય. ઓલી ડોસીએ શેરગઢમાં ભડાકો બોલાવ્યો. તે સ્વામીને ન જાવા દીધા. તેમ સ્વામીએ પણ ભડાકો બોલાવ્યો તે સમાધિ તોડી નાખી. તો ય સેવ ખવરાવી એની બરોબર ન થાય. કિરણ ૪૬૪
- સ્ત્રી પ્યારી લાગે પણ જમનું દ્વાર છે. જમપુરીમાં જાવું હોય એનું દ્વાર ઈ જ છે. ચિત્રકેતુને કરોડ સ્ત્રીયું હતી પણ એકેયમાં સલવાણો નહીં. પણ પાર્વતીની ક્રિયા જોઈને સલવાઈ ગયો. કિરણ ૪૬૫
- સાધને કરીને મોક્ષ થાય ને ઉપાસનાએ કરીને મોક્ષ થાય એમાં આકાશ ને પાતાળનો ફેર છે એટલો ફેર છે. કિરણ ૪૬૫
- આંબાભગત દૃષ્ટાંત દેતા કે આપણે કાંઈ ખર્ચ કરીએ તો વાઘરા માંગવા આવે. તે ગમે એટલી

વાર ધો પણ જાય નહીં. પણ હાથ ધોઈને બેસી જાઓ તો જાય. એમ આ ઈન્દ્રિયું અંતઃકરણ છે ઈ વાઘરા છે. કિરણ ૪૬૫

- ભક્તોનો દ્રોહ કરે તો કલ્યાણ ન થાય. એવો શાસ્ત્ર કરનારાનો અભિપ્રાય છે. નકર(નહીંતર) ભક્ત ખોટા પડી જાય. કિરણ ૪૬૫
- બેય ભક્ત છે. એમાં આનો પક્ષ રાખવો ને આનો પક્ષ ન રાખવો. ઈ ભગવાનના ધર્મમાં આવે. પણ ભક્તના ધર્મમાં ન આવે. ને ભક્ત કઈ રીતે પક્ષ રાખે. તો ન્યૂન હોય એના ભેળું ભળવું. પણ અધિક હોય એના ભેળું ન ભળવું. ઈ ભક્તનો ધર્મ છે. કિરણ ૪૬૫
- વર્તમાન પાળતો ન હોય તેણે કરીને પોતાને ધિક્કારતો હોય ઈ દોષે જુક્ત છે. છતાંય એને નિર્દોષ કહ્યો. એક ધર્મમાં શિથિલ છે. ઈ મોટાથી

દબાય છે. દબાય છે ઈ દોષે જુક્ત છે. તો ય અધિક છે. એક દોષે જુક્ત નથી પણ મોટાથી દબાતો નથી. ઓલ્યો દોષે જુક્ત છે માટે દબાય છે. ને દોષ વિનાનો દબાતો નથી. કિરણ ૪૬૫

- અર્જુનના સૌ વખાણ કરે છે. એનું કારણ શું કે ભગવાનનું કહ્યું કર્યું એટલે ધર્મરાજાથી અધિક થઈ ગયો. કિરણ ૪૬૬
- ટેમ આવે ત્યારે શૂરવીર હોય ને લડાઈમાં કામમાં ન આવ્યો તો શું કામનો ? એમ મારું જ્ઞાન છે ઈ ટેમ આવે ત્યારે કામ ન આવે તો કામનું શું ? કિરણ ૪૬૬
- આપણો આશીર્વાદ કામ કરતો હોય ને ભગવાનના ભક્તનું દુઃખ ન ટાળીએ તો આપણો આશીર્વાદ શું કામનો ? જેની પાસે જે મૂડી છે ઈ ટેમે કામ ન આવે તો મૂડી કામની શું ? ઈ પૈસો કામનો શું ? કિરણ ૪૬૬

- તમારે કોઈને કાલની ચિંતા છે ? લૂંગડાંની, ખાવાની કોઈને ચિંતા નથી. ઈ ચિંતા કરનારા કરે છે. કિરણ ૪૬૬
- એક એક છાણું મંગાવીને રસોઈ કરતા એવી ટેમ હતી. ઈ ટેમ છે હવે ? હવે તો છતે દેહે ભગવાનના પાર્ષદ થઈ ગયા. તમને તો સોનાના ફૂલડેથી વધાવવા જોઈએ. પણ ભગવાન ભજો છો ઈ વધામણું એની આગળ કાંઈ નથી. કિરણ ૪૬૬
- સન્મુખ બેસીને વાતુ સાંભળો છો, માળા ફેરવતા હશો ને ધ્યાન કરતા હશો ત્યારે પણ મન નિર્વિકાર નહીં જ થાતું હોય, જેવું વાતું સાંભળતા હશો ત્યારે થાતું હશે. રાફડો થઈ ગયો ઈ થી પણ વિશેષ પ્રાપ્તિ છે. કિરણ ૪૬૬
- શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું કે, તમારી સાથે રમ્યા-ભમ્યા તો પણ બ્રહ્મચારી હોઈએ તો જમુનાજી માગ

દ્યે. એમ શિશ્નુ દ્વારા વીર્યનો પાત ન થાય તો બ્રહ્મચારી કહેવાય. કિરણ ૪૬૬

- ઊર્ધ્વરેતા એટલે તમારે ને ભગવાનને કેવું હેત છે ? એમ ભગવાનના ભક્ત સંગાથે હેત થાવું જોઈએ. એના આનંદે આનંદ ને એને ગેર આનંદે ગેરઆનંદ. એને લાભે લાભ ને એને ગેરલાભે ગેરલાભ. એમ થાય તો ઊર્ધ્વરેતા થાય. કિરણ ૪૬૬
- મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે એમ જાણે. એવી રીતે મોટા પુરુષના સ્વભાવને જાણવો. ઈ ઊર્ધ્વરેતા ગણાય. કિરણ ૪૬૬
- સોનાની હવેલી બાળીને સાધુ સમાગમ કરવો. સોનાની હવેલીમાં બેઠા ને આ સાધુ અને આ ભગવાન ન મળ્યા તો ઈ હવેલી શું કામની ? કુટુંબ ભેળો ભળ્યો ને ભગવાન અને સાધુ ન મળ્યા તો

ઈ કુટુંબ શું કામનું છે ? ઈ તો વીંછી જેવા છે. કિરણ ૪૬૬

- આપણી તો ગુણિયલ વાત જ લખાય ને ભગવાનની તો અવગુણવાળી વાત પણ લખાય. કિરણ ૪૬૬
- આ જગતમાં સુખરૂપ દુઃખરૂપ છે ઈ ધર્મ છે ને અધર્મ છે. ઈ બધુંય ભગવાનમાં દેખાય તો પણ સંશય ન થાય તો ઈન્દ્રિયુંમા નિશ્ચય છે. કિરણ ૪૬૬
- શમ-દમાદિક સત્ત્વગુણ, કામ, ક્રોધાદિક રજોગુણ ને આળસ, નિદ્રાદિક તમોગુણ ઈ ત્રણ ગુણના કાર્ય ન હોય તો અંતઃકરણમાં નિશ્ચય છે. કિરણ ૪૬૬
- ઋષભદેવનો દેહ દાવાનળમાં બળી ગયો એવી ગુણાતીત સ્થિતિ વર્તે તો પણ સંશય ન થાય તો જીવમાં નિશ્ચય છે. કિરણ ૪૬૬
- આ ચાર વાત નિત્યે પ્રત્યે કરવી. દેહમાંથી હેત

તોડીને જીવમાં કરવું. પદાર્થમાંથી હેત તોડીને ભગવાનની મૂર્તિમાં હેત કરવું. સંબંધીમાંથી હેત તોડીને ભગવાનના ભક્તમાં કરવું. ઈન્દ્રિયું અંતઃકરણમાંથી હેત તૂટી ગયું હોય એમાં હેત થાય ત્યારે અવતારમાં હેત થયું ગણાય. ભગવાનમાં હેત થાવું બાકી છે. કિરણ ૪૬૬

- ભગવાન ભજવા હોય એને કોઈની હાર્યે વેરવૃત્તિ હોય જ નહીં. કિરણ ૪૬૭
- તમે તમારી મે'તે વાત કરો તો રુચિ મળી કહેવાય. પણ હું પૂછ્યા પછી વાત કરો તો રુચિ મળી નથી. કિરણ ૪૬૭
- જે જુક્તિ કરતો હોય ઈ તમને છેતરે એનાથી છેટા રહેવું. જુક્તિ કરે એને ઓળખી કાઢવો જોઈએ. પછી રંગેલા લૂગડા હોય તો પણ ઓળખી કાઢવો જોઈ. કિરણ ૪૬૭

- જેવો જે માણસ હોય એવું એને રાખતા શીખ્યો એટલે ઈ વેવાર શીખી ગયો એમ સમજવું. કિરણ ૪૬૭
- દેશકાળ સમજે ત્યાર પછી પ્રાયશ્ચિત દે એવા પ્રાયશ્ચિત દેનારા હોવા જોઈ. ઈ એકેય ન ખમી શકે તો એનું પ્રાયશ્ચિત પોતે માથે લઈ લ્યે. ઈ ખપવાળો કેટલો છે કે પોતાના દોષ કહી દીધા એનું પ્રાયશ્ચિત માથે લેવું એમાં શું મોટી વાત છે ? પણ લેતા આવડવું જોઈ. કિરણ ૪૬૭
- ન આવડે તો દુનિયામાં ફજેત થાય. ગુણાતીતાનંદસ્વામીએ એક સાધુનું પ્રાયશ્ચિત માથે લીધું. પણ આવડવું જોઈ. કોઈએ પ્રાયશ્ચિત આપ્યું તેવે સમયે છાતીએ હાથ નાખ્યો કે તમે તમારુ કલ્યાણ કરજો એનું કલ્યાણ હું કરીશ. કિરણ ૪૬૭
- જેના હૃદયમાં ભગવાન હોય એની પાસેથી

ભગવાન જડે. પણ જેના હ્રદયમાં દાણાની જેમ જગત ભર્યું છે તે શું ભગવાન આપે ? કિરણ ૪૬૮

- બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ એને ધારવાપણું ઈ અક્ષરબ્રહ્મનું અન્વયપણું છે. ઈ ઉપાધિ એને ન વળગે ઈ વ્યતિરેકપણું છે. કિરણ ૪૬૮
- શરીર ગમે એવું કૂણું હોય તો ય કૂવામાં નાખ્યા જેવું છે. સાચા ભાવથી હાથ જોડવા એમાં બધાય સાધનનો સમાવેશ થઈ જાય. કિરણ ૪૭૧
- આનંદ આવ્યો કોને કહેવાય ? હીંહોરો છે ઈ આનંદ કહેવાય. સુખ છે ઈ પૃથક્ પૃથક્ છે. અમે આ ચોપડીમાં અહોહોહો......... બોલીએ ઈ આનંદની વાત છે. કિરણ ૪૭૨
- એકરુચિ કોને કહેવાય ? અંતરાય રહિત. આવરણે રહિત. બધા ઠેકાણે હિસાબ પણ ત્યાં હિસાબ નહીં. કિરણ ૪૭૨

- ન્યૂન ન થાય તો અંતરાય ન આળસે. હિસાબ ન લ્યે પણ હિસાબ ન આપે એનું ઢાંકો, એનું નામ એકરુચિ કહેવાય. કિરણ ૪૭૨
- સ્વામી-સેવકભાવ થાય તો અંતરાય ન રહે. નાનો હોય એને વિષે સેવકભાવ એમ કરીને જાતું કરે. કિરણ ૪૭૨
- જેટલો વિવેક આવડે એટલો સાધુ-સમાગમથી આવે. પણ સાધુ ભેળો રહે ને વિવેક ન આવે ઈ તો કામ, નેમિ, રાવણ ને રાહુ કહેવાય. કિરણ ૪૭૨
- આનો સ્વભાવ ન ઘટે એવો છે છતાં સત્સંગમાં નભ્યો જાય છે તો એનું પૂર્વનું ભારે બીજબળ છે. તો ય આ સાધુ દયાળુ છે તે કોઈને કટું વચન ન કહે પણ બહુ હેત હોય એને કહે. તે તમે આ ઠીક નથી કરતા. કિરણ ૪૭૨
- આપણો સ્વભાવ જ આપણને ફજેતને ફાળકે

ચડાવે એવો છે. છતાંય સંબંધી જેમ સ્વભાવને ન જોવે એમ ભગવાન ને સાધુ આપણા સ્વભાવ સામું ન જોવે. ઈ કેવડી એની દયા છે ! કિરણ ૪૭૨

- પોતાના દોષ ન દેખાય ને ભગવાનના ભક્તથી નોખું પડી જવાય ને ભગવાનના ભક્ત સાથે બેપરવાઈ રહેવાય ઈ સત્સંગમાં મોટામાં મોટું વિઘ્ન છે. કિરણ ૪૭૨
- સ્વભાવ મેલીએ એટલા જ આપણે સત્સંગી થયા છીએ. પણ સ્વભાવ છે ઈ તો ઠૂંઠો હાથ છે. ઈ બતાવાય નહીં. ને સ્વભાવ છે, ઈ વેરીમાં વેરી છે. કિરણ ૪૭૨
- સ્વભાવનો ઓળખવા શીખવા ઈ મોટાની મહેરબાની હોય તો કામ આવે. નકર સ્વભાવ ન ઓળખાય. સ્વભાવ ઓળખવો ઈ કાંઈ નાની સૂની વાત છે ? મૂવાના મઢ સુધી સ્વભાવ ન ઓળખે.

લાજ તો આપણા સ્વભાવ જ લેશે. પણ ભગવાનના ભક્ત આપણી લાજ લેતા નથી. કિરણ ૪૭૨

- એકાંતિક ધર્મમાંથી કોઈ'દિ પડે નહીં. એકાંતિકનો જન્મ છે ઈ પણ ભગવાનના ભક્તને અર્થે છે. એને દેહે કરીને મરવું ઈ મરણ નથી. એને તો ધર્મમાંથી પડી જાવું; ઈ જ મરણ છે. કિરણ ૪૭૨
- ક્રોધે કરીને પડયો તો એને સર્પનો અવતાર આવ્યો જાણવો. ને કામે કરીને પડયો તો એને યક્ષ, રાક્ષસનો અવતાર આવ્યો જાણવો. કિરણ ૪૭૨
- આ સત્સંગ વસ્તુ કેવી છે ? કે સો ગાઉથી સંભારો તો નિર્દોષ, નિષ્કામ, નિર્લોભ થઈ જાય. એને વિષે દોષ પરઠયો તો પોતાના ભૂંડા ઘાટ થવાના જ છે. કિરણ ૪૭૨
- ભગવાનના ભક્ત સાથે સખાભાવ હોય તો પ્રત્યક્ષ પૂજા ઠીક પડે. ને દાસભાવ હોય તો

માનસીપૂજા ઠીક પડે. કિરણ ૪૭૨

- ભગવાનના ભક્તની આગળ ઘાયલ થાય કે મરે તો એના પંચમહાપાપ નાશ થઈ જાય છે. ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે તો ભલે ધર્મે જુક્ત હોય કે તપે જુક્ત હોય તો પણ એનું કલ્યાણ ન થાય. માટે ભગવાનના ભક્ત બહુ મોટા છે. બહુ સમર્થ છે. જરાય પરતંત્ર નથી. સ્વતંત્ર છે. કિરણ ૪૭૩
- દેહનું બળ જોઈને ભગવાન તથા મોટા સાધુ કુરાજી થાય, ને મુમુક્ષુ હોય એને પણ દેહનું બળ જોઈને દાઝ થાય. કિરણ ૪૭૪
- મોટાની આગળ પોતાની ચતુરાઈ જાણવા જાય તો તો ઉઘાડુ થઈ જવાનું છે. કિરણ ૪૭૪
- અમે એટલું જાણીએ છીએ કે આ વાતને જે સાંભળે છે એના રૂંવાડા બરોબર આપણે નથી. ભગવાન

અને ભગવાનના ભક્ત છે ઈ પોતાની શક્તિ દાબી રાખે છે ને બીજા પોતાની ખરાબ શક્તિ છે ઈ પણ બહાર કાઢે છે. કિરણ ૪૭૪

- દેહ છે ઈ નરકની કોથળી છે. કિરણ ૪૭૪
- સંકલ્પ મેલ્યો ઈ પાછો આડો ન આવે તો ન્યારો ગણાય. કિરણ ૪૭૫
- આ સત્સંગને ન ઓળખીએ એટલો પરલોક ઓળખ્યો ન ગણાય. કિરણ ૪૭૫
- સાકારનિષ્ઠા થઈ એને મૃત્યુનો ભય આળસી ગયો. કિરણ ૪૭૫
- મન અસ્થિર છે ઈ સ્થિર થાવાનો ઉપાય જ સાકારનિષ્ઠા. કિરણ ૪૭૫
- સાકારનિષ્ઠા કેવી હોવી જોઈએ ? એક ધર્મ ને એક અધર્મ. પાપ-પુન્ય, સ્વર્ગ-વિસર્ગ, લાભ-ગેરલાભ, હાનિ-વૃદ્ધિ, સુખ-દુઃખ નોખા પડી જાવા જોઈએ.

તો સાકારનિષ્ઠા સમજ્યો ગણાય. કિરણ ૪૭૫

- સાકારનિષ્ઠા થઈ એને ભગવાન અળગા નથી. અંતર્યામી સમજવા ન પડે. કિરણ ૪૭૫
- કરોડ્યું ઉપાય કરો તો ય સ્વભાવ ન જાય. પણ આપણે એના અંતર્યામી થાઈ તો સ્વભાવ ટળી જાય. કિરણ ૪૭૫
- ભક્તને આલોકની મોટાઈ જોતી નથી. એટલે પોતાના ગુણ ઢાંકીને વર્તે છે. ને અભક્તને પૂજાવું છે ને વખાણ કરાવવા છે. કિરણ ૪૭૫
- જેટલો સાધુમાં જીવ બંધાણો એટલો સત્સંગ છે. બીજો બધોય કુસંગ છે. કિરણ ૪૭૫
- આપણે અભણિયા છીએ કાંઈ જાણતા નથી પણ કયાંય સભામાં જાઈએ ન્યાં કોઈ આપણો છેડો નહીં પકડી શકે. કિરણ ૪૭૫
- જીવના રૂપને દેખે ઈ સિદ્ધદશા. અનંતબ્રહ્માના

રૂપને દેખે ઈ સિદ્ધદશા. ને ભગવાનના સ્વરૂપને દેખે ઈ પણ સિદ્ધદશા. સ્થૂળવૃત્તિ આળસીને સૂક્ષ્મવૃત્તિ થાય ઈ પણ સિદ્ધદશા. પાછી વૃત્તિ વળે ઈ સિદ્ધદશા. કિરણ ૪૭૬

- અક્ષરધામમાં ચાર પ્રકારના મુક્ત છે. એક પોતાને દેખે છે, અક્ષરને દેખે છે ને પુરુષોત્તમને દેખે છે. ને વિશ્વને પણ દેખે છે. કિરણ ૪૭૬
- સાધારણ જીવમાં પ્રવેશ કરી શકે પણ મોટામાં પ્રવેશ કરવો ઈ સ્વામિનારાયણની સિદ્ધદશા છે. મોટાનો અભિપ્રાય જાણવો ઈ પણ એક સિદ્ધદશા છે. કિરણ ૪૭૬
- અભિપ્રાય એટલે શું ? એક રુચિ અને એક અભિપ્રાય. રુચિ એટલે ગમે ઈ. અભિપ્રાય એટલે કરવું. પોતે કરે ને કાં કરાવે. ને મરજી જાણીને કરે ઈ અભિપ્રાય. કિરણ ૪૭૬

- સ્વાભાવિક પંચવિષય છે ઈ બંધન ન કરે. પણ સારપ મનાય તો બંધન કરે. આપણે સ્વાભાવિક રીતે ભેળા રહેતા હોઈએ તો બંધન ન થાય. પણ સારપ મનાય જાય તો નોખું પડવું કઠણ પડે. કિરણ ૪૭૬
- ભગવાનનું સુખ કઈ રીતે ઘટે ? જે સુખ ભોગવો ને પાછી વૃત્તિ વળે ઈ ભગવાનનું સુખ. ને જે સુખ ભોગવો ત્યાં આસક્તિ થાય, ચંચળતા વધે, સંતોષ ન થાય ઈ જગતનું સુખ છે. કિરણ ૪૭૬
- ભગવાન સંબંધી પંચવિષયને ગ્રહણ કરતા ન શીખે, ભગવાન સંબંધી પંચવિષયને સમજતા ન શીખે તો વૈરાગ્ય કહેવાય પણ સમજણ ન કહેવાય. કિરણ ૪૭૬
- કાંઈ ન જોઈએ એને કોઈનું મગદું નહીં કે કોઈ રોકી શકે. જોતું હોય એને દુઃખ છે. કિરણ ૪૭૬

- જાણીતા હોય ન્યાં પાંચ વરસની વાત એક કલાકમાં નીકળી જાય. ને જાણીતા ન હોય ન્યાં પાંચ વરસે પણ એક કલાકની વાત ન નીકળે. અમારે તો આલોકમાં જાણીતું નહોતું થાવું પણ દુનિયાએ જાણીતા કરી દીધા. નકર તો અજાણ્યું ને અજાણ્યું વયું જાવું'તું. કિરણ ૪૭૬
- ભગવાનને જેવા સમજે એવો પોતે થઈ જાય. પણ સાધુને જેવા સમજો એવો થઈ જાય. એમાં અવતારીની પરીક્ષા થઈ જાય. ભક્તને જેવા જાણે એવો કરી દ્યે ઈ તો અવતારી કહેવાય. કિરણ ૪૭૬
- પગાર ઠેરાવ્યા વિનાનું મળી જાય. જો અવતારીના સંબંધવાળાનો મેળાપ થાય તો ! કિરણ ૪૭૬
- રસોઈ આપણે ખાવી છે તે કરવી પડે પણ ભાવથી ઉછરંગથી કરીએ ને ભગવાન પાડ ન માને તો આપણો હક્ક-હોદ્દો ન હાલે. ને હક્ક હોદ્દો હાલે ઈ

ક્યું સ્વરૂપ થયું ? એક અવતારી થયું ને એક સ્વરૂપ અવતારનું થયું. કિરણ ૪૭૬

- છપાતુ' તું ઈ મંડ્યું વંચાવા. લાભ લેનારા મંડ્યા લાભ લેવા. બીજા આળસમાં રહી જશે. કિરણ ૪૭૬
- આ બધાય બેઠા છે ઈ અનંત બ્રહ્માંડને પાંખમાં લઈને ઊડી જાય એવા છે. છતાંય જણાતા નથી. ઈ આપણી ખામી છે. ઈ ખામી કેદિ' ભાંગશે ? નિર્માની થાશું, હાથ જોડશું ત્યારે ખામી ભાંગશે. વગર સાધને ખામી ભાંગી જાશે. પણ આને તો સાધનથી ખામી ભાંગવી છે. ઈ નહીં બંધ બેસે. તમારા સ્વભાવને ટોકે તો જ સાધુ કહેવાય. નકર સાધુ ન કહેવાય. ભલે ને લૂગડાં પહેરીને બેઠો ભલેને પૂજાતો હોય. તો ય તમે એને સાધુ ન કહો. એનો ગુણ જ ઈ છે કે ખંડન કરવું. ઈ એકાંતિકનું

લક્ષણ છે. કિરણ ૪૭૭

● જ્ઞાનીને વિશે અંગ ક્યું ? કે પદાર્થમાત્ર છે એનું ખંડન ન કરે. તરછોડે નહીં. નિષેધ ન કરે ને વસ્તુ એને બંધન ન કરે. કિરણ ૪૭૭

● મા-બેન, દીકરીને ઉઘાડી દેખી જાવ તો કેવી મનમાં દાઝ થાય ? એમ ભગવાનના ભક્તમાં ભૂંડો ઘાટ થાય તો દાઝ થાવી જોઈએ. કિરણ ૪૭૭

● સ્વભાવ મોટા છે છતાં કાંઈક આવડે છે ઈ કૃપાનું મુખ્યપણું કહેવાય. કિરણ ૪૭૭

● દેહભાવ નોખો પાડી નાખવો ઈ એક કળ જબરી છે હો ! દોષ ફડાકા નાખતા હોય. ઠેકડો મારતા હોય. ને વિરામ પામી જાય તો કળ હાથ આવી કહેવાય. કિરણ ૪૭૭

● સ્વભાવ છે પણ આ સભા વિના રહી શકતો નથી. તો એનો સ્વભાવ નષ્ટ થઈ ગયો છે. કિરણ ૪૭૭

- દેહ સ્વભાવ છે પણ પાંચ પાંચ ખાસડા મારે તો ય સંગને મેલી શકતો નથી. એમાં તમારી ને મારી નજર પડતી નથી. ત્રીજો કોક નજર કરાવનારો જોઈ. કિરણ ૪૭૭
- સ્વામિનારાયણે છાતીએ હાથ નાખ્યો. જેના ઉપર અમે વારંવાર કઠણ વચનના ડંખ માર્યા હોય ને પાછો ન પડ્યો હોય ઈ અમને ત્રણ અવસ્થામાં ન સંભારીએ તો પણ સાંભરે છે. તો એમાં સ્વભાવ છે કે નથી ? ઈ આપણે જોવાની જરૂર નથી. મને તો એમ લાગે છે કે પહેલો નંબર તો ઠીક છે ને વચલો નંબર ઠીક છે પણ છેલ્લો નંબર તો ગજબ કરી નાખ્યો ! શાસ્ત્ર પડયા મેલી દીધા. લોકલાજ મેલી દીધી ! નિષ્ઠા જ બતાવી. કિરણ ૪૭૭
- સ્વભાવને રોકે ને રાજી થાવું. લપાટ મારે ને ગાલ ધરે ઈ કેવી વાત છે ? એટલું જ સમજવાનું છે. આ

તો મેં મારા પોતાના હૈયાની વાત કરી. કિરણ ૪૭૭

- સ્વભાવ છે ને કથા-વાર્તા કરે છે ઈ શું કહેવાય ? એને કથા-વાર્તા સારી લાગે એને સંત-સમાગમ સારો લાગે. એને સ્વામિનારાયણે શાસ્ત્ર મેલી દીધા. ને વાત કરી કે ઈ ભક્ત અમને ત્રણે અવસ્થામાં ન સંભારીએ તો પણ સાંભરે. કિરણ ૪૭૭
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિવાળો ગમે છે. એનું ગમતું મેલાવીને અમારા ગમતામાં વર્તાવીએ તો પણ દેહ પર્યંત ન મૂંઝાય ઈ પણ એવો જ છે. કિરણ ૪૭૭
- મોટા મોટાના શબ્દોની હાર્યું કરવી. ઈ શું કરે છે ? ને શું કરવાનું કહે છે ? એનો તપાસ કરવો. ને પછી ઈ માર્ગે હાલવું. કિરણ ૪૭૭
- ધામની મૂર્તિ ગુણાતીત છે ને મનુષ્યરૂપ મૂર્તિ ગુણાતીત છે. ઈ બેય સજાતિય કરો તો બંધ બેસે.

નકર તો ત્રણ ગુણમાં રહીને ઉપાસના કરો છો. કિરણ ૪૭૭

- જેના સંકલ્પ કરવા છે ઈ સામા બેઠા છે પછી કોના સંકલ્પ કરવા ? અમારું અંગ કહીએ કે અમને દમ હતો તે રાતે દમ વધારે રહેતો. પછી દી'એ તમારા બધાયના મોઢા દેખાય એટલે દમ ઓછો થઈ જાતો. રસ્તે હાલીને થાકી ગયા હોય ને કથા-વાર્તા થાતી હોય તો થાક ઉતરી જાય. કિરણ ૪૭૭
- આ સભાને જેમ દેખો છો. હાથ જોડાય છે એનું ધ્યાન કરવું- એમાં જરાય પ્રયાસ નથી. ને ઓલ્યું તો દાખડાવાળું ધ્યાન છે. જોઈ છીએ ઈ કેમ કરવું ? હું બોલું છું ઈ પ્રત્યક્ષ. ને લખ્યું ઈ પરોક્ષ કહ્યું. પ્રગટ કયું ? લખાઈ ગયું એનું નામ પરોક્ષ. મેં વાત કરી ઈ ઝીલી લીધી ને વૃત્તાંતમાં મેલી દીધી ઈ પ્રત્યક્ષ છે. ને વૃત્તાંતમાં ન મેલી તો પરોક્ષ થઈ ગઈ. કિરણ ૪૭૭

- ત્રણ અવસ્થામાં ગોથા ખાય છે ઈ કાદવમાં જ ગોથા ખાય છે. કાદવમાંથી બા'રા નથી નીકળતા. ગુણાતીત કેટલા ? જેટલો ભગવાનનો ને સાધુનો સંબંધ થયો એટલા ગુણાતીત છીએ બાકી તો ગુણમાં જ છીએ. કિરણ ૪૭૭
- ત્રીસ લક્ષણ શીખવા ઈ પૃથ્વીનો ઘોડો ફેરવ્યા જેવું છે ને ત્રીસ લક્ષણવાળા સાધુમાં જોડાઈ જાવું ઈ ફળિયામાં ઘોડો ફેરવ્યા જેવું છે. કિરણ ૪૭૭
- જે અવસ્થાના કર્મફળને ભોગવતો હોય ત્યારે એમાં રાજી રહેવું જોઈએ. સ્વપ્ન અવસ્થામાં જીવને જરાય થાક નથી લાગતો. થાક ન લાગે તો સુષુપ્તિ ટપી ગયા છો. ઈ હું છાતી ઠોકીને કહું છું. કિરણ ૪૭૭
- વિષયમાં આસક્તિ છે ઈ સુષુપ્તિ અવસ્થા. વિષયની આસક્તિ બેભાની છે. એમાં જરાય ભાન રહેતું નથી. કિરણ ૪૭૭

● સાધુ સમાગમ કરીએ ત્યારે દોષ દેખાય ને વિમુખને વિષય ભોગવે તો ય દોષ દેખાતા નથી. બેભાનો થઈ જાય પોતે જ નાશ થઈ જાય. આ સાધુ સમાગમ કરે છે ત્યારે દોષ દેખાય છે. ઈ જ પ્રકાશ છે. જાણપણું છે. ભૂલ દેખાય ઈ જ પ્રકાશ છે. ભૂલ ન દેખાય તો અંધારું છે. કિરણ ૪૭૭

● જેને રજ-તમના વેગ વર્તતા હોય એને ધ્યાન-ધારણાનો આગ્રહ ન રાખવો. એને તો ભગવાનનું ચિંતવન કરવું પણ વૃથાકાળ ન જવા દેવો. કિરણ ૪૭૭

● ભક્ત ભગવાનને ન સંભારી દ્યે તો વિમુખ ભૂલાવે તો શું કહેવું ? કિરણ ૪૭૭

● ભગવાનના ભક્ત પાસે દોષ દેખાણો તે ધર્મથી દોષ દેખાણો કે વૈરાગ્યે કે ભક્તિએ કે આત્મનિષ્ઠાએ કરીને દોષ દેખાણો ? જે ગુણે કરીને

દોષ દેખાણો એમાં હેત થાય. પછી પરલોક તો અનેક પ્રકારનો છે. કિરણ ૪૭૭

- હલકામાં હલકો હોયે એનો મહિમા સમજીએ તો વિશેષ મહિમા સમજાણો ગણાય. કિરણ ૪૭૮
- ભગવાનના ભક્ત બ્રહ્મની જ મૂર્તિ છે. એને આપણે કહીએ ને ઈ આપણને કહે તો પણ અવગુણ ન આવે ઈ વિશેષ વર્તમાન છે. કિરણ ૪૭૮
- જે નિ'મ રાખવું ઈ નિ'મ પાછું મુકવું ન જોઈએ. નકર તો નિ'મ રાખ્યું ઈ ઘડીક રાખે ને ઘડીક મૂકી દ્યે. એવા કેટલાય લપટણા હોય. પણ એમાં ખોટ એને છે. મહારાજ કહે કે તમારા વૃત્તાંત વાતુ કરશે. કિરણ ૪૭૮
- " જાણી પારકા દોષ દાટે, તે જીવના રૂડા થાવા માટે." એના દોષ દાટી ઘો તો ઈ માણસ તમારાથી દબાતો રહે. પણ આપણે ન જીરવી શકીએ.

આપણા દોષ કેમ ઢાંકી દઈએ છીએ તેમ એના દોષ ઢાંકો તો થાય. તો ઈ જીરવી શકે. તો કહ્યા વિનાનો જીતાઈ જાય. કિરણ ૪૭૮

- કેટલાકને સમાધિમાં દર્શન ન થાતા હોય ને ઓલ્યો તો જાગતો હોય તો ય ભગવાનનું સુખ લેતો હોય. ઓહોહોહો ! આપણા ક્યા જન્મના પુણ્ય હશે કે આવો ટેમ આવ્યો. આ ભગવાન મળ્યા ! નકર તો બાયડી-છોકરાના તિરસ્કાર સહન કરવા પડત. તો હેરાન થઈ જાય. કિરણ ૪૭૮
- સ્વરૂપનિષ્ઠા છે એટલું જ ભગવાનનનું દર્શન થયું કહેવાય. કિરણ ૪૭૮
- દેહરૂપ છે એને બ્રહ્મરૂપ માનો તો બ્રહ્મરૂપ થઈ જવાય. કિરણ ૪૭૮
- નિષ્ઠા વસ્તુ એવી છે કે કોઈને જણાવા ન દેવાય. એનું નામ નિષ્ઠા કહેવાય. કિરણ ૪૭૮

- જેટલો ભગવાનના ભક્તનો ગુણ આવે એટલી જ નિષ્ઠા પાકી થાય. કિરણ ૪૭૮
- જેટલું આપણે વર્તમાનમાં મેલીએ એટલું જ બીજાને આપી શકીએ. કિરણ ૪૭૮
- વાસના હોય તો પેટમાં સામતું ન હોય તો ય ખાધા વિના ન રહેવાય એનું નામ વાસના. કિરણ ૪૭૮
- એકેય પ્રકારનો સંકલ્પ ન થાય તો આત્મનિષ્ઠા કહેવાય. નકર સુખનો સંકલ્પ થાય તો અક્ષરધામનું સુખ કહેવાય. ને દુઃખનો સંકલ્પ હોય તો જમપુરી કહેવાય. કિરણ ૪૭૮
- દુઃખ અસાધારણ થાતું હોય તો ય સહન કરે. પણ દુઃખ મટવાનો સંકલ્પ ન કરે તો ભગવાન એના તખત ઉપર બેસી ન શકે. ઈ ભક્ત સારુ આંયા આવવું પડે. કિરણ ૪૭૮
- ભગવાનના મારગમાં લાજ ગઈ ઈ તો બહુ દુઃખ

કહેવાય. બ્રહ્મા, શંકર, સૌભરી, એકલશૃંગી-એના જુઓ તો ખબર પડે. હવે પાઘડીને છેડે તાર નાખી દ્યો. કિરણ ૪૭૮

- ભક્તિવાળો ચીપટીમાં આવી જાય. આત્મનિષ્ઠાવાળો પણ ચીપટીમાં આવી જાય. પણ જ્ઞાની ક્યાંય બંધાય નહીં ને પદાર્થનો નાશ પણ ન કરે. પદાર્થને અવિનાશી રાખીને નિર્બંધ રહે. કિરણ ૪૭૮
- એકાંતિક સાધુના વચનમાં જેટલો વિશ્વાસ એટલો નિશ્ચય કહેવાય. કિરણ ૪૭૮
- ઈન્દ્રિયુંનો એક સરખો વેવાર છે. જેવું બોલવું, સાંભળવું, ચાખવું ઈ વેવાર સરખો છે. ઈ વેવાર સરખો છે છતા જ્ઞાનીને જીતેન્દ્રિય કીધો છે. ધણીનો કોઈ ધણી છે ? કહી દીધું હવે આપણે શું કરીએ ? કિરણ ૪૭૮

- જ્ઞાનીના ઈન્દ્રિયું ભગવાન ગોતતા હોય. ને અજ્ઞાનીના ઈન્દ્રિયું ટેમ ગોતતા હોય એમ છે. કિરણ ૪૭૮
- ઊર્ધ્વરેતાનું લક્ષણ કેમ કર્યું છે ? મહારાજ આકાશ સરખા નિર્લેપ છે. એમ મુળજી બ્રહ્મચારી જાણે છે. તો એમાં કોઈ પ્રકારનો દોષ નથી. એવા રૂડા ગુણ આવ્યાનું સાધન તો મોટાને વિશે નિર્દોષ બુદ્ધિ છે ઈ જ ઊર્ધ્વરેતાપણું છે. કિરણ ૪૭૮
- વિષયનું રૂપ છે એવું જણાય તો ભોગવાય નહીં. વિષયનું રૂપ ઓળખતો નથી ને ગડગડતી મેલી એને શું કહેવું ? કિરણ ૪૭૮
- ભગવાનના ભક્તનો અવગુણ આવે જ નહીં તો જ ભક્ત થયો કહેવાય. નકર ભગત ઘટતો નથી. કિરણ ૪૭૮
- ભગવાનનું કર્મ છે ઈ આપણું અક્ષરધામ છે.

મહારાજ કહે કે અમારું કર્મ ભગવાન અને ભગવાનના ભક્ત માટે છે. એટલું આપણું અક્ષરધામ છે. કિરણ ૪૭૮

- ભોળાના ભગવાન છે. પણ બધાયના નથી. ત્યાગવલ્લભદાસસ્વામીને બધાય ભોળા કહેતા પણ આપણી સાથે હેત હતું. ઈ તો સત્યાગ્રહ વખતે ખબર પડી. કિરણ ૪૭૯
- કામી પુરુષ હોય એને દેખીને એમ થાય કે આવું હેત આપણનો ભગવાનમાં હોય તો ઠીક. કિરણ ૪૭૯
- જો અલ્પ આપત્કાળમાં આપણે ધર્મની રક્ષા કરીએ તો ધર્મ મહત્ આપત્કાળમાં આપણી રક્ષા કરે. કિરણ ૪૭૯
- જો પોતાના દુઃખની વાત બીજા આગળ કહે તો વિપરીતકાળ આવી જાય. વિપરીતકાળમાં કોઈ

સન્માન કરનારો મળે તો આપણું ભૂંડું થાય. પોતાના દુઃખની વાત ન કરે તો વિપરીતકાળ ન આવે. આપણા દુઃખમાં ભાગ લ્યે એમ તો ન હોય. એને શું વાત કરવી ! કિરણ ૪૭૯

- આપણા પરલોકના વેવાર સારુ થઈને ભગવાનના ભક્ત સાથે તોછડાઈ ન કરવી. તોછડાઈ કરવામાં ફાયદો શું છે ? કોયલ બોલે તો સાંભળવાનું મન થાય ને કાગડો બોલે તો પાણો લેવો જોઈ. કિરણ ૪૭૯
- કોઈ આપણને હળવું વેણ કહે એવો ટેમ આવવા ન દેવો. કિરણ ૪૭૯
- મોઢામાં દાંત નથી. એટલે બોલવું હોય કાંઈ ને બોલાઈ જાય કાંઈ પણ તમારા મોઢાં જોઈને ન બોલવું હોય તોય બોલાઈ જાય. બધાય સામું જોઈ રહ્યા છે કે સ્વામી કાંઈ કહે છે ? પણ તમે શાનમાં

સમજો એટલું સ્વામી કહે. શાનમાં બતાવે એમાંથી ઝીલી લ્યે તો સવા લાખનું મોતી થાય નકર તો ફટાકિયું થાય. શાનમાં સમજે ઈ જ સમજ્યો કહેવાય. કારણ કે ભગવાનની વાત કોઈને કહેવાય નહીં. કિરણ ૪૭૯

- ભેળા રહેવાથી હાનિ થાતી હોય સુખમાં, તો શું કરવા ભેગા રહેવું? તો તો નોખા રહેવું. કિરણ ૪૭૯
- નિષેધ કરો એટલે ભગવાનની વાત. આદર કરો એટલે લોકની વાત. કિરણ ૪૭૯
- દેહને રાખો એટલે દેહાભિમાન ને દેહને તરછોડે એટલે આત્મનિષ્ઠા છે. કિરણ ૪૭૯
- કોલસા દૂધથી ધૂઓ તો ય કાળા જ હોય. દેહનું રૂપ અસાર, નાશવંત, કાળના મોઢામાં છે. એની આશા રાખીને બેઠો એની કેવી સમજણ કહેવી ? કિરણ ૪૮૦

- ભગવાનનું સ્વરૂપ, સંતનું સ્વરૂપ ને ભગવાનની આજ્ઞા - ઈ ત્રણ વાતમાં ભગવાન રાજી ને રાજી છે. એને ધન્યવાદ છે. કિરણ ૪૮૦
- ભગવાનની આજ્ઞા પાળે ઈ સંતનું સ્વરૂપ ને દેશકાળે સ્થિતિ રહે ઈ ભગવાનનું સ્વરૂપ. કિરણ ૪૮૦
- પંચવિષયમાં ન લેવાય ઈ ભગવાનનું સ્વરૂપ છે. કિરણ ૪૮૦
- ભૂખ છે ઈ મનની છે. દેહની ભૂખ તો એટલી જ છે કે દેહ અશક્ત થઈ જાય ને ફેર ચડે એટલી જ દેહની ભૂખ છે. બાકી તો મનની જ ભૂખ છે. કિરણ ૪૮૧
- રાગ ટળે એનું નામ જ્ઞાન. જ્ઞાન એટલે જ્ઞાન. એની આગળ ધ્યાન પણ કૂચા. કિરણ ૪૮૩
- ભજન તો જ્યાં સુધી જાણપણું હોય ત્યાં સુધી જ થાય. કિરણ ૪૮૩

- સરળ પ્રકૃતિ હોય ઈ બ્રહ્મનું તેજ. પરબ્રહ્મનું તેજ ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ હોય ઈ સ્વાભાવિક રીતે રહ્યા હોય. કિરણ ૪૮૩
- મોહ વિવેકમાં પ્રગટ છે તે વિચારજ્યો. મોહમાં વિવેક હોય જ નહીં. કિરણ ૪૮૩
- અવતારની કૃષ્ણની ક્રિયા ને અક્ષરની ક્રિયા તપાસો તો ખબર પડે. શ્રીકૃષ્ણે એમ કહ્યું કે; દુઃખે કરીને ન તરાય એવી માયા ઈ મને પામે ઈ તરી જાય ને અક્ષરનો વિશ્વાસ કરે તો તરી જાય. કિરણ ૪૮૪
- ‘‘ભગવાનનું સુખ કોઈ જાણી ન શકે. એનું નામ ભગવાનનું સુખ છે.’’ કિરણ ૪૮૪
- મારા ગુરુ લાજે એમ દાઝ થાવી જોઈ. તેના હૃદયમાં સત્સંગ પ્રધાન રહે. કિરણ ૪૮૫
- જગતના પદાર્થથી નિસ્પૃહી થાવ તો તમને ભગવાનનું સુખ હાથ આવે. કિરણ ૪૮૫

- ઐશ્વર્યમાં જોડે ઈ પુરુષોત્તમ નહીં, ને વિષયને વિષે જોડે તો એકાંતિક નહીં. કિરણ ૪૮૫
- ન્યાયથી ગૃહસ્થ સંતોષી થાય. અન્યાયથી કામો ઈ ક્યાં જાય ? બીજે રસ્તે જાય. વિશ્વાસી આવ્યો એને છેતરવો નહીં. કિરણ ૪૮૫
- અક્ષરધામમાં ભેળા રહેવાય એવા સ્વભાવ કરે તો બસ. કિરણ ૪૮૫
- નિસ્પૃહી થઈને પછી ભગવાનમાં હેત કરે તો મહારાજ એને જુવે છે. કિરણ ૪૮૬
- પદાર્થ વિનાનું સુખ ભગવાનનું છે. ને પદાર્થ સોતુ સુખ માયાનું છે. પદાર્થવાળું કલેશવાળું છે. ને ઓલ્યું કલેશ વિનાનું છે. કિરણ ૪૮૬
- મોક્ષ કઈ રીતે કહ્યો છે ? જ્યારે શિષ્ય ગુરુ પાસે આવે ને મહાવાક્યનું ગ્રહણ કરે તો મોક્ષ થઈ ગયો કે થાશે ? શિષ્યને વિશ્વાસ આવે એટલું કામ થાય. કિરણ ૪૮૭

- નિર્માની થયો એટલે બ્રહ્મ થઈ ગયો. કિરણ ૪૮૭
- ગમે એવો પુરુષ હોય ને સ્ત્રીનો સહવાસ થાય તો એનો ધર્મ ન રહે. કિરણ ૪૮૭
- ભગવાનના ભક્તની મોટાઈ શેમાં છે ? દોષ હોય ને લડાઈ લેતો હોય ઈ મોટાઈ છે. જો બીવે ને પાછો હઠે તો તો કાયર કહેવાય. પણ જો પાછો ન હઠ્યો તો દોષ નાશ થઈ જવાનો છે. કિરણ ૪૮૮
- પૈસો આપવો હોય તો આપી દ્યે, રાજ આપવું હોય તો આપી દ્યે. પણ દેહે કરીને કરવું ઈ બહુ કઠણ છે. કિરણ ૪૮૮
- અક્ષરધામમાં જાઈ ને જે સુખ મળે ઈ આંયા ભગવાનના ભક્તની ઈચ્છા પ્રમાણે રહીએ તો એવું જ સુખ આવે છે. કિરણ ૪૮૯
- મુક્તિ એટલે શું ? જે પદાર્થ સારું જીવ માથા કપાવે છે ઈ માથા ન કપાવે એટલે મુક્તિ કહેવાય. કિરણ ૪૮૯

- ભગવાનનો ભક્ત વાંકમાં આવે તો ય એનો પક્ષ રાખવો. કિરણ ૪૮૯
- જેની પાછી વૃત્તિ હોય ઈ ભવિષ્યકાળને ઓળખી શકે. કિરણ ૪૮૯
- સારું દેખે ત્યારે મન મૂંઝાવું જોઈ. જેવું તેવું વસ્ત્ર હોય એમાં આનંદ હોય એવો સારા વસ્ત્રોમાં આનંદ ન હોય. મન મૂંઝાય. ઓલ્યાને નબળામાં મન મૂંઝાય ને ઓલ્યાને સારામાં મન મૂંઝાય એનું નામ એકાંતિક. કિરણ ૪૮૯
- નિષ્કપટ થયો એટલે બ્રહ્મરૂપ થયા વિના રહે જ નહીં. સર્વજ્ઞ છે, સર્વ વાતને જાણે છે પણ કહેતા નથી. આપણા રૂડાને અર્થે નથી કહેતા. આપણા દોષને દેખે છે પણ ટાળતા નથી ઈ આપણા રૂડાને અર્થે ટાળતા નથી. ઈ વાત હાથ આવે તો નિષ્કપટ થવાય. કિરણ ૪૮૯

- હું એમ વિચાર કરું છું કે અઠ્ઠાવનની સાલમાં ઘરેથી હું નીકળ્યો તે એક કડિયું પહેર્યું હતું. ઈ છોકરો કેવો લાગતો હશે ! ને તરણેતરમાં પણ કોઈએ રાખ્યો નહોતો. છપનિયો દુકાળ હતો. ને સત્તાવન સુકાળ ને પાછો અઠ્ઠાવનમાં દુકાળ હતો. ખૂબ વરસાદ વરસ્યો ને સાંબો થઈ પડ્યો. ને તલહરા થઈને સાંબો ખાઈ ખાઈને વાયુ થાય ને માણસ મરી જાય. ને અમને પણ વાયુ થયેલું પણ અમે રહી ગયેલા ને અમારા મા-બાપ મરી ગયા. કિરણ ૪૮૯
- ગંગા, જમુના, સરસ્વતી નહાય તો પણ માન ન જાય. પણ આ ભગવાનના ભક્તને પગે લાગે તો માન વયું જાય. આ મનુષ્યદેહનો મહિમા સમજાય તો માન વયું જાય. કિરણ ૪૯૦
- આ મનુષ્યદેહે કરીને ભગવાનનો દાસ બની જાય

તો ફરીવાર ભટકણમાં ન આવવું પડે. એમ સમજે તો કીડી જેવા ય જીવને ન દૂવે. નકર તો હું પણ એક છું એમ થાય. કિરણ ૪૯૦

- ચોસઠપદીની પહેલી જ વાર જૂનાગઢમાં કથા થઈ ને ગુણાતીત, ગુણાતીત, ગુણાતીત ને ગુણાતીત મંડ્યું થાવા. ઈ બધાય અંતર્યામી હતા. બહુનામી હતા. પરલોકના હતા. આ લોકના નહોતા. આ લોકના હોય તો વળાવિયા થયા હોય ને સાધુ થોડાક થઈ જાય ! કિરણ ૪૯૦
- આપણા ગુરુ કૃષ્ણસ્વરૂપદાસસ્વામીએ ગોંવિદાનંદસ્વામી પાસે વર્તમાન ધરાવેલા. ઈ ગઢડામાં રહેતા. બહુ વૈરાગ્યવાળા હતા. એવા સમર્થના આપણે છીએ. આપણે તો ધારીએ તે થાય. પણ નથી ધારતા તે ઠીક છે. કિરણ ૪૯૦
- આંહીથી વરતાલ સુધી સડક કરી દઈએ તો છાંયડે

ચાલ્યા જાઈએ. પણ ભજન કરવાનું રહી જાય. ને પાછી વૃત્તિ વાળવાનું રહી જાય. અહો ! અમૃતની એલી થઈ !“આજ આનંદ આપ્યો અતિ ઘણો રે,આ સમામાં અલબેલ, પુરુષોત્તમ પ્રગટી રે.” કિરણ ૪૯૦

- સાક્ષાત્ સવિતા વાંચો તો ઈ જ તમને અંતકાળે તેડવા આવે. કિરણ ૪૯૧
- પોતાને મળ્યું ભગવાનનું સ્વરૂપ ઈ પોતાના ઈષ્ટદેવ. કિરણ ૪૯૨
- સ્વામિનારાયણિયો થયો એના પ્રારબ્ધમાં ચોખ્ખે ચોખ્ખા ભગવાન છે. બધુંય મળશે પણ આ સમય નહીં મળે. કિરણ ૪૯૨
- દુબડી ભટ્ટના તેર દોકડામાં મહારાજે એમ કહ્યું કે ગોપીનાથજીના મંદિર પૂરા હો ગયા. સાધુનો ગુણ આવે તો કામ થઈ જાય. બુદ્ધિ ન હોય તો બુદ્ધિ

આવી જાય. હોંશિયારી ન હોય તો હોંશિયારી આવી જાય. ડહાપણ ન હોય તો ડહાપણ આવી જાય. કિરણ ૪૯૨

- ભગવાનનાં સ્વરૂપમાં મગન થાય તંઈ જગત ન ભાસે. જગત તો રહેવાનું છે. પણ ભગવાનના સ્વરૂપમાં તમે સંલગ્ન થઈ જાવ તો નાશ થઈ જાય. કિરણ ૪૯૨
- ચિત્રકેતુ રાજાને કરોડ સ્ત્રીઓ હતી. ને છેલ્લી વારે દુઃખ થયું. એવી સ્ત્રી છે. સંકલ્પમાં સ્ત્રી હાજર થઈ જાય. એવી કરોડ્યું સ્ત્રીઓ હતી. છતાંય એમાંથી દુઃખ થયું ઈ કેવું છે ? કિરણ ૪૯૨
- જેને જેવા છે એવા જાણો એટલે એવા થઈ જાવ ઈ જ્ઞાન બુદ્ધિ પારનું જ્ઞાન છે. પણ બુદ્ધિની આનીકોરનું નથી. જ્યાં બુદ્ધિની મોટાઈ હોય એનું કામ નથી. કિરણ ૪૯૨

- એક રુચિ ક્યારે ગણાય ? પૂછ્યા વિના વાત કરે તો એક રુચિ ગણાય. એક રુચિવાળા બે હોય તો લાખું ને કરોડ્યું છે. કિરણ ૪૯૨
- આત્મારૂપ છે ઈ સાધનવાળો છે ને છ ઉર્મિએ રહિત હોય ઈ ઐશ્વર્યવાળો છે. ભૂખ-તરસ, હરખ-શોક, મરવું-જીવવું, જરા ને મૃત્યુ ઈ છ ઉર્મિ છે પણ પ્રગટ ભગવાનની ઓળખાણ ન થાય તો બહુ ખામી રહી જાય. કિરણ ૪૯૨
- છ ઉર્મિએ યુક્ત શ્વેતદ્વિપના મુક્ત છે. એને પાંચ વાર ભગવાન દર્શન આપે છે. પણ અક્ષરધામમાં જાતા નથી. કિરણ ૪૯૨
- પ્રગટ ભગવાન મળ્યા છે. એની ગાફલાઈ છે એટલે દોષ ટળતા નથી. મહિમા છે ઈ ધર્મ પાળવામાં મોટો અંતરાય છે. કિરણ ૪૯૨
- જે ભક્તની હારે આપણને વાંધો હોય ઈ રૂપે જ

ભગવાન તેડવા આવે તો શું કરવું ? સ્વર્ગમાં જાવાના પ્રારબ્ધ હોય ને સત્પુરુષનો કોપ થાય તો નરકમાં પડવું પડે. ને નરકમાં જાવાના પ્રારબ્ધ હોય ને સત્પુરષનો અનુગ્રહ થાય તો સ્વર્ગમાં જાય. તમે અમારા છો અમે તમારા છીએ. અક્ષરધામમાં ભેગું રહેવું છે ને આંયા પણ ભેગું રહેવું છે. એકબીજાની હારે હેત છે ઈ જબરી વાત છે. કિરણ ૪૯૩

- સ્વાર્થબુદ્ધિ હોય તો ભગત કહ્યો પણ સવિકલ્પ નિશ્ચયવાળો છે. સ્વાર્થી ભગત હોય ઈ સાચી વાત ન કરે. કિરણ ૪૯૩
- સારાની કોર રહેવું ઈ જ સારું અભિમાન કહેવાય. પણ સારાની કોર ઊભું રહેવામાં શું ભય લાગતો હશે ? કિરણ ૪૯૩
- કાઠિયાવરણની સ્ત્રીને બીજો કોક લઈ જાય તો કાઠિયાવરણની લાજ જાય. એમ આપણે

સ્વામિનારાયણના છીએ ને બીજા આપણને લઈ જાય તો લાજ સ્વામિનારાયણની જશે. કિરણ ૪૯૩

- આપણે દુઃખ થાય ત્યારે એમ સંકલ્પ થાય કે મારું દુઃખ કોક મટાડે તો ઠીક ! તો આપણને પતિવ્રતાના અંગમાં એટલી ખામી છે. કિરણ ૪૯૩
- દોષ દેખાય ઈ જ નાશ પામ્યો ગણાય. કિરણ ૪૯૪
- નારદમુનિને ના પાડી કે સ્ત્રીને ન જોવી તો પણ કન્યાનો હાથ જોયો એટલે બંધન થયું. આ વાત અમે વલ્લભભાઈને કરી છે. બીજાને નથી કરી. કિરણ ૪૯૪
- મનુષ્ય સ્વરૂપ છે ઈ કોક દિ અલૌકિકપણું જણાવતું નથી ને દિવ્ય સ્વરૂપ દર્શન દેતું નથી. જેની પાસે બેસો ને પાછી વૃત્તિ વળે, દોષ દેખાય, ભગવાન સાંભરે ઈ મનુષ્ય સ્વરૂપમાં અલૌકિકપણું છે. કિરણ ૪૯૪

- બ્રહ્મરૂપ થયા પછી હેત કરે તો નિર્વિકલ્પ કહેવાય. નકર તો સવિકલ્પમાં ઘટે છે. કિરણ ૪૯૫
- આપણે સ્વામિનારાયણના થયા એટલે અક્ષરધામ આપણું છે. પણ ખોટ હશે ઈ ટાળવા ગમે ન્યાં મોકલશે. કિરણ ૪૯૫
- સ્વામિનારાયણિયો હોય તો શત્રુના ઝપટામાં ન આવે. તો જ સ્વામિનારાયણિયો કહેવાય. નકર તો સો પ્રકારના મૂર્ખા છે ઈ માંયલો કહેવાય. કિરણ ૪૯૫
- આત્મસત્તારૂપે વર્તવું ઈ કરતા સત્પુરુષની આજ્ઞામાં વર્તવું ઈ શ્રેષ્ઠ છે. આ શબ્દ મનાય જાય એટલે એમ માનવું કે તમે શ્રીજી મહારાજના ગોઠણ દબાવીને બેઠા છો. આ આટલો મહિમા સમજાય જાય તો આપણે શ્રીજી મહારાજની સમીપે બેઠા છીએ. કિરણ ૪૯૫

- આ અમે શાસ્ત્ર કર્યું એમાં ઘણાય મને મૂર્ખ કહેશે. બહુ મહિમા કહ્યો છે. ઈ ધર્મ પાળવામાં વિઘ્ન છે. પણ અત્યારે ધર્મ કોઈને કયાં પાળવો જ છે ? ઉઘાડા પટિયા રાખીને રખડે છે. તે સ્ત્રી ને પુરુષની ખબર ન પડે. જે ટોકે છે ઈ અમૃત છે. નથી ટોકતો ઈ ઝેર છે. કિરણ ૪૯૫
- ભગવાનને જેવા જાણો એવા તમને કરી દ્યે. કમાલદીનખાન વાત સમજ્યો. બોલનેવાલા તો ખુદા હે પણ લીખનેવાલા ભી ખુદા હે. વિવેક છે ઈ દશમો નિધિ છે. કિરણ ૪૯૫
- વિવેક છે ઈ ભગવાન સંબંધી પંચવિષય છે. કિરણ ૪૯૫
- ભગવાનનું જ્યાં પ્રધાનપણું હોય ને ત્યાં ખૂણેખાંચકે ભગવાનની જ વાતું થાતી હોય. ભગવાન તો અલખ છે. ઈચ્છા થાય તો નિશ્ચય કરાવે ને નકર

કાકડી ખાય. કિરણ ૪૯૫

- ભલે કથા-વાર્તા કરતો હોય પણ દેહની ખબર રહે છે ઈ સવિકલ્પ નિશ્ચયવાળો છે. કિરણ ૪૯૫
- મનુષ્યદેહ મળ્યો એને એક પગલું અક્ષરધામમાં ને આવા સાધુની ઓળખાણ થઈ એને બેય પગલા અક્ષરધામમાં છે. આ સત્સંગ અમૂલ્ય છે. અનંત ગોરધનભાઈ, અનંત પરબતભાઈ, અનંત અંબરીષ આ સત્સંગમાં છે. પણ જણાતા નથી. કિરણ ૪૯૫
- એક પગલું કેનું અક્ષરધામમાં છે ? મનુષ્યદેહ જેને પ્રાપ્ત થયું એનું એક પગલું અક્ષરધામમાં છે. ને જેને આવા સાધુની ઓળખાણ થઈ એના બેય પગલા અક્ષરધામમાં છે. ભૂખલી વાત છે પણ યાદ ન રાખે આવી અલૌકિક વાત છે. પૃથ્વીના છેડા સુધી ગોતવા જાવ તો ય મળે નહીં. કિરણ ૪૯૫

- સુખ છે એમાં દુઃખ દેખવું ઈ એકાંતિકની દષ્ટિ છે. કિરણ ૪૯૫
- બ્રહ્મરૂપ કોણ કહેવાય ? આવા સાધુને બ્રહ્મરૂપ જાણે ઈ બ્રહ્મરૂપ. સત્સંગની આગળ નિર્માની થયો, થોડો થોડો થયો, હલકો થયો- ઈ બ્રહ્મરૂપ છે. કિરણ ૪૯૫
- એક ચીજના બે ધણી થાય એટલે ઈ સુવર્ણ થઈ ગયું. કિરણ ૪૯૫
- ભગવાનનું સુખ નિર્ગુણ કેમ છે. આનંદ ખરો પણ અપમાનમાં આનંદ, દુઃખમાં આનંદ હોય તો જ ભગવાનનું સુખ હાથ આવે. કિરણ ૪૯૫
- જ્યાં સુધી ઈન્દ્રિયુ દ્વારે પ્રીતિ હોય પંચવિષયમાં ત્યાં સુધી એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે !
- થોડાં ભલે હોય પણ સમજણવાળા હોય તો સારુ.

જ્યાં જોડો ત્યાં જોડાય એવા જોઈએ. ઘર કરે ત્યાં જ ગાડું ઊચું ઉપાડી લ્યે એવા થાવા જોઈ. કિરણ ૪૯૭

- એવું હોવું જોઈએ કે આ એક જણો કહે એમ મારે કરવું છે. પણ પ્રકૃતિને આધીન થાય ત્યારે એક જણો કહે એમ પણ ન કરે. કિરણ ૪૯૯
- ભગવાનના ચરિત્ર ઈ શુભ ને અશુભ બેય મોક્ષ કરનારા છે. કિરણ ૪૯૬
- ભગવાને કાકડી ખાઈને કલ્યાણ કર્યું. કોણીએથી ઘી ચાટીને કલ્યાણ કર્યું. મોક્ષભાગી હોય ઈ સમજે નકર ન સમજે. કિરણ ૪૯૬
- સત્સંગ જીવમાં કેમ ઉતર્યો ગણાય ? સંતોષ થઈ જાય તો સત્સંગ જીવમાં ઉતરી ગયો ગણાય. કિરણ ૫૦૧

● મહિમા સમજવામાં અભિમાન આડું આવે છે.“ કનક તજ્યો, કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ, તુલસી લઘુ ભોજન કરી, જીવે માન કે રંગ.’’ એવું માન છે. ઈ તો મોટા પુરુષ રાજી થાય તો ટળે. કિરણ ૫૦૧



# સાક્ષાત્ સવિતા મહિમા

પ.પૂ. ગુરુમહારાજની હયાતીમાં સાક્ષાત્ સવિતાનું પ્રથમ પ્રકાશન કરવામાં આવ્યું ત્યારે પ.પૂ. ગુરુમહારાજે પોતે મહિમા લખાવ્યો. પશ્ચાત્ પ.પૂ. ગુરુમહારાજે વચનામૃત તેમજ સાક્ષાત્ સવિતાના અનુસંધાને જયારે જયારે સહજતાથી કથાવાર્તા કરતા ત્યારે સાક્ષાત્ સવિતાનો મહિમા કહેલો તેનો અહીંયા ઉલ્લેખ કરતા આનંદ અનુભવીએ છીએ.

૧. સાક્ષાત્‌નો મહિમા સમજાય તો બંધ બેસે. સાક્ષાત્ સવિતામા હેત થાય તો જ મીઠું લાગે. કિરણ ૨૪૪

૨. **રવિ મંડળમાં રાતતણું દુઃખ નવ નડે,**
**પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો.**

તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે, તેનો મહિમા ભવબ્રહ્માદિક ગાય જો.

આ એક કડી ઉપર આખો ગ્રંથ કહ્યો છે. કિરણ ૨૭૯

૩. મોક્ષની ઈચ્છાવાળાએ જેવું ભાઈમાં હેત છે એવું ભકતમાં કરવું. ભાઈયું કોઈ ભેળા રહેતા નથી. કયે ભાવે કરીને ઉપાસના કરવી ? મહારાજની સામા બેઠા હતા એને માટે આ લખ્યું નથી પણ આપણા માટે લખ્યું છે. કિરણ ૩૩૪

૪. આ દુનિયામાં, આ લોકના ખપવાળા ઝાઝાં મળે પણ પરલોકનાં ખપવાળા ન મળે. ભગવાનમાં જેને શંકા હોય એને આ ગ્રંથ ન આપવો. કિરણ ૩૪૪

૫. આ સુખ, આ કથા અલૌકિક છે. હાનિ હોય તો પણ લાભ થઈ જાય. દુઃખ હોય તો પણ સુખ

થઈ જાય. કિરણ ૩૬૧

૬. આ વાતુ એવી છે કે બ્રહ્મરુપ કરી દ્યે. આપણે હિંમત હારીને ચોપડી મુકી ન દેવી. પછી જો હિંમત રાખશું. તો ઈ જ આપણને સમજાવનારા છે. કિરણ ૩૬૫

૭. સવિતામાં એમ લખ્યું છે કે, સુખ ઓલ્યો લોક છે. ને દુઃખ આલોક. એનો આધાર જાણપણું છે. કિરણ ૩૬૬

૮. આમ સમજે તો સવિતાનુ જ્ઞાન થાય. સવિતા એટલે ?

**રવિ મંડળમાં રાતતણું દુઃખ નવ નડે.**
**પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો,**
**તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,**
**તેનો મહિમા ભવબ્રહ્માદિક ગાય જો.**

આ કડી ઉપર આખો ચોપડો છે. એવા ચોપડાં

તો બાણું લાખ થઈ જાય. એવું ભગવાનનું સ્વરુપ છે. ઈ જાણવામાં ન આવે, દેખવામાં ન આવે, સ્પર્શમાં ન આવે, ગ્રહણ કર્યામાં ન આવે એવું સ્વરુપ છે. વેદ પણ નેતિ નેતિ કહીને ઉભા રહી જાય છે. આ વાતનો વિચાર કરો તો ખબર પડે. કિરણ ૩૬૬

૯. શુક, સનકાદિક, નારદ હતા ત્યારે કોઈએ ન જાણ્યા પણ ગયા પછી પરમાણ્યા ઈ ભગવાનની વાત છે. અમે આ ચોપડીમાં કોઈની નિંદા કરી નથી. કિરણ ૩૯૬

૧૦. **જયારે ગણ્યો પોતામાં ગુણ મળ્યો માયાને લાગ.** ચોપડી લખીને માન આવે તો માયાને લાગ આવે પણ અમે તો માયાથી અળગા જ રહીએ છીએ. કિરણ ૪૦૪

૧૧. બહુ મોટો બહુ મોટી યશકીર્તિ આની તો આગળ ગવાશે. આજ નહીં ગાય. કિરણ ૪૦૭

૧૨. પુસ્તક તો ઘણા જ વાંચ્યા હશે પણ આવું નહિ વાચ્યું હોય. કિરણ ૪૧૭

૧૩. હું બોલું છું ને આ લખે છે ઈ સાકાર ને લખાઈ ગયા પછી ઈ નું ઈ પરોક્ષ છે. ને તમારા અંતરમાં ઉતરી ગયું તો પ્રત્યક્ષ થયું. કિરણ ૪૧૮

૧૪. આપણે નિર્ભય થઈ ગયા છીએ એટલે ચોપડી સૌને હાથમાં દઈ દીધી. ભગવાનના ભકતની આપણા ઉપર એટલી દયા છે. કિરણ ૪૨૧

૧૫. આપણે પણ આ ચોપડીમાં ઉમળકો આવે ત્યારે અહો લખ્યું હોય. ઓહોહો !! આ જીવ કયાં ને ભગવાન કયાં ! કિરણ ૪૨૫

૧૬. લખનારાનો અભિપ્રાય જાણો એટલે ઈનું ઈ નિષ્કામી વર્તમાન સુખદાયી થઈ જાય ને લખનારાનો અભિપ્રાય ન જાણો ને તમારા વિચારથી હાલો તો નિષ્કામી વર્તમાન સુખદાયી ન થાય. કિરણ ૪૨૬

૧૭. આ મેં શબ્દ કાઢયો ઈ ગામમાં તો ઠીક પણ દુનિયામાં સોંસરો નીકળી જશે. કિરણ ૪૩૦

૧૮. આજે આ ચોપડીનો મહિમા સમજાશે નહિ. કિરણ ૪૩૫

૧૯. આ પુસ્તક કર્યું છે ઈ ઝીણવટથી વાંચો તો ખબર પડે. કિરણ ૪૩૬

૨૦. ઓહોહો !!! આ તો કોઈ વાતો છે ! આ તો અક્ષરધામની વાતુ છે. કિરણ ૪૩૬

૨૧. આ ચોપડીમાં પરલોક દેખાડી દીધો. નહીતર તો પરલોક બહુ અળગો છે. કિરણ ૪૩૮

૨૨. અમે આ ચોપડામાં તેજ બતાવ્યું. આપણા દોષ સૂઝે ઈ તેજ છે, મનાશે ?

આ ચોપડીમાં એવી વાતુ જ છે. પણ ઈ જડે નહી. પણ લખનારને ખબર હોય પણ ઈ કહે તો બાપડાને મનાઈ નહી. તો જ આ ચોપડીના

રસની ખબર પડે. પરલોકનો રસ લખ્યો પણ અનેક પ્રકારનો રસ લખ્યો. ચોપડામાં ઝાઝી સૂક્ષ્મ દેહની જ લેન બતાવી છે. કિરણ - ૪૪૧

૨૩. સાક્ષાત્ સવિતાને અનુસારે અર્થ કરીએ તો સાધુ સમાગમ કરીએ તો આપણી ખામી દેખાય. ઈ ખામી દેખાય ઈ જ અક્ષરધામમાં લઈ જાય. સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે ઝાઝી બુદ્ધિવાળો છે એને પોતાના દોષ સૂજતા નથી ને થોડી બુદ્ધિવાળો છે એને પોતાના દોષ સૂજે છે. કિરણ ૪૪૨

૨૪. આપણે બાર પડયા છીએ તે આપણા શાસ્ત્રનું કોઈ ખંડન નહી કરી શકે. કિરણ ૪૪૪

૨૫. પ્રગટ ભગવાનના ઉપાસી છે એને આ ગ્રંથ સુખદાયી છે ને પરોક્ષ ભગવાનના ઉપાસી છે એને તો શૂળી સમાન છે. હયાતીમાં બધાયને આનંદ આપ્યો પણ હવે ગ્રંથ રહેશે ત્યાં સુધી

આનંદ આવશે. હેત હશે એને. કિરણ ૪૪૯

૨૬. જેને દોષ ટળી ગયા એને આ વાકય, આ લીલા ને આ ગ્રંથ બહુ સુખદાયી થાય. ને જેને દોષ નથી ટળ્યા એને છે અમૃત પણ સોમલખાર જેવું લાગે. કિરણ ૪૫૧

૨૭. આ થોડાકમાં આખું શાસ્ત્ર સમજાવી દીધું. નકર તો વિચાર થઈ પડે કે પરલોકમાં સુખનો વિભાગ કેમ પાડવો ! એનું મૂળીયું કહી દીધું. આ ચોપડીનો હેતું કહી દીધો. કિરણ ૪૫૭

૨૮. બીને ભોંમા નાખો ને નાકુ ઊંધુ પડે તોય કોંટો બારો જ નીકળે એમ આટલી વાત કરી એમાં કેટલાય ઊંધા પડશે પણ લખનારે સવળું કરીને લખી નાખ્યું. ને ઓલ્યાને તો નાકું ઊંધુ રહી ગયું. સવળું સમજવું બહુ કઠણ છે. કિરણ ૪૫૯

૨૯. આ આપણી ચોપડીનુ કૃષ્ણવલ્લભાચાર્યજી જેમ છે એમ જ કહે. કિરણ ૪૬૮

૩૦. પુસ્તકમાં વાત મેલી હોય ઈ બહુ વિચારીને મેલવી પડે. નકર આ સભા માન્ય કરે પણ બીજી સભા માન્ય ન કરે. કિરણ ૪૭૫

૩૧. આપણે લખ્યું છે ઈ તો સુખિયા રહેવા માટે અને સુખિયા રાખવા માટે જ રાખ્યા છે. છપાતું તું ઈ મંડયું વંચાવા, લાભ લેનારા મંડયા લાભ લેવા. બીજા આળસમાં રહી જશે. કિરણ ૪૭૬

૩૨. સાક્ષાત્ સવિતા વાંચો ઈ જ તમને અંતકાળે તેડવા આવે. કિરણ ૪૯૧

૩૩. નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરુપ નિર્દોષ કહ્યું છે. તેમ મહારાજનું સ્વરુપ પણ નિર્દોષ સમજવું. તેમ જ મોટા મોટા સાધુને પણ નિર્દોષ સમજવા. ભકતનો પક્ષ રાખે ઈ સનાતન બ્રહ્મ છે. કિરણ ૪૯૫

૩૪. દરરોજ વાંચો તો ય મીઠી લાગે એવી વાત છે. કિરણ ૪૯૭

## સંસ્થાકીય ઉદ્દેશો

- ✠ શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે સત્સંગ વિચરણ, સત્સંગ સભાઓ, સત્સંગ શિબિરો દ્વારા શ્રીજી મહારાજ અને નંદસંતોના સિદ્ધાંતોનો પ્રસાર અને પ્રચાર કરવો.
- ✠ શ્રી સહજાનંદ સંસ્કાર ધામ, મહામંત્રપીઠ ફરેણી ખાતે નૂતન સભાખંડ, નૂતન સ્વામિનારાયણ અતિથિ ભવન, નૂતન સાધુ આશ્રમ અને નૂતન ભોજનાલય વગેરેનું નિર્માણ કાર્ય.
- ✠ નિવૃત્ત જીવન તેમજ ધર્મપરાયણ જીવન વ્યતિત કરવા ઈચ્છતા કોઈપણ ગૃહસ્થીઓ માટે સુવિધા સંપન્ન સુંદર “શાંતિનિકેતન” યોજના.
- ✠ આર્થિક રીતે નબળા પરંતુ અભ્યાસમાં પ્રવીણ બાળકો માટે કેળવણી યોજના.
- ✠ બાળ, યુવા અને મહિલા મંડળો દ્વારા ધાર્મિક તેમજ સામાજીક પ્રવૃત્તિઓ.
- ✠ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ વગેરે દેવ સંબંધિ આપત્તિઓમાં સહાય.
- ✠ ધાર્મિક પુસ્તકો તેમજ સીડી, વીસીડી, ડીવીડી અને એમપી-૩ દ્વારા ધાર્મિક સાહિત્ય પ્રકાશનો.
- ✠ આધિ, વ્યાધિ, ઉપાધિ-ત્રિવિધ તાપના શમન માટે ભક્તચિંતામણિ પારાયણો.